ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૧ || અંકઃ૧૦ || ઓક્ટોબર ૨૦૧૯ || સળંગ અંક : ૫૭૬

# વિ-વિદ્યાનગર



कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in




ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈલસાસ કોલેજે સરદાર પટેલ યુનિવર્સિટી આયોજીત યુવક મહોત્સવ ૨૦૧૯માં સતત ચોથી વખત અજય વિજય પ્રાપ્ત કરી ચેમ્પીયન બનતા સંસ્થાને વિજેતા ટ્રોફી અર્પણ કરતા કુલપતિશ્રી ડૉ.(પ્રો.) શિરીષ કુલકર્ણી દૃષ્યમાન થાય છે. ઇનસેટમાં યુવક મહોત્સવમાં રનર્સઅપ બનેલી સી.વી.એમ સંચાલિત સેમકોમ કોલેજનાં વિદ્યાર્થીઓ તથા આચાર્યા ડૉ. વહિદા થોમસ, પ્રાધ્યાપક ડૉ. સર્વેશ ત્રિવેદી તથા આદરણીય અધ્યાપક ગણ તથા સ્ટાફ ગણ દૃષ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ સચાલિત વી.પી. એન્ડ આર.પી.ટી.પી સાયન્સ કોલેજ ખાતે યોજાયેલ કાનૂની માર્ગદર્શન કાર્યક્રમ પ્રસંગે લેવાયેલ તસવીરમાં જિલ્લા પોલીસ વડા શ્રી મકરંદ ચૈહાણ, શ્રી મનીષભાઈ જૈન, ડી. ડી. સીમ્પી, પો. ઈ., જીતુભાઈ પ્રયદર્શી, ચા.વિ.મં.ના માનદ્ મંત્રી ડો. એસ.જી. પટેલ, આચાર્ય ડો. ભાવેશ પટેલ, ડો. હર્ષદ પટેલ, શ્રીરંજની મેનોન, ડો. પરેશ વ્યાસ , શ્રી સાધું નજરે પડે છે.




તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

# વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ઓક્ટોબર – ૨૦૧૯
વર્ષઃ ૨૧ અંકઃ ૧૦
સળંગ અંકઃ ૫૭૬

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષઃ ૧૯૪૫


कर्मण्येवाळित्कारस्ते


અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ
કુલપતિ
ડૉ. ભાવેશ પટેલ
માનદ સહમંત્રીઓ
શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ • શ્રી આર.સી. તલાટી
• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**तं चेद्वायौ सरति सरलस्कन्धसङ्घट्टजन्मा**
**बाधेतोल्काक्षपितचमरीबालभारो दवाग्निः।**
**अर्हस्येनं शमयितुमलं**
**वारिधारासहस्त्रैरापन्नार्तिप्रशमनफलाः सम्पदो**
**ह्युत्तमानाम्**

સંદર્ભ કાલિદાસ ગ્રન્થાવલી

हे मित्र! अन्धड़ चलने पर देवदार वृक्षो के आपस में रगड़ लगने से जब वन में आग लग और उसकी उड़ती हुई चिनगारियाँ चमरीगाय के लम्बे-लम्बे रोएँ जलाने लगें, तब तुम धुआँधार पानी बरसाकर उसे वुझा देना। क्योंकि लोगों के पास जो कुछ भी रहता है, वह दीन-दुःखियों का दुःख मिटाने के लिए ही होता है।


।। કુલપતિની કલમે ।। Draft National Education Policy (DNEP) 2019
**» ડૉ. ભાવેશ પટેલ..........................૦૩**

।। પ્રાથમ્ય ।। સકારાત્મક ઊર્જા સંરક્ષણ
**» એસ.જી.પટેલ..............................૦૫**

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
**» લલિતજી, પ્રેમશંકર ભટ્ટ, જુગતરામ દવે ....૦૭**

।। નવાં કાવ્યો ।।
**» પારુલ એચ. ખખ્ખર, બેન્યાઝ ધ્રોલની, રાકેશ હાંસલિયા, એસ. એસ. રાહી, નિલેષ મિડિયા .૦૮**

।। ગદ્ય વિભાગ ।। સોપાન
**કાકાસાહેબ કાલેલકર ..........................૧૦**

।। વિશેષ ।। ગાંધીજી-વિવાદોની પારનું વ્યક્તિત્વ-૧
**» નરેશ વેદ ..................................૧૧**

।। વિહંગાવલોકન ।। રાષ્ટ્રીય શિક્ષણ નીતિ
**» સૂર્યકાંત વિ. વૈષ્ણવ........................૧૩**

।। સંશોધન ।। મધ્યકાલીન ભક્ત કવિ દયારામના ગુરુ: ઇચ્છારામ ભટ્ટ
**» શ્યામ ખંભોળજા ..........................૧૬**

।। વાર્તા ।। નિયતિ
**» મનીષા મકવાણા............................૧૮**

।। નિબંધ ।। વતનના ઘરની તરસ
**» ભગીરથ બ્રહ્મભટ્ટ ..........................૨૨**

।। જ્ઞાન-વિજ્ઞાન ।। Ethnobiology: Facts, Facets and Future
**» Hiren B. Soni..........................૨૩**

।। વ્યક્તિત્વ ।। સરદાર પટેલઃ ધ બોસ
**» દિવ્યાંશુ કે. વોરા...........................૨૯**

।। આયુર્વેદ ।। અશ્મરી(પથરી)-એક અસહ્ય રોગ
**» દક્ષા રાઠોડ ..............................૩૨**

।। રમત-જગત ।। યુ એસ ઓપન ચેમ્પિયન શીપ-૨૦૧૯
**» પી.ડી. શર્મા.............................. ૩૮**

।। વિદ્યાવૃત્ત ।।
**» ૧૦, ૧૫, ૨૧, ૨૮, ૩૧, ૪૦**

# Draft National Education Policy (DNEP) 2019

Dr. Bhavesh Patel

We had started looking at the history of education in India and in the last article, we reach the stage of independence. In a natural sequence, we planned to cover education policy in the post-independent India till-date.

Independent India had first adopted the education policy in 1968 when Prime Minister Indira Gandhi was in power, and then in 1986 when Rajiv Gandhi was the Prime Minister. Now the Draft National Education Policy 2019 is in our hands. Meanwhile, there were quite a few other initiatives either as (a) Modification in policy in 1992 by Prime Minister Narsimha Rao, or (b) Programme of Action, a new policy in 2005 based on the common minimum programme of United Progressive Alliance government, and (c) Several other important steps in-between the policies for addressing pressing needs of the nation.

Let us look at the gist of the Draft National Education Policy 2019. The HRD Ministry had started a massive dialogue in January 2015 followed by the constitution of a Committee for Evolution of the New Education Policy, which submitted its report in May 2016. This report was titled "Some Input for the Draft National Policy 2016". Subsequent to that, in June 2017 a Committee to Draft National Education Policy was set up under the Chairmanship of Dr. K. Kasturirangan, former Chairman, ISRO who submitted the 484-page long draft report on 15th December 2018, which was released on 31st May 2019 for national debate.

The DNEP has suggested the following new structure of education:

**School Education**

The DNEP has suggested a fundamental change in the school structure, wherein the schooling up to grade 12 is divided into four stages as below:

- Foundation Stage:
  - Age 3-4-5: Pre-primary school; RTE applies at this stage; Anganwadi to be brought as part or close to Pre-primary schools as far as possible.
  - Grades 1-2: Primary stage.
- Preparatory (or later primary) stage: Grades 3-4-5.
- Middle (or upper primary) stage: Grades 6-7-8.
- Secondary stage: Grades 9-10-11-12: multi-disciplinary study; semester study; 5 to 6 subjects every semester; this eliminates the notion of higher secondary or junior college.

It is also suggested that a semi- autonomous unit and public schools shall be brought together to provide integrated education from early childhood to secondary education.

With in the above school structure, it has been proposed that,

- Vocational education shall be introduced in school education.
- Student-teacher ratio shall not exceed: 30:1.
- The vernacular language shall be the medium of instruction, where possible, up to grade 5 but preferably up to grade 8.

- Three language formula shall be followed from grade 6.
- Sanskrit shall be the optional language at all levels of school and higher education.

The DNEP made an ambitious proposal that pre-school to 12th education shall be free and compulsory; that Right to Education Act 2009 shall be extended to cover children of ages 3 to 18; and during the entire schooling, the pedagogical structure shall be focussed on the cognitive and socio-emotional development of children.

Along with this, the Committee has proposed fundamental changes in teacher education and recommended closing sub-standard institutions in this field. The 4-year B.Ed. programme will finally be the minimum degree qualification for teachers.

**Higher Education**

The concept of affiliation shall be eliminated and colleges currently affiliated with state Universities shall be de-affiliated and the state Universities shall function with its academic departments as stand-alone Universities. The current complex classification of Universities like ‘deemed-to-be-University’, ‘affiliating University’, ‘unitary University’, and more shall be eliminated and three-tier of institutions shall be reconstructed as (a) Research Universities, (b) Teaching Universities and (c) Teaching Colleges and known as public, private or private-aided.

The DNEP has favoured even four-year degree programmes, in addition to three-year degree programmes having multiple exits and entry options. The importance of liberal arts and life skills is also recognised by this draft.

The DNEP has made many suggestions for restructuring the regulatory and funding agencies. For example, (a) All regulatory agencies shall be replaced with National Higher Education Regulatory Authority (NHERA); (b) All regulatory bodies like AICTE, NCTE and others shall be converted into Professional Standard-Setting Bodies (PSSBs), (c) Establishment of National Research Foundation (NRF) while retaining funding agencies like DST, ICSSR and other; (d) NRF shall provide research funds to private colleges/ Universities also; (e) NAAC shall recognise colleges and Universities with “Yes/ No” and drop the rating mechanism; (f) HRDCs shall be merged with Universities of multi-disciplinary. Research Universities and Teaching Universities shall be known as Universities of multi-disciplinary

The DNEP suggested renaming of MHRD as Ministry of Education (MoE) and creating a new apex body Rashtriya Shiksha Ayog with the purpose of (a) Enabling a holistic and integrated implementation of all educational initiatives, (b) Programmatic interventions and (c) Achieving coordinating efforts between the Centre and States.

We will revert to the post-independence education policies in India in the next articles before we come back to this DNEP 2019 and comment on it.

Kulpati
Charutar VidyaMandal

## સકારાત્મક ઊર્જા સંરક્ષણ

એસ. જી. પટેલ

કોલેજનો અધ્યાપક ખંડ સામાન્ય રીતે ઘોંઘાટવાળો હતો. આપણે વિચાર કરીએ તો વિદ્વાન વ્યાખ્યાતાઓ કે પ્રોફેસરો વર્ગ શિક્ષણ પૂરું કર્યા પછી શાંતિ ઝંખતા હોવા જોઈએ પણ એવું બન્યું નહીં. બધા પોતાના વર્ગકાર્યથી પરત ફર્યા પછી જુદી જુદી જાતની દલીલબાજી કરવામાં એટલા મોટેથી વાતો કરતા હતા કે જાણે શેર બજારમાં ઊભા હોય. તેઓ એકબીજાની કે જેઓ હાજર નથી તેમની કૂથલી કરવામાં મશગૂલ હતા.

આ વાતાવરણમાં એક નોંધપાત્ર અપવાદ જોવા મળ્યો. એક અધ્યાપિકા બેન નિરાંતે બારી નજીકની ખુરશી પર બેઠાં હતાં કે જ્યાંથી તે બારી બહારનું કુદરતી સૌંદર્ય માણી શકે અથવા ઈચ્છા મુજબનો અભ્યાસ પણ કરી શકે. તેણી હંમેશાં શાંત, પવિત્ર, ધૈર્ય, નમ્રતા અને મધુરતાના ગુણોથી પ્રસન્ન ચિત્તવાળા વ્યક્તિત્વ ધરાવતાં હતાં. તેમની પ્રકૃતિના પરિણામે તેઓ વિદ્યાર્થીઓ અને બુધ્ધિશાળી સંશોધકોના પ્રીતિપાત્ર બન્યા હતા. તેણીએ યુકેલીપ્ટસ ઓઈલના વિષય આધારીત સંશોધન કરી પીએચ.ડી.ની પદવી મેળવી હતી.

એક દિવસે નવા નિયુક્ત વ્યાખ્યાતાને પેલા શાંત અધ્યાપિકા કૉલેજની કોરીડોરમાં મળ્યા. તેમણે બેનને પૂછ્યું કે ''હું તમારી સાથે બે મિનિટ વાત કરી શકું?'' બહેને સંમતિ આપી. ભાઈએ પોતાનો પરિચય આપતાં પોતે આ કોલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા ત્યાં સુધીનો ઘટનાક્રમ વર્ણવ્યો. પેલાં બહેને નવાંગતુક વ્યક્તિને શાંતિથી સાંભળ્યો. પછીથી તેણે બહેનને પ્રશ્ન કર્યો કે ''અધ્યાપક ખંડમાં થતાં ઘોંઘાટીયા વાતાવરણમાં તમો કેવી રીતે સ્થિતપ્રજ્ઞ રહી શકો છો?'' બહેને વળતો પ્રશ્ન પૂછ્યોઃ શું તમો અહિયાં વિશ્વ બદલવા માંગો છે કે તમારી જાતને બદલી, તમો જેવા છો તેમાંથી આગળ વધી સફળ થવા માંગો છો? પેલા ભાઈએ જવાબ આપ્યોઃ હું મારી જાતને બદલી સફળ થવા માંગુ છું બહેને સલાહ માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, ''તમારી આસપાસ એવું ઊર્જા ક્ષેત્ર બનાવો કે જેથી તેમાંથી ઉદ્‌ભવતાં વિકિરણો તમને નકારાત્મક વિચારોથી સલામતી બક્ષે અને બીજાઓને પણ ઉપયોગી થાય. નકારાત્મકતા એકબીજાની કૂથલી અને બિનજરૂરી દલીલબાજીથી જન્મતી હોય છે. આગળ વધતાં બહેને સમજાવ્યું કે તમારે તમારા મનમાં ઉદ્‌ભવતા વિચારો, લાગણીઓ, યાદદાસ્ત, વલણો અને પ્રભાવશાળી વ્યકિતત્વની જે છાપ ઊભી થાય છે તેની સતત કાળજી રાખવી પડશે.

આ બધા સદ્‌ગુણોથી એક વિશિષ્ટ પ્રકારની ઊર્જાનું જીવંત આવરણ રચાય છે, તેમાંથી ચારે બાજુ તાજગીનું પર્યાવરણ સ્થાપિત થતું હોય છેઃ તેથી તમારે ધ્યાન રાખવું કે એ બધી બાબતો શુધ્ધ અને સકારાત્મક જ હોય. આ ઊર્જા સતત આજુબાજુના લોકો સુધી પહોંચતી અને સ્પર્શતી હોય છે. કદાચ, લોકો તમારી સાથે નકારાત્મક વર્તાવ કરે તો તમારી પોતાની સકારાત્મક ઊર્જાથી સંરક્ષણ કરી, નકારાત્મક ઊર્જા પરાવર્તન પામી અન્ય દિશામાં વાળી દેતાં સલામતી પામશો. આમ કરવાથી તમો એકબીજાની નિંદા અને દલીલબાજીથી બચી જશો. તમારી તીવ્ર ઈચ્છાશક્તિથી જ તમારો સ્વભાવિક બચાવ થઈ જશે. તમારી શુધ્ધ મતિ અને ગતિથી ક્રમશઃ આસપાસના લોકો ઉપર સારી અને પવિત્ર ઊર્જાનો પ્રભાવ પડશે. તમે પર્યાવરણ બદલી શકતા નથી, જ્યાં સુધી તમારી પાસે પૂરતું રક્ષણ અને નકારાત્મક્તાને જતી કરવાની આવડત હોય. એક નાનકડો નકારાત્મક ભાવ તમને ડૂબાડી દેશે. કોઈપણ બાબતનો લગાવ તમારે છોડવો પડશે. ગુસ્સાને બાજુ પર બેસાડી દેવાનો. એવું શીખી લેવું જરૂરી છે કે તે પોતે ટીકાઓ અને દલીલોથી પર્યાવરણને બદલી શકવાના નથી. તે માત્ર આદર્શ વ્યક્તિની શક્તિ, શાંતિ ધારણ કરવાની શક્તિ અને સકારાત્મકતાની તેજાવરણની સાથે શાહી સ્વભાવ ધારણ કરતા હોય.''

આવી સાંભળેલી વાતોને સરળતાથી સમજીને પચાવનાર વ્યક્તિ શ્રેષ્ઠ શિક્ષક બની વિદ્યાર્થીઓમાં સદ્‌ભાવના ધારક અને પોષક બની ગયો. આવા પ્રકારની બીજી એક ઘટના પણ પ્રેરક બની શકે. એક ક્રિકેટ કેપ્ટન તેની ટીમ માટે પરિવર્તનચાહક હતો. તેની ટીમમાં જૂનવાણી વિચારસરણીનો બદલાવ લાવવા ઉત્સુક હતો. તેણે કેટલાક નવા ખેલાડીઓનો જુના ખેલાડીઓ સાથે ઉમેરો કર્યો. તેણે નવા જોડાનાર ખેલાડીઓના સમૂહને એકત્ર કર્યા અને પોતાની સમજ પ્રમાણેની દરેક પાસેની અપેક્ષાઓ અને પોતાનો સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી ઉચ્ચારી. કેપ્ટને બોલવાનું ઓછું કરી દીધું. એકવાર લાગતા વળગતા ખેલાડીઓ સાથે પ્રાથમિક ચર્ચા વિચારણા કરી લીધા પછી બધાને મુક્તિ આપવામાં આવી. જેથી જે તે ખેલાડી પોતાની બધા જ કૌશલ્યો અને તાકાતનો ઉપયોગ કરી રમતમાં

મહત્તમ પ્રદાન કરવા કટીબધ્ધ બન્યા. રમતના મેદાન પર કેપ્ટન શરીરના હાવભાવ દ્વારા કંઈપણ શાબ્દિક વાત કર્યા સિવાય બધા ખેલાડીઓ માટે પ્રોત્સાહક બન્યો. તે સતત બુધ્ધિગમ્ય કવાયત દ્વારા જરૂરિયાત મુજબ ખેલાડીઓને મેદાન પર યોગ્ય સ્થાને ગોઠવતો રહ્યો. નવા આવેલા ખેલાડીઓ પણ કેપ્ટનના વિચારોની સંવેદના પારખી લઈ તેના નિર્ણયોને વધાવી લઈ તેનું સો ટકા પાલન કરતા હતા. જુના અને અનુભવી ખેલાડીઓ પણ કેપ્ટનના બધા જ નિર્ણયો સાથે સહમત થઈ તાલમેલથી રમતને જીવંત બનાવતા હતા. માત્ર રમતની શરૂઆત પહેલાના વાર્તાલાપ પછીથી કંઈ જ બોલવાનું રહેતું નથી. રમત શરૂ થતાં બધાં જ ખેલાડીઓ ઉત્સાહપૂર્વક રમતની મજા માણતાં દરેક પોતપોતાનાં રોલ સર્વોત્તમ રીતે બજાવતા. કેપ્ટને મેદાનની પીચ કેવી રહેશે તેના વિષે અણસાર બધાને આપી દીધો હતો. બધા જ ખેલાડીઓએ નવાઈ પામી જવાય તે રીતે રમતને દીપાવી બેટસમેન સમજી જતા હતા કે કયા સંજોગોમાં કોણે શું કરવાનું છે. કેપ્ટને પોતાના મનમાં ચાલતાં વિચારોના એવા સબળ Vibrations ચારેબાજુ ફેલાવતા રહ્યા કે જેથી બધા જ બોલરો અને ફિલ્ડરોમાં જોમ અને જુસ્સો અવિચળ સચવાઈ રહે. ક્યાંક જરૂર પડે તો જ સામાન્ય સુધારો કરવા સૂચન કરી લેતો. કેપ્ટને પોતાની વિચાર શક્તિનો ભરપૂર ઉપયોગ કર્યો અને તેનાથી સર્જાતી સકારાત્મક ઊર્જાની બધાજ ખેલાડીઓના માનસ પર ઊંડી છાપ પડતી ગઈ. સામાન્ય રીતે લોકો બીજાના સલાહ સૂચનો લેવાનું પોતાના સ્વમાનના ભોગે પસંદ કરતા નથી. કદાચ એવું પણ બને કે કોઈક સલાહ આપી હોય છતાં તેનો ઉપયોગ યોગ્ય સમયે કરવાનું ચૂકી પણ જવાય. માટે પેલા કેપ્ટનની જેમ આપણા વિચારોની આંતરિક શક્તિને કામે લગાડી અસંભવ લાગતાં કાર્યો સંભવમાં રૂપાંતર કરી શકાય. જુઓને આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારોની તાકાતના જોરે ઘણાં કાર્યો જેને આપણે અસંભવ ગણતા હતા તેને આ જગતમાં સંભવિત બનાવી શ્રેષ્ઠતાના શિખરો સર કરી રહ્યા છે.

ઉપરોક્ત બંને ઘટનાઓમાંથી સમજી શકાય છે કે આપણામાં સમાયેલ ઊર્જામાંથી સકારાત્મક ઊર્જાને ક્રિયાશીલ બનાવી નકારાત્મકતાથી સહજ બચી શકાય છે. આમ સકારાત્મકતા વધારવાના બીજા કેટલાક ઉપાયો અજમાવી શકાય એમ છે. જેમ કેઃ

૧. દરરોજ ૨૦ થી ૩૦ મિનિટનો સમય એકાંતમાં વિતાવો. તે દરમ્યાન સકારાત્મક વિચારોનો પ્રવાહ વહાવો.

૨. આપના ગમે તેટલા વ્યસ્તતા ધરાવતા કાર્યક્રમો હોવા છતાં સમયની અનુકૂળતા ઊભી કરી ૬ થી ૮ કલાક ઊંઘ મળી રહે તેવું દૈનિક સમયપત્રક અપનાવો.

૩. જો આપને નકારાત્મકતાથી જોવાની ટેવ પડી ગઈ હોય તો આપણે પ્રતિજ્ઞા લેતા હોઈએ તેવા સમર્થનના ભાવો કેળવવા. આપના મોબાઈલ ફોનમાં Think Right. me નામની એપ્લીકેશન ડાઉનલોડ કરી તેમાં આવતી ૪ થી ૫ મિનિટનાં સકારાત્મક સભર સંવાદો સાંભળો અને એના જેવા ભાવોની અનુભૂતિ કરતા રહો.

૪. તમો જે કોઈ નોકરી-ધંધામાં જોડાયેલા હો કે જેનાથી તમારું જરૂરી અર્થોપાર્જન થાય, છતાં તમારી જે કોઈ મનપસંદ પ્રવૃત્તિ હોય તે માટે દરરોજ સરેરાશ એક કલાક જેટલો સમય તમારા પોતાના આનંદ અને વિકાસ માટે ફાળવો.

૫. તમારા રોજિંદા કામથી ક્યાંક તણાવ અનુભવતા હો તો તણાવમુક્ત થવાય એવી પ્રવૃત્તિ દ્વારા તમારી આસપાસ સ્ફૂર્તિજનક Auro ઉત્પન્ન થાય એવો મંત્રજાપ અથવા સંગીત માણો.

૬. આપણી સાથેની કોઈ વ્યકિત સતત નકારાત્મક દૃષ્ટિથી ટેવાઈ ગઈ હોય તો પણ આપણી ધીરજ ગુમાવ્યા સિવાય આપણો વર્તાવ સતત સકારાત્મક રહે તે માટે સાવધ રહો. અને જરૂરિયાત સમજી લઈ કુનેહપૂર્વક વિષયાંતર કરી લો.

૭. સંવાદ જો ઉગ્રતામાં પરિવર્તિત થઈ જાય તો સમસ્યાના સમાધાનના વિવિધ વિકલ્પો સૂચવી ગંભીર વાતાવરણને સહજતામાં ફેરવો.

૮. કોઈ વ્યક્તિ સાથેના અધિરાઈભર્યા સ્વભાવથી તંગ આવી જવાય તો મક્કમતાથી મૌન ધારણ કરી લો જેથી એકપક્ષીય લવારો થોડાક સમય પછી બંધ થઈ જશે.

૯. આપણી નિવાસની જગ્યામાં જો અવ્યવસ્થા સર્જાય તો પણ નકારાત્મક ઊર્જા વધી જાય છે. એવા સંજોગોમાં આપણી કાર્યસાધક વ્યવસ્થાની પુનઃગોઠવણી કરી લેવાથી ઊર્જામાં ગુણવત્તા યુક્ત સુધાર આવી જશે.

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યાનમંડળ, વિલ્લભ વિદ્યાનગર

## મનમોહન ગાંધીજીને

**લલિતજી**

ગાંધી તું હો સુકાની રેઃ
સાચો હિન્દવાન!
હિન્દની જિંદગી અમારી-
અફળાતી અસ્થિર ન્યારી-
તેને જોગવતો તું હો સુકાની રેઃ સાચો હિન્દવાન!
રાજ્ય પ્રજાના હિતનું-
મન્થન દેશે છલકાતું-
નવનીત ઉતારે તું હો સુકાની રેઃ સાચો હિન્દવાન!
જનતાના જગ મહારાજ્યે-
હિન્દીજન તણા સ્વરાજ્યે-
ગજવે હિન્દી હાક તું હો સુકાની રેઃ ચાચો
હિન્દવાન!

હિન્દી જાત જ જન્માવી;
જગમાં વિખ્યાત બનાવી-
ધપાવે સત્યાગ્રહે તું હો સુકાની રેઃ
સાચો હિન્દવાન!

મનમોહન, ઉદાર ભાવે,
વીરતાના પ્રસંગ લાવે,
હિન્દહિત કસ્તૂરી મૃગ! તું હો સુકાની રેઃ
સાચો હિન્દવાન!

સુદામાપુરના દીપક!
શ્રી કૃષ્ણનાં જગાવે સ્મારકઃ
ભારત નાવિક વીર તું હો સુકાની રેઃ
સાચો હિન્દવાન!

ગાંધી! તુજ સુજોડ પગલે,
હિન્દ-સંતતિ સંચરિયે!
શાંતિ જાય પ્રભુ અર્પે! તું હો સુકાની રેઃ
સાચો હિન્દવાન!

## કથામાં વાંચ્યું'તું

**પ્રેમશંકર ભટ્ટ**

કથામાં વાંચ્યું'તું દધીચિ ઋષિએ હાડ નિજનાં
દીધાં'તાં દેવોને, સત વિજયી થાયે અસત પે
ભરીને આકાંક્ષા હૃદયમહીં એ અર્પણ સમે!
વળી વાંચ્યું'તું કે સરજ્યું ઋષિનાં હાડ દૂબળાં
ઘડી ઈંદ્રે વજ્ર પ્રલયરૂપ જાણે જ સજીવ!
અને એને વીંઝી સુરપતિ દમંતો અસુરને!

વીત્યાં વર્ષો કોટિ, યુગ યુગ જૂની એ સુરકથા
પરંતુ એથી યે અધિક બલિદાને ભભકતી
કથા ગાંધીજીની-મનુજની-અહો પૃથ્વી પરની!
વીંટાયું ઝાળોમાં જગત બધું, કાંપે ધરતી, ને
પીંખાયું માનવ્યે, શુભ સકલ હિંસાદવ ભર્યું;
ત્યહીં અર્પી આયુ મલકત મુખે તર્પણ કર્યું!

શમો વૈરાગ્નિ, ને સતઅસત યુદ્ધો જ અટકો,
કથા થાઓ સાર્થા, મનુજઉર માંગલ્ય ઝલકો!
દધીચિ-ગાંધીજી કેરી-સ્વર્ગ પૃથ્વી તણી કથા,
સફલા સદ્ય થાઓ ને વિરમો વૈરની વ્યથા!

## ગાંધીસ્તોત્ર

**જુગતરામ દવે**

એનું જીવનકાર્ય અખંડ તપો,
અમ વચ્ચે બાપુ અમર રહો,
એના જીવનમંત્ર સમો ચરખો,
પ્રભુ, ભારતમાં ફરતો જ રહો,

અમ જીવનમાં અમ અંતરમાં,
એની ઉજ્જવળ જ્યોત જવલંત રહો,
અમ દેશનાં દૈન્ય ને દુર્બલતા
એની પાવક આતમ-જ્વાલ દહો.

એનો સત્યનો સૂર્ય સદાય તપો,
અમ પાપ નિરાશાના મેલ દહો,
એનાં પ્રેમ અહિંસાનાં પૂર પ્રભો,
અમ ભારતના સહુ કલેશ વહો.

એણે જીવતાં રામ સદાય રટ્યા;
એ તો રામ વદીને વિદાય થયા,
લઘુ માનવમાં મહિમા ભરવા,
નિજ લોહી અશેષ વહાવી ગયા.

## સાયબો એલચીનો દાણો

**પારુલ એચ. ખખ્ખર**

કમખાંનાં મોરલે બેસી ટંકાણો
ને પાલવની ગાઠે બંધાણો
કે સાયબો એલચીનો દાણો

મારામાં સંતાઈ છાનેરું મ્હેકે
હું ગોતી ગોતીને કંઈ થાકું
નજરે ચડે તો શિખામણના બોલ કહી
આંખ્યોની પછવાડે ઢાંકું
આ તો અકોણો, ના સામે આવ્યો ને તોય
કસ્તુરી જેમ ઓળખાણો
કે સાયબો એલચીનો દાણો

આઠે પહોર મને અડતો રહે, નડતો રહે
તો યે ન કેમે ધરાતો
ચોરી છૂપીથી એક મરકલડું ફેંકુ ત્યાં
આકૂડો અભરે ભરાતો
સાત સાત જન્મોથી ઓળખવા મથતી'તી
ચપટીમાં આજ સમજાણો
કે સાયબો એલચીનો દાણો

તાંબાના પતરે શું આળખવા અક્ષર
શું કોતરવી પથ્થર પર વાણી
લોઢા પર લીટી તાણીને શું કરવાનું
રાજાને ગમતી આ રાણી
'મરતા લગી ન સાથ છોડું ગોરાંદે' કહી
હૈયાના બોલે બંધાણો
કે સાયબો એલચીનો દાણો.

'તીર્થ', ૧૫૩-ગુરૂકૃપા નગર, ચિતલ રોડ,
અમરેલી-૩૬૫૬૦૧, Mo- 9429889366

## આસ્વાદ કરજે તું પછી

**બેન્યાઝ ધ્રોલની**

**ગઝલ**

શબ્દના જખ્મો દીધા ફરિયાદ કરજે તું પછી,
ઘા ગઝલના છે ઊંડા, સંવાદ કરજે તું પછી.

સ્મિતની કર દાસ્તા થોડીઘણી મધરાતના,
આંસુ ભીતર એક બે અનુવાદ કરજે તું પછી.

થાય છે કેદી કમળની રેહબર નીચે ભ્રમર,
ને પ્રભાતે ગૂંજને આઝાદ કરજે તું પછી.

એક ચહેરાની ગઝલ આખી લખી આપી તને,
દર્પણે ઊભા રહી આસ્વાદ કરજે તું પછી.

આંસુ મારા જે સ્મરણ કિલ્લે જ પડઘાયા કરે,
ડૂસકાના ભાગ્યપર વિવાદ કરજે તું પછી.

સ્મૃતિઓ ''બેન્યાઝ'' બેઠી ભેખડે એકાન્તમાં,
ક્ષણ નદી કાંઠે જ બેસી યાદ કરજે તું પછી.

કાઝી વોંચ કંપની જેલ રોડ, કાપડ બજાર
ધ્રોલ-૩૬૧૨૧૦, જિલ્લોઃ જામનગર,
Mo- 9049913356

## ગઝલ

રાકેશ હાંસલિયા

આજ તો વર્ષા ય અવસર થઈ ગઈ,
સીમ આખી આયનાઘર થઈ ગઈ!

વાદળો એવી રીતે વરસી પડ્યાં,
ગારની ભીંતો ય ખેતર થઈ ગઈ!

આંગણામાં એમનાં પગલાં પડ્યાં,
ઝૂંપડી બે વેંત અધ્ધર થઈ ગઈ!

મેં તો એમ જ ચીંધી એના ઘર તરફ,
આંગળી મારી તવંગર થઈ ગઈ!

મેલીઘેલી એક માતાએ જરા,
ફૂલને તેડ્યું તો સુંદર થઈ ગઈ!

દીકરો મોટો થયાની છે ખુશી,
ખેદ છે કે ટૂંકી ચાદર થઈ ગઈ!

નીકળ્યો 'રાકેશ' અહીંથી હાઈવે,
કેટલી કેડીઓ પડતર થઈ ગઈ.

'સૌમ્ય', સિલ્વર ગોલ્ડ રેસીડેન્સી-૬,
બ્લોક નં.-૨૫, 'ગોલ' રેસીડન્સીની
પાછળ,નાનામવા રોડ, રાજકોટ-૪,
મો. ૯૮૨૪૮૮૫૪૧૬

## તરગાળા છે

એસ. એસ. રાહી

મુશ્કેટાટ એ જાળા છે
જખ્મોના સરવાળા છે

તરકોશી* ઊભું છે ત્યાં
પીડાના પરવાળા છે

બાળક પૂછે સૂરજને
શાને તડકા કાળા છે

યોદ્ધાઓની કબરો પર
કબૂતરોના માળા છે

તેને બાવળ કહેશો ના
તે પળના ગરમાળા છે

રાત-દિવસ નાચે-કૂદે
ભઈ, એ તો તરગાળા છે

» તરકોશી= ત્રણ થાંભલાનું વહાણ

ઈઝ્ઝી સોસાયટી, પ્લોટ
નં.૧૩, રૂપી બેન્ક
પાછળ, પરમાર પવન
સામે, કોંઢવા, પૂના
૪૧૧૦૪૮,
મો. ૦૯૩૭૩૧૩૭૯૫૨

॥ પાંગરતી પ્રતિભા ॥

## વિકસિત સ્વચ્છ ભારત

નિલેષ મિડિયા

ગાંધીના તે સ્વચ્છ ભારતમાં હું ખાદી
પહેરી ફરતો તો
સ્વચ્છતાનો તાજ લગાડી ગલીએ ગલીએ
ભમતો તો
ભાવિ હું ભારતની કલ્પના સ્વચ્છ
ભારતમાં કરતો તો
વિકાસ વધ્યો ભારતનો ને પ્રદૂષણોમાં
ઢળતો થ્યો.

પગલે પગલે હું ઉદ્યોગો ને કચરાના ઢગ
જોતો ગ્યો;
ગાંધીના શબ્દો સમરીને મનોમન હું રડતો
ગ્યો.
મનમાં ઈચ્છા ને કલ્પના સ્વચ્છ ભારતની
કરતો ગ્યો,
પણ વિકાસ વધ્યો છે ભારતનો ને
પ્રદૂષણોમાં ઢળતો થ્યો.

એક વિચાર અનેકને દઈને જાગૃતિ હું
લાવતો ગ્યો
કરોડો ને સંગે લઈને સ્વચ્છ ભારત હું
કરતો થ્યો.
સ્વચ્છ ભારતની એક કલ્પના મનમાં
સાકાર હું કરતો ગ્યો.
વિકાસ તો વધ્યો ભારતનો પણ હું સ્વચ્છ
ભારતમાં ફરતો થ્યો.

''સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત''

''અખર્વ''
એન વી. પટેલ સાયન્સ કોલેજ,
વલ્લભ વિદ્યાનગર
(જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવેલ
સ્વરચિત કાવ્ય)

॥ ગદ્ય વિભાગ ॥

## સોપાન

**કાકાસાહેબ કાલેલકર**

પગથિયાં જેમ ઘરની મોટી સગવડ છે તેમ શોભા પણ છે. પગથિયાં ચડવાં અને ઊતરવાં તેમાં બાળકોને કેટલો આંનંદ આવે છે ! પગથિયાં એ સ્વભાવે જ એક કાવ્ય છે. પૈડું જોયું કે ફેરવવાનું મન થાય જ; ધમણ જોઈ કે એને શ્વાસ લેતી કરાવ્યા વગર રહેવાનું જ નથી; તેમ જ સોપાન પરંપરા જોઈએ કે ચડ-ઊતર ચાલી જ. આનું કારણ શું? પૈડું, ધમણ અને પગથિયાં ત્રણે જીવનનાં પ્રતીક છે. જે બાળક નાનપણમાં પૈડું ફેરવવામાં રસ લેતું તે જ બાળક મોટપણમાં ભાગીરથીને કાઠે ઋષિપત્તનમાં ધર્મચક્ર ચલાવતું થયું અને આજે ધર્મચક્ર સાતે ખંડમાં પોતાની અસર જણાવી રહ્યું છે. જે બાળક લુહારને ત્યાં ધમણ ચલાવવામાં એકાગ્ર થતું એ જ બાળક મોટપણમાં સમાજમાં પ્રાણ ફૂંકવામાં પોતાનો પ્રાણ-સર્વસ્વ વાપરતું થાયતો તેમાં આશ્ચર્ય શું? અને સોપાન ચડવાનું તો દરેક જીવનું કાર્ય જ છે. કોણ જાણે કેટલાં અબજ વર્ષો વીતી ગયાં હશે, દરેક જીવ પગથિયાં ચડતો જ જાય છે. ચોરાશી લક્ષ યોનિ એ કંઈ અતિશયોક્તિ નથી; હોય તો અલ્પોકિત જ છે.

અને ઈશ્વરે પણ યોજના કેવી કરી છે! જેમ જેમ ઉપર ચડીએ છીએ તેમ તેમ આપણને વધુ ને વધુ દૂર ને દૂર દેખાય છે. જેની ઉન્નતિ થઈ છે તેનામાં દૂરદૃષ્ટિ-વિશાળ દૃષ્ટિ આવવાની જ. બાળપણનું જ્ઞાન જુઓ અને મોટપણનું જુઓ.

ત્યારે આપણે વધુ કમાવાની, વધુ સંઘરવાની ઉતાવળ શા માટે કરીએ? માત્ર મોટા થવાની આકાંક્ષા રાખીએ, ઊંચા થવાનો પ્રયત્ન કરીએ; અને તે પણ એકદમ કૂદીને નહીં, પણ સ્થિર પગલે ચડીને-એકએક પગથિયા ઉપર પોતાનો આખો ભાર મૂકીને આટલું કરીએ એટલે આપણી બાજુનું કાર્ય થઈ રહ્યું. બાકીનું બધું સોપાનેશ્વર જીવનનાથ પરમાત્માના હાથમાં છે. એણે પુરુષાર્થના સાધન તરીકે આપણને સોપાન આપ્યું છે, ચડવાની વૃત્તિ આપી છે ને સાથે કહી રાખ્યું છે-आरोहणं तु सायासम्। अनायासं तु पातनम्।। માર્ચ, ૧૯૩૪

'જીવનચિંતન'માં થી સાભાર

॥ વિદ્યાવૃત્ત ॥

**એ.ડી.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (એ.ડી.આઇ.ટી) કોલેજ, ન્યુ વલ્લભ વિદ્યાનગરને ગુણવત્તાના આધાર પર એક્રેડીટેશન મળ્યું**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એ.ડી. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી(એ.ડી.આઇ.ટી) છેલ્લા ૨૦ વર્ષથી ચાલતી ન્યુ વલ્લભ વિદ્યાનગરની સેલ્ફ ફાયનાન્સ એન્જિનિયરીંગ કોલેજો પૈકીની એક કોલેજ છે. એ.ડી.આઇ.ટી. માં ચાલતા ચાર અંડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો ઇલેક્ટ્રીકલ, ફુડ પ્રોસેસીંગ, ઇન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી અને મિકેનીકલ એન્જિનીયરીંગ ને NBA (નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન)નું ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ એમ ત્રણ વર્ષ માટેનું એક્રેડિટેશન પ્રાપ્ત થયું છે. જેના માટે સ્ટુડન્ટની ગુણવત્તા, પરફોર્મન્સ, પ્લેસમેન્ટ, સ્ટાફ, કોલેજ ઇન્ફાસ્ટ્રકચર અને લેબોરેટરીને ધ્યાનમાં રાખીને એનબીએ માન્ય કોલેજનો દરજ્જો આપેલ છે.

એનબીએ મેળવેલ ડિપાર્ટમેન્ટને વિવિધ એઆઇસીટીઈ ગ્રાન્ટ અને સ્ટુડન્ટલક્ષી પ્રોજેક્ટમાં નાણાંકીય સહાય મળે છે. આ ઉપરાંત વિદ્યાર્થીના જોબ પ્લેસમેન્ટ તથા વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે પણ ઉજ્જવળ તકો રહે છે.

ઉપરોક્ત સિદ્ધિ માટે, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને મેનેજમેન્ટે કૉલેજના આચાર્યશ્રી તથા સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ખરા દિલથી શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીજી-વિવાદોની પારનું વ્યક્તિત્વ (ભાગ-૧)

નરેશ વેદ

ગાંધીજી એન કસ્તૂરબાની સાર્ધ શતાબ્દીની ઉજવણી દેશમાં ચાલી રહી છે, ત્યારે દેશમાં અનેક જગ્યાએ અનેકજાતના કાર્યક્રમો થઈ રહ્યા છે. એમાં ગાંધીજી અને કસ્તૂરબાના દામ્પત્યજીવનને સમજવા ઉપરાંત એમના જીવનકર્તવ્ય અને જીવનદર્શનને સ્પષ્ટ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. એ આનંદની વાત છે. એમના જીવનાદર્શ અને જીવનકાર્યને સમયના આટલા અંતરેથી અલગ અલગ દૃષ્ટિકોણથી અવલોકવાના પ્રયત્નો ખરેખર સરાહનીય છે.

એ બધા પ્રયત્નોમાં એક પ્રયત્ન એમનાં જીવન અને કતૃત્વમાંથી ઊપસી આવતો એમના વિવાદાસ્પદ વ્યક્તિત્વનું અવગાહન અને આકલન કરવાનો પ્રયત્ન સૌનું ધ્યાન ખંચનારો છે. 'મુઝરિમ હાજિર હો' એવા ટાઈટલ સાથે થતાં નાટ્ય પ્રયોગો અને કેટલાક સોફિસ્ટીકેટેડ લોકોના ચર્ચાવર્તુળમાં આ મુદ્દો છણાઈ રહ્યો છે. બહુ સ્વાભાવિક છે કે ભારતીય જનમનગણના અધિનાયક તરીકે તેમના વિચાર, ઉચ્ચાર અને આચારની બાબતમાં સહુ કોઈ સહમત થાય, એવું ન પણ બને. એમાંનું કેટલુંક કેટલાક લોકોને વિયાદાસ્પદ કે ચર્ચાસ્પદ કે ટીકાસ્પદ લાગે, એવું પણ બને. એમના વિશે આજ સુધીમાં જે કાંઈ બોલાયું, લખાયું, છપાયું કે ચર્ચાયુ છે, એ બધા મુદ્દાઓ વિશે તો આ નાનકડા લેખમાં પ્રયાસ નહીં થઈ શકે, પરંતુ એમાંના કેટલાક મુદ્દાઓ વિશે આપણે અહીં પ્રકાશ પાડીશું.

એમની ઉપર થતાં રહેલા આક્ષેપોમાંનો એક આક્ષેપ એ હતો કે પોતાનાં પત્ની, બાળકો, વિદ્યાર્થીઓ અને આશ્રમવાસીઓ સાથે એમનો વ્યવહાર સખત અને આકરો હતો. એનાં દૃષ્ટાંતરૂપે એમણે કસ્તૂરબા મીરાં બહેન, નીલાનાગિની, હરિલાલ, મણિલાલ, રામદાસ, દેવદાસ જેવા પુત્રો, લલિતા ચંદા જેવા વિદ્યાર્થીઓ અને આશ્રમવાસીઓના આહાર, વિહાર અને આચારની બાબતમાં જે સખ્તાઈ દાખવી હતી, એ આગળ ધરવામાં આવે છે. કસ્તૂરબા સાથેના પોતાના વ્યવહારમાં પોતે વહેમી, આગ્રહી અને જુલમી હતા તેની વાત તો તેમણે પોતાની આત્મકથામાં પોતે જ સ્પષ્ટ કરી છે. પુત્રોનાં શિક્ષણ અને કેળવણીની બાબતમાં એમને ફોર્મલ સ્કૂલશિક્ષણ આપવાને બદલે પોતાના સેવાકાર્યમાં પલોટી આદર્શ મનુષ્ય બનાવવાનો હઠાગ્રહ સેવ્યો. પુત્રોની વારંવાર વિનંતી અને મિસ્ટર પોલાકના આગ્રહ છતાં છોકરાવના શિક્ષણ અંગે પોતાનો દૃષ્ટિકોણ અને રવૈયો બરાબર છે, એમ માની, કોઈની વાતવિનંતી કાને ધરી ન હતી. દક્ષિણ આફ્રિકામાં પોતાના આશ્રમમાં સહશિક્ષણ લેતાં છોકરા-છોકરી વચ્ચે સ્હેજ અડપલું થતાં લલિતા અને ચંદા નામની બે કન્યાઓના વાળ કાપી નાખ્યા હતા અને એક તોફાની બારકસ વિદ્યાર્થીને આંકણીથી માર માર્યો હતો, એ વાત આગળ ધરવામાં આવે છે. મીરાંબહેન કે નીલાનાગિનીના એમની નજીક જવાના પ્રયત્નો તેઓએ હમેશાં ઉવેખ્યા હતા અને એમની સાથે રુક્ષ અને કઠોર વલણ અપનાવ્યું હતું, એ વાત પણ આગળ ધરવામાં આવે છે. આશ્રમવાસી કુટુંબીઓએ મરીમસાલા વિનાનો સાદો ખોરાક લેવો અને શૌચાલયોની સફાઈ કરવી. અત્યંજોની અવગણના ન કરવી, કોઈ આશ્રમવાસી સર્વણ યુવક હરિજન યુવતીને પરણે તો જ એમના લગ્નમાં હાજરી આપવી, આશ્રમવાસીઓએ કાંતવું અને ખાદીનાં વસ્ત્રો જ પહેરવા, એવા બધા એમના આગ્રહોમાં એમની સખ્તાઈ અને કઠોરતા વધુ પડતી હતી, એવું કેટલાકને લાગે છે. દક્ષિણ આફ્રિકા છોડતી વખતે સેવાના બદલામાં મળેલી ભેટસોગાદો, ભાવિ પુત્રવધૂઓ માટે સ્વીકારીને રાખવાની વાતનો છેદ ઉડાડી દઈ એનું જાહેર ટ્રસ્ટ કરી નાખવું, પુત્રવધૂ પ્રત્યેની લાગણી અને ફરજનો વિચાર કરી કસ્તૂરબાએ એકઠી કરેલી સાડીઓ અને કોઈએ આપેલ થોડું પરચૂરણ ચલણ નાનાં બાળકોના ફળફળાદિ માટે પોતાની પાસે રાખવાને બદલે 'નવજીવન' પત્રમાં 'ઘરમાં જ ચોર' એ શીર્ષક હેઠળ કસ્તૂરબાની જાહેરમાં કરેલી વગોવણી-આ બધાં દૃષ્ટાંતો લોકો તરત ટાંકે છે.

પરંતુ એ વખતે એ બાબત પાછળ ગાંધીજીની દૃષ્ટિ અને મતિ શી હતી, એના તરફ લોકો આંખ આડા કાન કરે છે. જાહેરજીવનમાં લોકોના પૈસે સેવા-કાર્ય કરતા લોકોના જીવનમાં સ્વચ્છતા, ઉડાઉપણું કેવી રીતે ચાલે? પ્રજાના પૈસાના માલિક થવાનું ન હોય, ટ્રસ્ટી બનવાનું હોય. એ માટે એ સૌએ જાહેર સેવકો તરીકે સમયપાલન, સ્વચ્છતાપાલન, સુઘડતાપાલન કરવું જ જોઈએ. એમણે પોતાના જીવનમાં સાદાઈ, કરકસર, કામની અને હિસાબની ચોક્કસાઈ, નાનામાં નાના કામનું મહત્ત્વ, સામે રહેલા માણસનું, હાથમાં રહેલા કામનું અને વર્તમાન ક્ષણનું મહત્ત્વ સમજવું જ જોઈએ, એવી મતિ અને દૃષ્ટિ ટીકાસ્પદ ન બનવી જોઈએ, ઊલટું પ્રશંસાપાત્ર બનવી જોઈએ. કસ્તૂરબા સાથેના પોતાના વ્યવહારથી પોતે પોતાને માફ

નથી કરી શક્યા. એ અંગે એમને પશ્ચાત્તાપ થયો છે. નજીક આવવા ઈચ્છતી સ્ત્રીઓને એમણે રુક્ષ અને સખ્તાઈ વલણ સાથે દૂર રાખી, એમાં જાહેર સેવક તરીકે ચારિત્ર્યની શુદ્ધિ અને જાહેર નીતિમત્તા જાળવવાની જ એમની ખેવના છે. ભારતીય પિતા અને શિક્ષક પોતાનાં સંતાનો અને શિષ્યો સાથે કડકાઈભર્યું વલણ એટલા માટે રાખે છે કે એમને તેઓ માત્ર પોતાની સંપત્તિના નહિ, પરંતુ પોતાના સંસ્કારોના ઉત્તરાધિકારી માને છે. એમનામાં વિનય, વિવેક અને અન્ય સંસ્કારોનું સિંચન કરવાની ઈચ્છાથી તેઓ આવું વલણ અભત્યાર કરે એમાં એમને દોષિત ઠેરવવા જેવું કાંઈ નથી.

ગાંધીજી વિશે જે વિવાદો છે એમાં એક વિવાદ એમના પુત્રો, અને વિશેષ કરીને હરિલાલ સાથેના સંબંધો અંગેનો છે. ગાંધીજીએ પોતાના જીવનનું ધ્યેય અને જીવનરીતિ નક્કી કર્યા બાદ પોતાનાં સ્વજનો અને સંતાનો સાથે એવી રહેણી તથા કરણીનો આગ્રહ રાખ્યો હતો. સૌ પાસે સાદાઈ, ગરીબાઈ, સચ્ચાઈ અને નમ્રતાના ગુણોની અપેક્ષા રાખી હતી. પોતાનાં બાળકોને શાળાનું ઔપચારિક શિક્ષણ આપવાને બદલે ચારિત્ર્યઘડતરનું શિક્ષણ આપવાની ખેવના રાખી હતી. પોતાની પ્રવૃત્તિરત જિંદગીની વ્યસ્તતામાં બાળકોના ઉછેર અને કેળવણી પર તેઓ પૂરતું ધ્યાન આપી શક્યા ન હતા. કેળવણી વિશેના વિચારોની ભિન્નતા એ સૌ વચ્ચે મતભેદનો મુખ્યવિષય હતો. તેઓ ખુદ ઉચ્ચ શિક્ષણ મેળવી સેવાપ્રવૃત્તિ કરી શકતા હોય તો અમને શા માટે આવું શિક્ષણ લેવા અંગેની બાબતમાં સંમત થતાં નથી અને અમારી જિંદગી વિશે પોતાનો મનમાન્યો પ્રયોગ કરી રહ્યા છે, એવી એ સૌની ફરિયાદ હતી. ડૉ.પ્રાણજીવનદાસ મહેતાએ હરિલાલ અને અન્ય કોઈ યુવાનને લંડન મોકલવાના પ્રસ્તાવના જવાબમાં હરિલાલને ગાંધીજીએ મોકલ્યા નહીં, ત્યારે જ પિતાપુત્ર વચ્ચે વિરોધ ઊભો થયો તેનું મૂળ નખાયું હતું. કસ્તૂરબા પણ ઈચ્છતા હતા કે પોતાના પુત્રો ભણીગણીને મોટા થાય. પરંતુ ગાંધીજીની એ અંગેની વિચારસરણી અને બેદરકારી જોઈ એમને પણ બહુ લાગી આવતું. કસ્તૂરબા ઉપરાંત ચારેય પુત્રો ગાંધીજીના વલણથી નારાજ હતા. પરંતુ હરિલાલના મનમાં તો બહુ ધૂંધવાટ હતો. 'મારા પિતાજી એમ.કે.ગાંધી તેમના પર મારો અધંખુલો પત્ર' એવા શીર્ષકથી હરિલાલે પ્રકાશિત કરેલી પુસ્તિકામાં આ ધૂંધવાટ આ શબ્દોમાં પ્રગટ થયો છે: 'અમે બધા ભાઈઓ પ્રત્યે આપે એક સરકસના રિંગમાસ્તર અને જાનવરો જેવું જ વર્તન રાખ્યું છે.' હરિલાલને સતત એમ લાગ્યા કર્યું હતું કે ગાંધીજી વજ્રહૃદયના હતા. વાત પ્રેમથી સમજવાને બદલે તુચ્છકારીને તેમને દબાવી દેતા હતા. ઓગણીસ વર્ષની ઉંમરે એમણે પિતા પાસે કાલાવાલા કરી, દલીલો કરી, ભણવા દેવાની માગણી કરી હતી. સતત એક વર્ષ સુધી એ રડતો અને રવડ્યા કર્યો પરંતુ ગાંધીજીએ એની વાત કાને ધરી ન હતી. શિક્ષણ જેવી મૂડી પિતા ન આપે, એણે પિતાને આધીન રહેવું પડે, પરણ્યાને નવ વર્ષ થવા છતાં છ વર્ષ પત્નીથી અળગા રહેવું પડે એવી પરિસ્થિતિમાં વાઝ આવી જઈને એણે ઘર છોડ્યું હતું. પછી નોકરી-ધંધાને અર્થે અહીંતહીં ભટક્યા કર્યું હતું. પત્ની અને બે બાળકો ગુમાવ્યા હતાં. શરાબ અને ગંદી સોબતમાં સપડાયા હતા. નોકરીધંધામાં વિફળતા, પ્રેમ અને ઉષ્માનો અભાવ, ભૂખ અને ભીખનો અનુભવ થઈ ચૂક્યો હતો. ધર્માંતર કરી મુસ્લિમ થયા હતા. એક સમયે 'છોટે ગાંધી'ની ઓળખ પામેલા હરિલાલ બા અને બાપુની અનેક વખતની સમજાવટ, ક્ષમાયાચના, અનુરોધ છતાં ગાંધીજીનું આ રતન રોળાઈ ગયું હતું. ખરેખર તો તેઓ ગાંધીજીનું ખોવાયેલું ધન હતું. હરિલાલની દુઃખદ દાસ્તાનથી પરિચિત થતાં એક પ્રશ્ન મનમાં અવશ્ય ઊઠે છે; શા માટે ગાંધીજી એ પોતાના વિચારો સાથે બાંધછોડ કરી એના એળે જતાં અવતારને સંવારી કેમ ન લીધો? હરિલાલના જીવનવૃત્તાંતની એમના ભાઈઓ અને ખાસ કરીને કસ્તૂરબા પર શી અને કેવી અસરો પડી હશે, એનો ગાંધીજીએ વિચાર કેમ નહીં કર્યો હોય? અનેક લોકોએ અનેક દૃષ્ટિકોણથી આ કરુણ કિસ્સાનું અર્થઘટન કર્યું છે. પરંતુ ઝીણી નજરે જોતાં આ બાબતમાં પણ ગાંધીજીએ આપણી પુરાણી પરંપરાનું જ અનુસરણ કર્યું જણાય છે. સ્વામી આનંદે કહ્યું છે તેમ 'સત્યનિષ્ઠાને ખાતર પોતાનું સર્વસ્ય ન્યોછાવર કરનાર જીવનસાધક, પોતાની સાધના પાછળ 'સુત, વિત્ત, દારા, શીશ સમરપે' એમાં નવાઈ નથી. એ એમ જ કરે માત્ર Charity જ નહીં, પરંતુ Impersonal Norms also begin with home.

(ક્રમશઃ)

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર, ફોન નં : ૦૨૬૯૨-૨૩૩૭૫૦
સેલ નં : ૦૯૭૨૭૩૩૩૦૦૦

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

સૂર્યકાંત વિ. વૈષ્ણવ

યુનિવર્સિટી અને કોલેજોના સંચાલન સંબંધેની રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુસદ્દો તૈયાર થયો છે. શિક્ષણ સંબંધિત ફેરફારો માટે અગાઉ કેટલીક સમિતિઓએ વિશદ વિચારણાઓ કરીને મહત્ત્વના સૂચનો પણ કરેલા છે. કોઠારી અને યશપાલ કમિટીએ શિક્ષણ ક્ષેત્રે સુધારણાઓ માટે વિવિધ પ્રસ્તાવો પણ રજૂ કરેલા હતા તે આપણે જાણીએ છીએ અને તેમાંનાં કેટલાક સૂચનોના આંશિક અમલ પણ થયા છે. મહાત્મા ગાંધીનો બુનિયાદી તાલીમ અને ગ્રામ્યલક્ષી શિક્ષણનો વિચાર પણ પ્રસ્તુત થયો હતો. પરંતુ તે અન્વયે કોઈ ઠોસ પરિણામો પ્રાપ્ત થયા નથી તે પણ વિદિત છે.

શિક્ષણ ક્ષેત્રે સતત પરિવર્તન થતું રહે તે જરૂરી છે તેથી હાલ ભારત સરકાર તરફથી ડૉ. કસ્તુરીનંદનના અધ્યક્ષ પદે વર્તમાન શિક્ષણ ક્ષેત્રે સુધારણાઓ માટે એક કમિટીની રચના કરી છે.

### શિક્ષણ : પ્રવર્તમાન પરિસ્થિતિ

* આજની શિક્ષણ પદ્ધતિ અને તે દ્વારા તૈયાર થતા પદવીધારીઓ અને તેને અનુરૂપ વ્યવસાયની ઉપલબ્ધતા વચ્ચે ઘણી અસમાનતા પ્રવર્તે છે. ભણતર અને વ્યવસાય ક્ષેત્રની અપેક્ષાઓ વચ્ચે પણ વિષમતા જોવા મળે છે. આપણી યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સમાજ અને જરૂરિયાતને અનુરુપ શિક્ષણ આપવામાં નિષ્ફળ નીવડી છે તેવું પણ એક અવલોકન છે.

* યુનિવર્સિટીઓ અને સરકારી શૈક્ષણિક સંસ્થાઓ વહીવટની કામગીરીમાં મહદ્ અંશે વ્યસ્ત રહે છે. શૈક્ષણિક સજ્જતા તરફ તે ઉદાસીન છે. બીજી તરફ સ્વનિર્ભર સંસ્થાઓને ટકવાની ચિંતા છે. ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓને વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યા મળે નહિ ત્યારે અધ્યાપકોને નોકરીમાંથી છૂટા કરવામાં આવે છે અથવા કામચલાવ (એડહોક) નિમણૂકો કરવામાં આવતી હોય છે.

* આ ઉપરાંત વિદ્યાર્થીઓના પક્ષે શૈક્ષણિક નિપુણતાને બદલે પદવી પ્રાપ્ત કરી લેવાની તત્પરતા જોવા મળે છે. બેરોજગારી વધતી જાય છે તેમ પદવીધારીઓમાં હતાશા પણ જોવા મળે છે.

* માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીઓની સંખ્યા વધતી જાય છે તથા સ્વ-નિર્ભર યુનિવર્સિટીઓ શરૂ કરવા માટેની ખેવના પણ સર્વત્ર જોવા મળે છે.

* સમગ્ર રાષ્ટ્રમાં પર્યાપ્ત લાયકાત ધરાવતા અધ્યાપકો અને અભ્યાસપ્રેમી વિદ્યાર્થીઓની ઉણપ જોવા મળે છે.

* આપણે ત્યાં વૈશ્વિક ધોરણોની ગુણવત્તા તથા અદ્યતન સુવિધાઓ (Infrastructure) ધરાવતી યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક મહાવિદ્યાલયો નથી. દુનિયાની એવી અગ્રીમ સંસ્થાઓમાં આપણે હજી સ્થાન મેળવવાનું બાકી છે.

### રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

* શિક્ષણનીતિ ઘડવામાં અધ્યક્ષ ડૉ. કસ્તુરીનંદનની સાથે નવ સભ્યો હતા. ૬૪૦ પાનાંના દળદાર અહેવાલમાં ૨૦૦ પાનાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સંબદ્ધે છે. શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન માટેનો સરકારનો આ મહત્ત્વનો પ્રયત્ન છે. આનો મુસદ્દો દેશના અનેક બુદ્ધિમાનો અને શિક્ષણવિદ્દોએ તૈયાર કર્યો છે. તેમાં ગઈકાલ, આજ અને આવતી કાલનો સર્વાંગી આલેખ સમાવિષ્ટ છે.

### પરિવર્તન : અંગુલિનિર્દેશ

* શાળા શિક્ષણ હવે ચાર તબક્કામાં રહેશે. તેમાં ત્રણ વર્ષની ઉંમરથી શરૂ કરી પ્રથમ પાંચ વર્ષ પાયાનું શિક્ષણ (બાળ શિક્ષણ), ત્રણ વર્ષ પ્રાથમિક શિક્ષણ, ત્રણ વર્ષ ઉચ્ચ-પ્રાથમિક શિક્ષણ અને પછીના ચાર વર્ષ માધ્યમિક શિક્ષણ એટલે કે ૫+૩+૩+૪ એમ ૧૫ વર્ષે શાળાકીય શિક્ષણ પૂરું થશે.

* અધ્યાપક તરીકેની નિમણૂક ગુણવત્તાના આધારે જ કરવામાં આવશે.

* ત્રણ ભાષાનો સિધ્ધાંત અમલમાં મૂકવામાં આવશે.

* નીતિમાં સૂચવાયેલા અનેક આયામો, સગવડ તથા સુવિધા (Infrastructure) માટે જી.ડી.પી.ના છ ટકાનો ખર્ચ શિક્ષણ પાછળ કરવામાં આવશે.

* ઉચ્ચ શિક્ષણમાં ભણવાની ઉંમરવાળા યુવાનોની ૫૦% સંખ્યા ૨૦૩૫ સુધીમાં હાંસલ કરવાની રહેશે.

* હવેથી ત્રણ પ્રકારની યુનિવર્સિટીઓ જ રહેશે. (૧) માત્ર સંશોધન માટે (૨) સંશોધન અને અધ્યાપન માટે અને (૩) માત્ર અધ્યાપન માટે

* માત્ર એક જ ફેકલ્ટીના અભ્યાસક્રમવાળી કોલેજો બંધ કરવામાં આવશે. બી.એડ-એમ.એડનો સંયુક્ત (Integrated) અભ્યાસક્રમ ચાર વર્ષનો કરવામાં આવશે.

* ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સ્વાયત્ત બોર્ડ દ્વારા શાસિત રહેશે. VC- PVC ની નિમણૂક સરકારી દરમિયાનગીરી વગર થશે.

* ઉચ્ચ શિક્ષણમાં વિવેચનાત્મક અને સર્જનાત્મક વિચારસરણીનો પ્રભાવ રહે તેવા અભ્યાસક્રમોનું આયોજન કરવા પ્રબંધ કરવામાં આવશે.

* નેશનલ રીસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવશે.

* સંલગ્ન (affiliated) કોલેજોની પ્રથા ક્રમશઃ ઓછી કરીને બંધ કરવામાં આવશે. સ્વનિર્ભર સંસ્થાઓ ચાલુ કરવા માટે પ્રાથમિકતા આપવામાં આવશે. શૈક્ષણિક અને આર્થિક સ્વાયત્તતા ધરાવતી સંસ્થાઓ સ્થાપી શકાશે.

* સંશોધન, નવીનતા અને સાહસિકતા (Research, Innovation and Entrepreneurship) ને વેગ મળે તે માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

* આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓની સ્થાપના દેશમાં થઇ શકશે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના અભ્યાસ માટે વધુ સગવડ ઉભી કરવામાં આવશે.

* સમાજ સેવા અને સામાજિક પ્રવૃત્તિઓને અભ્યાક્રમોમાં વિશેષ મહત્ત્વ આપવાની સરકારની નેમ છે.

**આશાઓ અને અપેક્ષાઓ**

**નવી શિક્ષણ નીતિને અનુલક્ષીને સમાજ અને રાષ્ટ્રને અનેક આશાઓ અને અપેક્ષાઓ છે.**

* આપણી યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વૈશ્વિક ધોરણોની ગુણવત્તા અને અદ્યતન ટેકાનોલોજીને અનુરૂપ સુવિધાઓ (Infrastructure) પ્રાપ્ત કરે તેવી અપેક્ષા સૌને રહે છે. તે માટે પર્યાપ્ત આયોજન અને રૂપરેખા તૈયાર થાય તે જરૂરી છે.

* વિશ્વ સ્તરીય યુનિવર્સિટીઓ અને સ્વાયત્ત મહાવિદ્યાલયો માટે રાજ્ય તરફથી જરૂરી આર્થિક મદદ અને પ્રોત્સાહન મળે તેવી અપેક્ષાઓ પણ ઉચિત ગણી શકાય.

* રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ પછી શિક્ષણ ક્ષેત્રે પ્રેરણાત્મક અને પ્રોત્સાહક વાતાવરણમાં આપણી શિક્ષણ સંસ્થાઓ નૈતિક ધોરણો અને આદર્શ સંચાલનની અનુકરણીય પ્રતિકૃતિ બને, અધ્યાપકો અને શિક્ષકો અધ્યાપન નિષ્ઠ અને શિક્ષણ પ્રેમી હોય અને વિદ્યાર્થીઓ સહજ રીતે અભ્યાસ વ્યાસંગી થાય તે સર્વાંગી વિકાસ માટે ઇચ્છનીય છે.

* નેશનલ રીસર્ચ ફાઉન્ડેશનની સ્થાપનાથી સંશોધનની પ્રવૃત્તિને વેગ મળશે તેવી અપેક્ષા પણ રાખી શકાય.

* ધ્યેય નિષ્ઠ શિક્ષણ નીતિનો નિશ્ચયાત્મક અમલ થાય તો પ્રજામાં સાક્ષરતા અને સુજ્ઞ નાગરિકતાનું સર્જન થશે તે દિવસ દૂર નથી.

**સૂચિત શિક્ષણ નીતિનું નબળું પાસુ**

* પ્રાપ્ત માહિતી પ્રમાણે શિક્ષણ નીતિ તૈયાર કરવાની સમિતિમાં શિક્ષણ ક્ષેત્રમાં અગાઉ સીધા સઘન રીતે જોડાયેલા રહ્યા હોય તેવા સદસ્યો નથી એટલે તેમને વાસ્તવિક પરિસ્થિતિનો ખરો સ્પર્શ નથી (માહિતી-સૌજન્ય : દિવ્ય ભાસ્કર). માત્ર સૈદ્ધાંતિક મંતવ્યથી રચાયેલ આ મુસદ્દો છે તેમ માની શકાય.

* મુસદ્દો વધુ વર્ણનાત્મક છે. વિષય-વસ્તુની રજૂઆતનો ક્રમ જળવાયો નથી. રજૂઆત વધુ શાબ્દિક છે અને તેમાં અનુભવનું કૌશલ્ય જોવા મળતું નથી. દૃષ્ટિ અને હેતુ (vision and mission) સુરેખ અને સ્પષ્ટ થવા જોઈએ તેટલા થયા નથી.

* ગુણવત્તાયુક્ત અધ્યાપક અને શિક્ષકની નિમણૂક બાબતે કડક વલણ અપનાવવાનો ઉલ્લેખ થયો છે પણ તેનો અમલ કરવાની કોઈ સ્પષ્ટ રૂપરેખા નીતિએ દર્શાવી નથી.

* પ્રિસ્કૂલને બંધ કરવાની નીતિ વિષે કોઈ ઠોસ કાર્યરેખા રજૂ થઈ નથી.

* વિવિધ રેગ્યુલેટરી વ્યવસ્થાઓ રચાશે તો નિર્ણયોમાં વિલંબ અને વિસંગતતાની પરિસ્થિતિ ઊભી થશે.

* નેશનલ હાયર એજ્યુકેશન રેગ્યુલેટરી ફોરમ જેવી કેન્દ્રસ્થ સંચાલન કરતી વ્યવસ્થાથી પ્રશ્નો હલ થાય તેને બદલે બીજી અનેક વિટંબણાઓ સર્જાય તેવો ભય છે. આ પ્રકારની વ્યવસ્થા સ્વાયત્તતાના અભિગમને અનુરૂપ નથી.

* રાષ્ટ્રીય સ્તરે કેન્દ્રસ્થ પરીક્ષા અને પ્રવેશ પધ્ધતિનો અમલ અનેક અસુવિધાઓ ઊભી કરે છે. આ પ્રકારની

વ્યવસ્થામાં વિકેન્દ્રીકરણ વધુ ઇચ્છનીય છે, તેનો ઉલ્લેખ નીતિના મુસદ્દામાં થયો નથી.

* શિક્ષણ ક્ષેત્રે વ્યાપક છે તે ખાનગી ટ્યુશનોની બદી નિવારવા ઠોસ ઉપાય સૂચવાયો નથી તે આ મુસદ્દાની મહત્વની ઉણપ ગણી શકાય.

**શિક્ષણ નીતિના અમલ સામેના પડકારો**

* શિક્ષણ સાથે સંકળાયેલ (૧) યુનિવર્સિટીઓ (૨) શૈક્ષણિક સંસ્થાઓ (૩) શિક્ષકો અને અધ્યાપકો (૪) વિદ્યાર્થીઓ અને (૫) વિદ્યાર્થીઓના માતા-પિતા અને વાલી-સમૂહ એમ પ્રત્યેકની ફરજ અને અધિકારનો સહયોગ અકબંધ જાળવી રાખી શકવાનો પડકાર ઊભો થાય તેવી શક્યતા છે.

* આપણી સંસ્થાઓ માત્ર માહિતી સભર શિક્ષણ આપે તે પર્યાપ્ત ગણાય નહિ. શિક્ષણ, ભણતર અને પ્રબુધ્ધ કેળવણીનો સમન્વય થાય તે અત્યંત જરૂરી છે.

* ભાર-વિનાનું ભણતર અને ખર્ચાળ શિક્ષણનો વિકટ પ્રશ્ન તત્પરતાથી ઉકેલવાની પણ જરૂર છે.

* કેળવણીના માધ્યમથી સ્વસ્થ સમાજ માટેની પૂર્વ ભૂમિકા તૈયાર કરવી તે પણ આપણી શિક્ષણ પ્રથા સમક્ષ મોટો પડકાર છે.

* શિક્ષણના પરિપાક સ્વરૂપે આપણો યુવક કેવળ ડીગ્રીધારી નહિ પણ સુજ્ઞ નાગરિક બને અને કાર્યક્ષેત્રની જવાબદારીઓ સમાજનું ઋણ ચૂકવવાની ભાવના સાથે નિભાવે તેનું પણ મહત્વ છે.

* જી.ડી.પી.ના છ ટકાનો ખર્ચ શિક્ષણ પાછળ ફાળવવાની સરકારની નેમ પાર પાડવાનું ધારીએ તેટલું સહેલું નથી.

* સ્વનિર્ભર સંસ્થાઓ અને સ્વાયત્તતાને આવકાર આપવાની નેમ છે તે શિક્ષણ ક્ષેત્રે સ્વપ્રેરિત સ્ફૂરણાત્મક વિકાસ માટે ઉપકારક બનશે.

* પરિવર્તન અને નૂતન અભિગમ સામેના પડકારોથી ડરીને આગેકૂચ રોકી શકાય નહિ. દેશમાં પ્રગતિ ચાહક શિક્ષણ પ્રેમી અને નિષ્ઠાવાન પ્રબોધકોની ખોટ નથી. આપણે પ્રાર્થીએ કે ભવિષ્યનું શિક્ષણ જગત ઉજ્જવળ બને.

નિવૃત્ત આચાર્ય : એ.ડી.આઈ.ટી (એન્જિનિયરીંગ કોલેજ) ન્યુ વલ્લભવિદ્યાનગર અને ભૂતપૂર્વ માનદ સહમંત્રી, ચારુતર વિદ્યામંડળ. (ઇશાવાસ્યમ, રઘુવીર ચેમ્બર્સ પાછળ, વલ્લભવિદ્યાનગર, ૩૮૮ ૧૨૦)

**।। વિદ્યાવૃત્ત ।।**

ચારુત્તર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી, વલ્લભવિદ્યાનગરમાં આજરોજ શાળાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના કન્વીનરશ્રી જીતેન્દ્ર મહેતા, શ્રી કિંજલકુમાર જોષી અને શ્રી અનિલભાઈ પટેલ દ્વારા શાળામાં ''આગ અંગેની મોકડ્રીલ''નું આયોજન આણંદ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન વિભાગના મામલતદાર શ્રીમતી મહેશ્વરીબેન રાઠોડ, જિલ્લા ડીઝાસ્ટર પ્રોજેક્ટ ઓફિસર શ્રી વિમલભાઈ તિવારી, આણંદ નગરપાલિકા ફાયર સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી ધર્મેશભાઈ ગોર સાહેબ તથા તેમની ટીમ અને વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા ફાયર ટીમ અને ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ જિલ્લા કન્વીનરશ્રી અમાનતઅલી અને ટીમના સભ્યો, બાકરોલ પી.એચ.સી.ના ડો.રાજેશભાઈ પટેલ, ૧૩-ગુજરાત એન.સી.સી.બટાલિયન વલ્લભવિદ્યાનગર તથા વલ્લભ વિદ્યાનગર પોલીસ સ્ટાફના સહયોગથી કરવામાં આવ્યું હતું શાળાના બિલ્ડીંગમાં આગ લાગ્યાના સમાચાર વાયુવેગે ફેલાતા ચારુત્તર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ, માનદ મંત્રી ડો.એસ.જી.પટેલ તથા વાલીઓ સ્કૂલ પર દોડી આવ્યા હતાં બાદમાં, શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારે જાહેર કર્યું કે આ સમગ્ર પ્રક્રિયા મોકડ્રીલ હતી ત્યારે સૌ એ રાહત અનુભવી હતી. શાળાનાં ડીઝાસ્ટર કન્વીનર ટીમના શિક્ષકોએ કેટલાક વિદ્યાર્થી ભાઈ-બહેનોને રેસ્ક્યુ ઓપરેશન, પ્રાથમિક સારવાર, સંકલન વગેરે અંગે મોકડ્રીલ પૂર્વે તાલીમ આપી હતી જેનો વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ખૂબ જ સુંદર કામગીરી કરી હતી. ચારુત્તર મંડળ, આપત્તિ વ્યવસ્થાપન મામલતદાર તથા ફાયર બ્રિગેડ અને ૧૦૮-ઇમરજન્સી, પોલીસના સભ્યોએ આ મોકડ્રીલ કામગીરીને બિરદાવી હતી.

॥ સંશોધન ॥

## મધ્યકાલીન ભક્ત કવિ દયારામના ગુરુઃ ઇચ્છારામ ભટ્ટ

શ્યામ ખંભોળજા

### ડાકોરવાળા શ્રીઈચ્છારામ ભટ્ટજી મહારાજ



**(ઈચ્છારામ ભટ્ટજી મહારાજ)**

ગુજરાતી ભક્તિસાહિત્યમાં ગરબીઓથી પ્રસિદ્ધ થયેલા ભક્તકવિ દયારામના શિક્ષાગુરુ ડાકોરવાળા ઈચ્છારામ ભટ્ટજી મહારાજ (હવે પછી જેમનો ઉલ્લેખ ભટ્ટજી મહારાજ અને ભટ્ટજી તરીકે હશે) શુદ્ધાદ્વૈત વેદાંતના પ્રકાંડ પંડિત હતા. જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીએ પ્રસ્થાનત્રયી (શ્રીમદ્ ભગવદગીતા, દશ ઉપનિષદ અને બ્રહ્મસુત્ર) પર 'અણુભાષ્ય' નામે બૃહદ ભાષ્યની રચના કરી હતી. આ ભાષ્ય પર ભટ્ટજી મહારાજે સંસ્કૃતમાં 'પ્રદીપ' નામની ટીકા લખી હતી. આ પ્રદીપ ગ્રંથ pushtisahitya.org વેબસાઈટ પર મળી આવશે. આ ગ્રંથનું સંપાદન પૂનાની ડેક્કન કોલેજના સ્વ. પ્રો. મગનલાલ ગણપતરામ શાસ્ત્રીએ કર્યું હતું.

ભટ્ટજી મહારાજ મૂળ પેટલાદના વતની અને શ્રીમાળી બ્રાહ્મણ હતા. ઘણા લોકો તેમને પેટલાદ પાસે આવેલા નાર ગામના વતની લખે છે. તો બીજી તરફ ડાકોર મંદિરને લગતા કોર્ટ કેસ (નં. ૧૮, ઈ. સ. ૧૮૮૭) અને અન્ય એક કોર્ટ કેસમાં એક સાક્ષીની જુબાની પ્રમાણે તેઓ મૂળ લખનઉના બ્રાહ્મણ હતા. આ બધા અલગ અલગ અનુમાનો વચ્ચે એટલું નક્કી છે કે તેમની એક બેઠક પેટલાદમાં અને બીજી ડાકોરમાં આવેલી છે. ત્રીજી એક બેઠક ઉત્તર પ્રદેશમાં જતીપુરામાં હોવાનું મનાય છે. ઉપરાંત પ્રો. શાસ્ત્રી સંપાદિત પ્રદીપ ગ્રંથની પ્રસ્તાવના મુજબ ભટ્ટજી પેટલાદના વતની હોવાનું જણાઈ આવે છે. આમ, ભટ્ટજી પેટલાદના રહીશ હોવાની વાતને પૂરતું સમર્થન મળે છે. શક્ય છે કે તેઓ લખનઉથી પેટલાદમાં વસ્યા હોય અને ત્યારબાદ ચાણોદ અને ડાકોરમાં રહ્યા હોય. ભટ્ટજી મહારાજ લિખિત સાહિત્યના આધારે તેમના જન્મ, જન્મસ્થળ, પરિવાર, માતા-પિતા વિષે કોઈ જ માહિતી મળતી નથી. આ હકીકત ભટ્ટજીની પ્રસિદ્ધિ-પરાન્મુખતાની સાક્ષી પૂરે છે. ભટ્ટજી મહારાજના કૃપાપાત્ર ભક્તકવિ દયારામભાઈનો જન્મ સંવત ૧૮૩૩ (ઈ. સ. ૧૭૭૭)માં થયો હતો અને તેમનો ભટ્ટજી સાથે પ્રથમ સંપર્ક ૧૩-૧૪ વર્ષની ઉંમરે (ઈ. સ. ૧૭૯૦ની આસપાસ) ડભોઇ નજીક તેનતળાવ પાસે થયો હતો. કોઈ ઠેકાણે એવી માહિતી મળે છે કે ભટ્ટજી મહારાજના દીક્ષાગુરુ (બ્રહ્મસંબંધ પ્રદાતા) ગોસ્વામી હરિરાયજી હતા. ગો. હરિરાયજીનો જન્મ સંવત ૧૬૪૭ (ઈ. સ. ૧૫૯૧)ની આસપાસ થયેલો હોવાનું જણાઈ આવે છે અને તેઓ કુલ ૧૨૫ વર્ષનું આયુષ્ય ભોગવી ઈ. સ. ૧૭૧૬ની આસપાસ સ્વધામ પધાર્યા હતા. તેઓ ડાકોર આવ્યાનું વર્ણન ઘણી જગ્યાએ મળે છે. હાલ ગોમતી તળાવના કિનારે તેમની એક બેઠક આવેલી છે, જે ભટ્ટજીની બેઠકથી બિલકુલ નજીક છે. આમ, જો ભટ્ટજી મહારાજના દીક્ષાગુરુ ગો. હરિરાયજી હોય તો ભટ્ટજીનો જન્મ ઈ. સ. ૧૭૧૬ પહેલા થયેલો હોવો જોઈએ. ઉપરાંત ડાકોર રણછોડરાય મહારાજના મંદિરમાં આરસ જડાવી આપનાર ભટ્ટજી મહારાજ હતા. શ્રીરણછોડરાય મહારાજના વર્તમાન મંદિરનું નિર્માણ ઈ. સ ૧૭૭૨માં થયું હતું. બીજી તરફ દયારામભાઈએ ૩૦ વર્ષની ઉંમરે ઈ. સ. ૧૮૦૭ની આસપાસ ભટ્ટજીની આજ્ઞાથી અજામિલાખ્યાનની રચના કરી હોવાનું જણાઈ આવે છે. ભટ્ટજી મહારાજે પોતાના હાથે લખેલા ૦૨ ગ્રંથો (૮૪ વૈષ્ણવોની વાર્તા અને અન્ય એક) આ લેખના લેખક પાસે સુરક્ષિત છે. આ ગ્રંથના અંતમાં તેને લખીને પૂર્ણ કર્યાનો દિવસ સંવત ૧૮૬૨ (ઈ. સ. ૧૮૦૬) ના પોષ સુદી એકમનો લખેલો છે. અમુક ઐતિહાસિક નોંધો મુજબ ભટ્ટજી મહારાજે શાસ્ત્રોનો અભ્યાસ વલ્લભમાર્ગીય આચાર્ય યોગી ગોપેશ્વરજી પાસે

કર્યો હતો. યોગી ગોપેશ્વરજીનો જીવનકાળ ઈ. સ. ૧૭૮૦ થી ઈ. સ. ૧૮૩૦ સુધીનો ગણાય છે. આ વાદ મુજબ ભટ્ટજી મહારાજે ગો. હરિરાયજી પાસેથી દીક્ષા ગ્રહણ કરી હોવાની વાત સમજાવી શકાતી નથી. ઉપરાંત એમ પણ જણાઈ આવે છે કે દયારામભાઈ અને ભટ્ટજી મહારાજ વચ્ચે ઉંમરનો તફાવત ઓછો હશે. ઉપર જણાવ્યું તે ડાકોર મંદિરને લગતા કોર્ટ કેસ નંબર ૧૮, ૧૮૮૭ મુજબ આશરે ૪૦ વર્ષ ઉપર લખનૌના એક વૈષ્ણવ મહારાજ ભટજીએ ડાકોરની મુલાકાત લીધી હોય એમ જણાય છે અને તેમણે શ્રીરણછોડજીના મંદિરથી ઘણે દૂર નહી એવી જગાએ એક ધર્માદા સંસ્થા સ્થાપન કરી હોય એમ જણાય છે. આ સંસ્થાને વૈષ્ણવો તરફથી એટલે સુધી મદદ મળી છે કે હાલમાં તે સંસ્થા દાનમાં દરેક વર્ષે આશરે ૧૭, ૦૦૦ રૂપિયા આપે છે. આ સખાવતો તેમના દ્વારા ચલાવતા અન્નક્ષેત્રમાં વપરાતી હતી. સન ૧૮૮૭ના અરસામાં વાર્ષિક રૂ.૧૭, ૦૦૦ ની સખાવતો વાળા ટ્રસ્ટની તત્કાલીન ક્ષમતા અને ઉદારતા વિચારી શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડાકોરમાં સર્વપ્રથમ અન્નક્ષેત્ર શરૂ કરાવનાર ભટ્ટજી મહારાજ હતા. આ કેસ ઈ. સ. ૧૮૮૭માં દયારામ ગીદુમલની અદાલતમાં શરૂ થયેલો. આમ, ભટ્ટજી મહારાજ ઈ.સ. ૧૮૪૭ પહેલા ડાકોર આવેલા હોવા જોઈએ.

પ્રિ. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ લિખિત ''ભક્તકવિ દયારામભાઈનું જીવનદર્પણ'' ગ્રંથ મુજબ ગુજરાતમાં સંસ્કૃત ભાષાના થઈ ગયેલા બહુ ઓછા વિદ્વાનો પૈકી એક ભટ્ટજી મહારાજ હતા. નાની ઉંમરે ભટ્ટજીના માતા-પિતા દેવલોક પામ્યા હતા. ભટ્ટજીના લગ્ન નાની ઉંમરે થઈ ગયા હતા. તેમના પુત્રનું ૧૦ વર્ષની ઉંમરે જ મૃત્યુ થયું હતું અને ત્યાર બાદ એકાદ વર્ષે તેમના ધર્મપત્નીનું પણ મૃત્યુ થયું હતું. પત્ની-પુત્રના અવસાન બાદ ભટ્ટજી ડાકોર આવ્યા હતા. તેઓ ડાકોર ખાતે દરરોજ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરતા. ભટ્ટજીએ ઘણો સમય ચાણોદમાં પણ વિતાવ્યો હતો. ભટ્ટજી મહારાજના દેહાંત વિષે પણ કોઈ ચોક્કસ તવારીખો મળતી નથી. ''ડંકપુર મહાત્મ્ય'' પુસ્તકમાં ભટ્ટજી મહારાજના ચમત્કારિક કિસ્સાઓનું વર્ણન મળી આવે છે. ભટ્ટજી મહારાજની ચમત્કારિક વાતો માન્યામાં ના આવે તો પણ એટલું તો નક્કી કે તેઓ એક વિદ્વાન પુરુષ હતા અને અણુભાષ્ય પર ટીકા લખી હતી. ભક્તકવિ દયારામભાઈના દીક્ષાગુરુ શ્રીદેવકીનંદન મહારાજ અને ગો. છોટાજી મહારાજ હતા. પરંતુ દયારામ ભટ્ટજીના સંસર્ગમાં ડાકોર ખાતે વધારે સમય વિતાવતા અને આથી ભટ્ટજી તેમના શિક્ષાગુરુ, પથ-પ્રદર્શક ગણાયા. દયારામે ભટ્ટજી મહારાજ વિષે આ શબ્દો લખ્યા છે.

''સૌ શંકાનો નિર્ધાર કીધો, મળ્યા ભક્તિનિષ્ઠઃભટ્ટજી મહારાજ કહાવે, ડાકોરાધીશ જેના ઇષ્ટ

પૃથક્કરણ કરી સર્વનાં, સમજાવીઓ સિધ્ધાંતઃ ઉપગ્રંથિ ભાજી તેમણે, તવ થયો હું અભ્રાત''

ભટ્ટજી મહારાજને લગતા પ્રસંગોનું વર્ણન દયારામભાઈએ રસિકવલ્લભ, ગુરુ-શિષ્ય સંવાદ, અનુભવ મંજરી અને ગુરુપ્રભાવ ચંદ્રિકા નામના ૦૪ ગ્રંથોમાં કર્યું છે.

એક વાર એક વૈષ્ણવે ભટ્ટજી મહારાજને સારા પ્રમાણમાં આર્થિક ભેટ કરી હતી આ પૈસા પોતે ના રાખતા ભટ્ટજીએ ડાકોર રણછોડરાય મહારાજના મંદિરમાં આરસ જડાવા માટે અર્પણ કર્યા હતા. આરસ જડાવ્યાની હકીકત ડાકોર મંદિરને લગતા કોર્ટ કેસ (૧૮/૧૮૮૭) માં મળી આવે છે. તેમના કેટલાક વચનામૃતો લહિયાઓએ લખેલા છે અને ''અનુગ્રહ'' માસિકના જાન્યુઆરી, ૧૯૬૨ના અંકમાં તે પ્રસિદ્ધ થયેલા છે. ભટ્ટજી મહારાજના વચનામૃતોનો અભ્યાસ કરતા જણાય છે કે તેઓ પ્રમેય અને પ્રમાણના સંયોગથી શુદ્ધાદ્વૈતવાદના મહાપંડિત બન્યા હતા અને શ્રીરણછોડરાય મહારાજમાં તેમની અનન્ય શ્રદ્ધા હતી. તેમની ડાકોર ખાતે ગોમતી તળાવના કિનારે એક બેઠક આવેલી છે, જ્યાં દર રથયાત્રાએ શ્રીરણછોડરાય મહારાજ પધારે છે. ઉપરાંત ગુરુવારે દશેરાનો ઉત્સવ હોય તો તે દિવસે પણ શ્રીરણછોડરાય મહારાજ આ બેઠકમાં પધારે છે. ભટ્ટજી મહારાજનું સાચું ચિત્ર ઘણી મહેનત પછી પણ શોધી શકાયું નથી. પરંતુ, નડિયાદ સ્થિત ડાહીલક્ષ્મી પુસ્તકાલયમાં ભક્તકવિ દયારામભાઈને લગતા એક પુસ્તકમાંથી આ લેખ સાથે આપેલું ચિત્ર મેળવી શકાયું છે.

ભટ્ટજી મહારાજ બાદ ડાકોરમાં તેમની ગાદીએ નારાયણદાસ આવ્યા હતા. આ નારાયણદાસે આણંદના કાલિદાસ નામના બાજ ખેડાવાળ બ્રાહ્મણને દત્તક લીધા હતા. હાલમાં ભટ્ટજી મહારાજની બેઠકનો વહીવટ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. બેઠકની જગ્યા રીનોવેશન માગે તે હાલતમાં જર્જરિત થઈ રહી છે.

અસ્તુ

લેક્ચરર, બી એન્ડ બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી,
વલ્લભ વિદ્યાનગર
મો. ૯૯૯૮૮૮૩૮૬૭

॥ વાર્તા ॥

# નિયતિ

**મનીષા મકવાણા**

ઘણીવાર શિક્ષકો દ્વારા અપાતું પ્રોત્સાહન વિદ્યાર્થીના જીવનને નવી દિશામાં આગળ વધવાનું ઇજન આપતું હોય છે..

બાળપણમાં અપાયેલા સંસ્કાર જીવનભરની મૂડી હોય છે...

અમારી શાળામાં ઘણાંય શિક્ષકો સારું ભણાવતા હતા... પરંતુ ભરતભાઈ જાની કંઈક જુદા જ હતા... શિક્ષણ સાથે સંસ્કારનો પાયો નાખતા અમારા જીવનમાં... એમનો અત્યંત કડક સ્વભાવ, ક્લાસમાં કોઈ વિદ્યાર્થીની હિંમત નહોતી કે સહેજ પણ અવાજ કરી શકે... ભણાવવાની ઉત્તમ કલા.. ગુજરાતી કવિતા ભણાવે ત્યારે એટલું તો મધુર ગાતા કે કવિતા આપોઆપ યાદ રહી જાય... એમના સુરીલા અવાજમાં એવો જાદુ એમ થાય કે સાંભળ્યાં જ કરીએ... વર્ગ શિક્ષક તરીકે પ્રથમ તાસ શરૂ કરે એ પેહલા ગીતાના શ્લોકનું પઠન કરાવતા... પછી જ ક્લાસ શરૂ થાય... દરેક વર્ગમાં તેઓ વાર્તાનું વર્ણન એવું સુંદર કરતા કે વિદ્યાર્થીઓ ખોવાઈ જાય...

ઉત્તમ શિક્ષક હોવાની સાથે સાથે તેઓ એક ઉમદા ઉદાર વ્યક્તિ પણ હતા.. કેટલાય વિદ્યાર્થીના જીવન પરિવર્તનમાં તેમનો બહુ મોટો ફાળો છે...

નિયતિ એમના કલાસમાં ભણતી ખૂબ હોશિયાર છોકરી.. રૂપાળી, સંસ્કારી અને થોડી શરમાળ...જાની સાહેબની પ્રિય વિદ્યાર્થિની.. આમ પણ હોશિયાર અને આજ્ઞાકારી વિદ્યાર્થીઓ પ્રત્યે ગુરુને વિશેષ લાગણી રહેતી જ હોય છે... નિયતિ ખૂબ લાગણીશીલ અને માયાળું.. કલાસમાં બધા વિદ્યાર્થીઓને નિયતિ માટે ખૂબ આદર... રમતગમતની સ્પર્ધા હોય કે વક્તૃત્વ સ્પર્ધા દરેકમાં નિયતિ ઉત્સાહભેર ભાગ લેતી.. ઘણા ઇનામ જીતીને શાળાનું ગૌરવ વધાર્યું છે... શિક્ષકોમાં સૌથી પ્રિય નિયતિ...

તેણીના પપ્પા એક સામાન્ય સરકારી કર્મચારી હતા... ઘરમાં ત્રણ ભાઈ બહેનમાં નિયતિ સૌથી મોટી... નાની ઉંમરમાં જ પોતાના ભાઈ બહેન માટે નાની મોટી વસ્તુઓનો ત્યાગ કરી તેઓની ખુશીમાં જ પોતાની ખુશી શોધતી... બાળપણમાં જ પ્રૌઢ વ્યક્તિ જેવી સૂઝબુઝ અને શાણપણ સમજ તેનામાં વણાયેલા હતા...

દસમાં ધોરણની પરીક્ષામાં આખાય જિલ્લામાં પ્રથમ આવી.. મા બાપ અને શાળાનું નામ રોશન કર્યું... છાપામાં એના ફોટા જોઈને એના મમ્મી પપ્પાના આંખમાંથી હર્ષનાં આંસુ છલકાઈ જતા... અમારી નિયતિ અમારું અભિમાન છે... ગર્વ છે અમને અમારી નિયતિ પર...

નિયતિને હવે આગળ સાયન્સમાં અભ્યાસ કરવો હતો... પરંતુ ખર્ચો પોસાય તેવો નહોતો... ઘરની પરિસ્થિતિ જોતા એ હિંમત જ ન કરી શકી કે એના પપ્પાને જઈને કહે.. બિચારી મનની વાત કોને કહે...?

આપણાં સમાજમાં શિક્ષકને માસ્તર કહીને પણ સંબોધતા હોય છે... માસ્તર એટલે તો ખરેખર એ વ્યક્તિ જે માના સ્તરે પહોંચી શકે.. વિદ્યાર્થીની વણ કહી વેદના સમજી શકે... અને નિયતિને સમજનાર એક વ્યક્તિ હતી એના શિક્ષક ભરતભાઈ જાની...

નિયતિની ઉદાસીનતા ખૂબ સારી રીતે સમજી ગયા... ‘‘જો બેટા તારે ભણવું છે ને!!! તું જરાય ચિંતા ના કરીશ... હું સમજું છું તારી મનઃસ્થિતિ.. તું ચોક્કસ ભણીશ...તારા અભ્યાસના ખર્ચાની વ્યવસ્થા હું કરીશ...’’

જાની સાહેબને પોતાના પણ બે દીકરા હતા... તેઓ પણ ઘરમાં એકલા જ આજીવિકાનું સાધન હતા છતાંય એક શિક્ષકનો જીવ... વિદ્યાર્થીના ભવિષ્યની ચિંતા કરવામાં અને આર્થિક સહાયની વ્યવસ્થા કરવામાં ક્યારેય પાછા ન પડે.. તેઓ નિયતિના પિતાને મળીને બાંહેધરી આપે છે કે આપણે આપણી નિયતિને ભણાવામાં પાછી પાની ન કરવી જોઈએ.. એના અભ્યાસનો ખર્ચ હું ઉઠાવીશ...

નિયતિને એક સારી સ્કૂલમાં એડમિશન મળી જાય છે... પોતાની તમામ શક્તિને અભ્યાસમાં લગાવી દે છે.. ખૂબ મહેનત કરે છે.. બાર સાયન્સમાં પણ એ એટલી જ મહેનત કરીને ફરીથી જિલ્લામાં પ્રથમ આવે છે... ઓછામાં ઓછી જરૂરિયાત સાથે કરકસર કરીને ભણતી હોય છે.. એના પર ઋણ છે એના જાની સાહેબનું..

હવે બારમામાં પણ ખૂબ સારું પરિણામ મેળવ્યા બાદ તેણી મેડિકલમાં ભણી શકવાની લાયકાત ધરાવે છે પરંતુ ફરીથી એ જ પ્રશ્ન... ખર્ચ કેવી રીતે પૂરો પડશે??? કોણ વહારે આવશે... જાની સાહેબે અત્યાર સુધી મારા માટે ખૂબ મહેનત કરી છે. હવે વધારે હું એમને કષ્ટ ન આપી શકું..

પૈસાના અભાવે કાંઈ કેટલાય વિદ્યાર્થીઓના સપનાંઓ અધૂરા રહી જતા હોય છે... નિયતિની પણ એ જ દશા હોય છે... તેને સતત એના નાના ભાઈબહેન અને ઘરની નબળી આર્થિક પરિસ્થિતિ નજર આવતી હોય છે... વિચારતી હતી કે પાસે આવેલી BSC કોલેજમાં એડમિશન લઈ લઈશ ત્યાં ફી પણ ખૂબ ઓછી છે અને ઘરથી નજીક પણ છે... પોતાના સપનાઓને મારીને એ આ નિર્ણય પર આવી ગઈ...

હવે જાની સાહેબને ખબર પડે છે કે નિયતિ મેડિકલ માટે લાયકાત ધરાવે છે છતાંય BSC માટે કેમ રાજી થઈ... તેઓ નિયતિને મળવા બોલાવે છે... જો નિયતિ બેટા મેં એક સંસ્થામાં વાત કરી છે... એ સંસ્થા જરૂરતમંદ વિદ્યાર્થીઓ ને આર્થિક સહાય કરે છે અને બીજી પણ એક બે સંસ્થા દ્વારા આપણને સહાય મળી રહેશે.. તું જરાય ચિંતા ના કરીશ... તારું સપનું પૂરું કર... હું છું ને તારી સાથે....

મેડિકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે જરૂરી તમામ વિધિ કરે છે અને અમદાવાદના બી.જે. મેડિકલ કોલેજમાં એડમિશન મેળવે છે... હોસ્ટેલનો અને પુસ્તકો વિગેરેનો ખર્ચ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી સહાયથી પૂરો પડે છે... નિયતિને હવે એક જ લક્ષ્ય દેખાય છે... મળેલી તકનો ભરપૂર ઉપયોગ કરવો અને એક ઉમદા ડૉક્ટર તરીકે ઓળખાવું.. વર્ષો વીતતાં ગયા ..છ વર્ષની કઠિન તપસ્યા બાદ નિયતિ MBBS નો અભ્યાસ પૂરો કરે છે...

હવે આગળ અભ્યાસ માટે એ જાતે જ કમાઈને ભણવાનો નિર્ધાર કરે છે... હવે હું કોઈ પાસે સહાય નહીં લઉં.. હવે મારી પાસે ડિગ્રી છે... હું નોકરી કરીને જાતે જ આગળ ભણીશ...

જાની સાહેબનો ખૂબ ઉપકાર છે મારી ઉપર... એમનું ઋણ ચૂકવવું અઘરું છે...

નિયતિ હવે એક હોસ્પિટલમાં જુનિયર ડોક્ટર તરીકેની જોબ કરે છે... ઘરમાં એના પપ્પાને સહાય કરે છે... નાના ભાઈબહેનની તમામ જવાબદારી હવે એ પોતે ઉઠાવેછે... હજુય પોતાના મોજશોખ તો એને દેખાતા જ નથી... ધીમે ધીમે નોકરીમાં એને સારો પગાર મળવા લાગે છે... જે સંસ્થાઓએ એને ભણવામાં મદદ કરી હતી એ તમામ સંસ્થાઓના ઋણ અદા કરવાની હવે ક્ષમતા ધરાવે છે... પત્ર લખીને તમામ સંસ્થાઓનો આભાર વ્યક્ત કરે છે... અને જેટલી મદદ લીધી હોય છે તે ઉપરાંત વધારે મૂડી જોડીને ચેક દ્વારા એ પાછાં મોકલાવે છે... મારી જેવી અનેક નિયતિ પૈસાના અભાવે ભણી નહીં શકતી હોય તો એ સૌને મદદ કરજો એવો અનુરોધ કરે છે...

સંસ્થાનું તો ઋણ ચૂકવાઈ ગયું પણ જાની સાહેબનો ઉપકાર તો કયારેય ન ભુલાય....ભગવાન પછી જો કોઈ સ્થાન અપાય તો એ મારા જાની સાહેબનું છે...એમના અગણિત ઉપકારોનો બદલો હું ક્યારેય ન ભૂલી શકું... ન ચૂકવી શકું...

યુવાન નિયતિના હવે અનેક માંગા આવતા હોય છે... એની મમ્મી એના સગપણની વાટ જોતી હોયછે.. એના યોગ્ય ભણેલો ગણેલો કોઈ યુવાન મળી જાય તો એના લગ્ન ગોઠવવાની તજવીજ ચાલી રહી હતી ઘરમાં... પરંતુ નિયતિને હજુ ભણવું હતું... એ તો ઋણ અદા કરવામાં પડી હતી... હજુ આગળ અભ્યાસ કરવા માટે એણે મૂડી એકત્રિત કરી હતી...

એકવાર એક દર્દીના ઈમર્જનસી કોલ પર દોડીને હોસ્પિટલમાં જતાં જતાં રસ્તામાં એક કાર સાથે અથડાઈ જાય છે... એકસિડેન્ટ એટલો તો ભયાનક હતો કે નિયતિને પોતે ઈમર્જનસીમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી... આખી રાત ડોક્ટરોની ટીમ હોસ્પિટલમાં એની સારવાર કરતી રહી... બહાર એના માતા પિતા અને ભાઈબહેન ખૂબ દુઃખી.. અમારી દીદીને અચાનક શું થઈ ગયું???

નિયતિની મમ્મીના આંસુ સુકાતા નથી... એના પપ્પા દિલાસો આપતા હોય છે... લગભગ પાંચકલાક પછી ડોક્ટર ઓપરેશન થિયેટરની બહાર આવે છે...નિયતિના પપ્પાને પાસે બોલાવીને કહે છે ‘‘માફ કરજો... નિયતિનો જમણો પગ કાપવો પડશે.. અમે ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ પરિસ્થિતિ ખૂબ ગંભીર છે.. ઇન્ફેકશન ખૂબ ફેલાઈ ગયું

છે... તમારી પરવાનગી હોય તો અમે ઓપરેશન શરૂ કરીએ...'' નિયતિના પપ્પા બે ઘડી ધબકાર ચૂકી ગયા.. તેઓ કલ્પના પણ ન કરી શક્યા કે મારી દીકરીની આ હાલત થશે.. ''ભલે ડોક્ટર સાહેબ પણ મારી દીકરીને બચાવી લ્યો...'' રડતાં રડતાં હાથ જોડીને ડોક્ટરને વિનંતી કરી...

લગભગ બીજા છ કલાક પસાર થયા... આખો પરિવાર આઇસીયુ બહાર બેઠાં બેઠાં ભગવાનને રડતી આંખે પ્રાર્થના કરી રહ્યો હતો...

ઓપરેશન પૂરું થયું..

ડોક્ટર બહાર આવ્યાં અને કહ્યું હવે નિયતિ સુરક્ષિત છે.. ખતરો ટળી ગયો...પરંતુ એ સદાયને માટે પોતાનો જમણો પગ ગુમાવી ચૂકી છે... આપ એને હિંમત આપજો કે આ આઘાત સહન કરી શકે...

કહેવાય છે કે સમય દરેક દર્દની દવા છે.. નિયતિ પણ પોતાની નિયતિને સ્વીકારી લે છે..ફરીથી પોતાની જાતને પરિસ્થિતિ સામે લડવા તૈયાર કરી લે છે... નવેસરથી નવું જીવન, નવા સંઘર્ષનો સામનો કરવા હામ ભીડે છે..

અપૂર્વ તેની સાથે જોબ કરતો હતો... એક વાર મોકો મળતા તેણે નિયતિ સામે લગ્નનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો... નિયતિ હજુ કોઈ જવાબ આપે તે પહેલાં આ દુર્ઘટના એના જીવનમાં ઘટી ચૂકી હતી....

નિયતિએ ફરીથી જોબ શરૂ કરી.. હવે અપૂર્વ તેની આસપાસ પણ ફરકતો ન હોતો...રખેને નિયતિ હવે જવાબ આપે મારા પ્રસ્તાવનો અને આ પળોજણ મારે આજીવન ભોગવવી પડે...

પરંતુ નિયતિ ખૂબ સ્વમાની યુવતી હતી.. કોઈના સહારે જીવવાની કળા એ શીખી જ નહોતી. આત્મનિર્ભર અને આત્મવિશ્વાસથી છલકાતી નિયતિ એકવાર અપૂર્વની સામે આવી ગઈ... અપૂર્વને કહ્યું તારે ક્યાંય છુપાવાની જરૂર નથી.. હું તારી સાથે લગ્ન નહીં કરું... તું ખુશ રહે તારા જીવનમાં એ મારી શુભકામના...

પ્રેમની પરીક્ષા આવી પરિસ્થિતિમાં જ થતી હોય છે...સ્વાર્થી દુનિયામાં સાચો પ્રેમ એટલો આસાનીથી નથી મળતો...

નિયતિ એકવાર પોતાના ભગવાન સમા શિક્ષક જાની સાહેબને મળવા જાય છે... દિવાળીના દિવસોમાં આશીર્વાદ મેળવવા ...

નિયતિની આ આવી અવસ્થા જોઈને સાહેબને પણ ખૂબ દુઃખ થાય છે...પરંતુ હંમેશાની જેમ નિયતિને હિંમત જ આપતા...તું તો બહાદુર છે. નિયતિ... દુનિયાની કોઈ તકલીફમાં તું હાર માને એમાંની નથી... હા સાહેબ! આપના આશીર્વાદથી હવે આ અપાહીજ અવસ્થામાં પણ મનનું સંતુલન જાળવી રાખવામાં પાવરધી થઈ ગઈ છું...

આવજો સર..!!!

નિયતિને જતા જોઈને અનિરુદ્ધ એને સ્ટેશન સુધી મૂકવા જાય છે... જાની સાહેબની વિનંતી થી...

અનિરુદ્ધ જાની સાહેબનો મોટો દીકરો... નિયતિથી લગભગ વર્ષ મોટો... એ એક સોફ્ટવેર એન્જિનિયર હતો... અમદાવાદની એક જાણીતી મલ્ટીનેશનલ કંપનીમાં જોબ કરતો હતો...સ્માર્ટ, સંસ્કારી અને થોડો શરમાળ પ્રકૃતિનો... અનિરુદ્ધ નિયતિના સંઘર્ષથી વાકેફ હતો.. એના જીવનની તમામ ચડતી-પડતીનો એ સાક્ષી હતો... એને નિયતિ માટે ખૂબ આદર હતો... આમ તો એની શરમાળ અને અંતર્મુખી પ્રકૃતિના કારણે કયારેય નિયતિ સાથે વાત નહોતી કરી... પરંતુ આજે થોડી હિંમત કરીને એની સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો...

નિયતિ મારે તમને એક ખૂબ જરૂરી વાત કરવી છે.. હા.. બોલોને અનિરુદ્ધ..!!! શું વાત છે?? નિયતિ હું તમને બાળપણથી ઓળખું છું.. તમારાં તમામ સંઘર્ષનો હું મૂક સાક્ષી છું...જે વાત હું તમને કરવા જઈ રહ્યો છું તે વાત ઘણા વર્ષોથી મનમાં સંઘરી રાખી હતી.... બાર સાયન્સના અભ્યાસ પછી હું એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરવા લાગ્યો... પણ ખબર પડી કે તમને મેડિકલમાં તક મળી.. હું ખૂબ ખુશ થયો હતો... મનોમન હું તમને ખૂબ ચાહવા લાગ્યો હતો... પરંતુ તમે ડોક્ટર એટલે મને એમ કે તમે તમારા જેવા જ કોઈક ડોક્ટર ને પસંદ કરશો... મેં મારા મનની વાત મનમાં જ રાખી.. પણ આજે હું મારા મનની વાત તમને નહીં કરું તો આજીવન અફસોસ રહી જશે...

નિયતિ તમે મારી સાથે લગ્ન કરશો??? મને તમારા જેવા જીવનસાથીની જરૂર છે...

આ વાત સાંભળીને નિયતિ સ્તબ્ધ થઈ ગઈ...

અનિરુદ્ધ તમે જુઓ છો ને હું અપંગ થઈ ગઈ છું... હું તમારા પર બોજ કેવી રીતે બની શકું???

જાની સાહેબના અનેક ઉપકાર છે મારી ઉપર... હું તેમને અન્યાય ન કરી શકું... તમે ખૂબ હોશિયાર અને સ્માર્ટ છો.. તમને તમારા જેવી જ કોઈક રૂપાળી સુંદર યુવતી મળી જશે.. મારા જેવી અપાહીજ સાથે શા માટે જીવન બરબાદ કરવું?? માફ કરજો અનિરુદ્ધ.... તમારી સાથે લગ્ન કરીને તમને દુઃખી કરવાનો મને કોઈ અધિકાર નથી...

નિયતિને અલવિદા કહી અનિરુદ્ધ ઘરે પાછો જાય છે... સાંજે એકાંત મળતા પોતાના પિતા જાની સાહેબને નિયતિ સાથે કરેલી વાતો અને લગ્નના પ્રસ્તાવની વાત કરે છે.. સાંભળીને જાની સાહેબને પોતાના દીકરા પ્રત્યે ખૂબ માન થયું.. બેટા!! મને ગર્વ છે તારા પર..નિયતિ આપણા ઘરની પુત્રવધૂ બને એમાં અમને કોઈજ વાંધો નથી... અમે તારા નિર્ણયમાં પૂરેપૂરા સંમત છીએ...

થોડા દિવસ પસાર થાય છે... એક દિવસ રવિવારની સાંજે જાની સાહેબ અનિરુદ્ધને લઈને નિયતિના ઘરે જાય છે...

જો બેટા નિયતિ..તારી સાથે જે થયું તે કોઈની પણ સાથે થઈ શકે છે... એમાં તારો કોઈ દોષ નથી... જો લગ્ન પછી આ ઘટના તારા જીવનમાં ઘટી હોત તો શું અમે તારો સાથ છોડી દેતા???...એ વિચાર તારા મનમાંથી કાઢી નાંખ બેટા!! ચાલ અમારા ઘરને શોભાવ... નિયતિના માતાપિતા ખૂબ ભાવુક થઈ ગયા... નિયતિ પણ અંતે માની જાય છે.. આજે નિયતિ અને અનિરુદ્ધ તેમના બે સંતાનો સાથે ખૂબ સુખી સમૃદ્ધ જીવન જીવી રહ્યા છે...

એક શિક્ષક ખરેખર વિદ્યાર્થીના જીવનના જ્યોતિર્ધર બની શકે... જાની સાહેબ જેવા શિક્ષક એનું જીવતું જાગતું ઉદાહરણ છે...

(લેખિકાના વાર્તા સંગ્રહ 'સંવેદના'માં પ્રકાશિત થયેલ વાર્તા)

Assistant Professor,
A.D. Patel Institute of Technology,
New Vallabh Vidhyananar
Contact No: 9904237847,
email: me.manishagmail.com

---

**।। વિદ્યાવૃત્ત ।।**

### ચારુતર વિદ્યામંડળના ૭૫ વર્ષની ઉજવણી ના ભાગરૂપે રાણક અને સ્કેવેર હોસ્ટેલ ખાતે વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો.

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ૭૫માં વર્ષની ઉજવણી કરી રહેલ હોય ઉજવણીના ભાગરૂપે રાણક અને સ્કેવેર હોસ્ટેલમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીશ્રી ડૉ.એસ.જી.પટેલ સાહેબ, માનદ્ સહ મંત્રીશ્રી ખોડાભાઈ એસ.પટેલ સાહેબ તથા માનદ્ સહ મંત્રીશ્રી વિશાલભાઈ એચ.પટેલ સાહેબ ઉપરાંત ઉમાબેન દેસાઈ, ડૉ.પરેશ મોરધરા, બી.જે.વી.એમ કોલજ દ્વારા વૃક્ષા રોપણ કરવામાં આવેલ. આ વૃક્ષા રોપણ કરવામાં બી.જે.વી.એમ કોર્મસ કોલેજના એન.એસ.એસ યુનિટની બહેનો દ્વારા વિશેષ સહકાર મળ્યો હતો. વૃક્ષા રોપણ કાર્યક્રમને સફળ બનાવવા જીજ્ઞાબેન પટેલ તથા રાણક અને સ્કેવેર હોસ્ટેલના સ્ટાફગણ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ વૃક્ષા રોપણમાં કુલ ૧૦૫ વૃક્ષનું રોપણ કરવામાં આવેલ.

**।। વિદ્યાવૃત્ત ।।**

### સી.વી. એમ. હાયર સેકન્ડરીમા શિક્ષક દિનની ઉજવણી કરાઈ

સી.વી.એમ. હાયર સેકન્ડરી હોમસાયન્સ ખાતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના માનમાં સ્વંય શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તેઓએ સર્વ શિક્ષક ગણનું કુમકુમ તિલક અને સ્મૃતિ ભેટ દ્વારા અભિવાદન કર્યું હતુ. શાળાના ફાઇનઆર્ટસ ઈન્ચાર્જ નયના શર્મા એ સમગ્ર ઉજવણીનું માર્ગદર્શન આપ્યું હતું અને આચાર્યાશ્રી સુચિતાબેન ખરાદીએ આશીર્વચન પાઠવ્યા હતા.

॥ નિબંધ ॥

## વતનના ઘરની તરસ

ભગીરથ બ્રહ્મભટ્ટ

**ઉદરકાજે વસીએ ભલે દેશાવર**
**દિવાળીએ સાંભરે સૌને સૌનું ઘર**

દિવાળી આવે એટલે સૌને પોતાનું ગામ અને ઘર સાંભરે... પરદેશમાં બેઠેલો કોઈ ધનિક હોય કે પરગામ રહેતો કોઈ ગરીબ હોય... દિવાળી આવે એટલે પરણેતરને પિયર સાંભરે એમ વિખૂટા પડેલા સૌ ગ્રામજનોને ગામ સાંભરે. દિવાળી ટાણે વતનનું ઘર કેમ સાંભરતું હશે? વતનના ઘરમાં તો કશું રહ્યું નથી. ઊધઈ આવી ગઈ છે. બારણાં પડુ પડુ છે- ભીંતો ખવાઈ રહી છે. કેડ કેડ સમો કચરો છે... આંગણું ઉજ્જડ છે... કેટલાય વખતથી કોઈ રહેતું નથી...અવાવરું થઈ ગયું છે એ ઘર છતાં એ ઘર દિવાળી ટાણે શીદને આવે છે યાદ? ઘરનું આકર્ષણ કેમ ઓછું થતું નથી?

એ બંધ ઘરના ગોખલામાં દીવા મેલાતા એ ગોખલાય કાળા પડી ગયા છે... એ બંધ ઘરના ઓટલે ફટાકડા ફોડતા એ ઓટલાય તૂટી ગયા છે એ બંધ ઘરને ચૂલે ચૂરમુ થતું... રોટલા થતા.. બા માલપુઆ બનાવતી એ ચૂલોય ઠરી ગયો છે એ બંધ ઘરના ખાટલે આરામ કરતા, એ ખાટલાય તૂટી ગયા છે...રવૈયા ઉપર નેતરું વીંટી મા છાસ બનાવતી...એ રવૈયો રડે છે અને નેતરું જાણે નાત બહાર મેલ્યું હોય એમ ખીંટી ઉપર ડૂસકે ચઢ્યું છે....જાળાં...કબૂતરની હગાર અને ચામાચિડિયાંના રઘવાટથી એ ભરાઈ ગયું છે છતાં એ ઘર દિવાળી આવતાં કેમ યાદ આવતું હશે? એ ગામના શિવાલયમાં બધા ભેગા થતા... એ મીઠાં મિલન થતાં...એ કેમ સાંભરતું હશે? દીવાના અજવાળે ઘર, ગામ નહિ આપણાં અંતર પણ ઊજળાં રહેતા એ ઉજાસ આજની વીજળીના ઝગમગાટમાં ક્યાં ખોવાઈ ગયો?

આમ જોવા જઈએ તો ગામડાના પ્રમાણમાં શહેરમાં કઈ વાતની ખોટ છે? એ ઘર કરતાં કેટલું મોટું એપાર્ટમેન્ટ છે-ફ્લેટ છે...ફ્રિજ ગામડે ક્યાં હતું? શહેરમાં કપડાં ધોવાનું મશીન છે, ગામડે ક્યાં હતું? રોટલી વણવાનું મશીન છે, ગામડે ક્યાં હતું ? ગામડાના ઘરને આખી જિંદગી રંગ નથી કર્યો શહેરના ઘરને વરસે બે વરસે રંગ કરીએ છીએ નવું નવું રાખીએ છીએ. સોફા છે-ખુરશી છે તિજોરી છે-પંખા છે- એ.સી. છે-ઓવન છે શું નથી શહેરના મકાનમાં? છતાં દિવાળી આવે છે અને ગામનું- વતનનું પેલું ઘર કેમ સાંભરે છે? ગામડું અને ગામડાનું ઘર શહેરની તુલનામાં તો ગરીબ લાગે, રાંક લાગે છતાં એનું આકર્ષણ કેમ ઓછું થતું નથી? એવું તો છે શું ગામડાના એ ઘરમાં કે વળીવળીને જીવ ત્યાં જઈને ઠરે છે... વરસ પૂરું થતાં દિવાળી આવે અને જીવડો એ ગામના ઘરની જાતરા કરવા નીકળી જ પડે.

ગામડાનું ઘર સાત સાત પેઢીઓના હેતનું પાણી પીને ઊભું છે. એ હેત છે તમારા શહેરના મકાનમાં? ગામડાનું ઘર ખાનદાનીનો ખજાનો કહેવાય. એણે કેટકેટલાં સભ્યોને સાચવ્યાં...? પાંચમાં પૂછાતા ઢબોભા સચવાયા અને ગાંડાં દાદીમા પણ એણે સાચવ્યાં...બાવા જેવો ભાણિયો પણ ત્યાં મોટો થયો અને ફોઈનું વૈધવ્ય પણ તેણે પાર પાડ્યું એ ઘરે શું નથી જોયું? તોફાનોય જોયા અને શાંતિ પણ જોઈ.. ચોમાસાંય જોયાં અને ઉનાળાય જોયા...હોળીઓય જોઈ ને દિવાળીઓય જોઈ પેઢીઓની પેઢીઓ ઘડાઈ વારસદારોનાં વ્યક્તિત્વોને પાંખો ફૂટી...એ ઘર તો માળો હતું માળો... કેટકેટલાંને ટાઢક આપે...ખેડૂત, ભાગિયો, ભત્રીજો, સાળો... ગરીબ, ભરથરી... દીકરા...દીકરીઓ... કેટકેટલાના આશિષ લઈને એની ભીંતો પાકટ થઈ છે? એ ઘરમાં ગાંડપણ જીરવાયું અને ડહાપણ ને પાંખો ફૂટી...એ ઘરમાં ઈંડાં સેવાયાં અને પાંખો લઈ ઊડ્યાં....એ ઘર સાથે કેટલી બધી સ્મૃતિઓ સંયોજાઈ છે બા એના દેહ પર ગાર-લીંપણની આશિષ ચોપડતી.. બેનોએ એમાં હાલરડાં ગાયા અને સાંભળ્યાં.... એના દેહ પર ઓકળીઓની ભાત ચિતરાતી અને ચહેરા ઉપર ચૂનાનો પાવડર છંટાતો-ઘર ખુશ અને ઘરનાં પણ ખુશ. ઘર રૂપાળું થઈ જતું-દિવાળી આવે એટલે એના ઉમ્બરે લાભ-શુભ લખાતાં-સાથિયા દોરાતા-ઘરે ચોમાસાં જ નહિ શિયાળા અને ઉનાળા પણ પીધા છે-કેટકેટલી ઋતુઓનો એણે પરિચય મેળવ્યો છે કેવા કેવા આત્માઓ એની અંદર વસ્યા અને ગયા! પુણ્યાત્માઓ તેણે પેદા કર્યાં...નિસ્પૃહી જીવો તેણે ઘડ્યા... દાની અને ઉમદા મોટાભાઈને તેણે સંસ્કાર આપ્યા...એ નાનકડા ઘરની ખાનદાનીનો ખજાનો ક્યાં કમ છે?

શહેરમાં ભલે વસીએ પણ 'હાશ' નથી થતું.. એકલા પડી જવાનો ડર છે. ઘણું ભેગું કરીએ પણ ધરવ થતો નથી. ઘણું ખાઈએ પણ પેલા રોટલાની તોલે કશું આવી શકતું નથી...ફ્રિજનું પાણી અને એ.સી. ની ટાઢક... ગામ પ્રત્યે લાગેલી ઉષ્માની તુલના કરી શકતાં નથી. હું ફ્રિજના પાણીથી ટાઢો થઈ શકતો નથી અને સોલરના પાણીથી મારો થાક ઉતરતો નથી... જિંદગી ભારે ભારે લાગ્યા કરે છે કેમ ગામ-ઘરનું આકર્ષણ ઓછું થતું નથી?

પ્લોટનં ૮૩૬ 'ગ્રેસ' બંગલો,
મનીષ કોર્નરની પાછળ, વલ્લભવિદ્યાનગર

# Ethnobiology: Facts, Facets and Future

Hiren B. Soni

Ethnobiology is the scientific study of the living things, treated or used by different human cultures. It studies the dynamic relationships between people, biota, and environment, from the distant past to the immediate present[1]. 'People-biota-environment' interactions around the world are documented and studied through time, across cultures, and disciplines in a search for valid, reliable answers to two 'defining' questions: 'How and in what ways do human societies use nature, and how and in what ways do human societies view nature?'[2].

## Historical Background

**Beginnings (15th to 19th Century):** Biologists have been interested in local biological knowledge since the time Europeans started colonizing the world, from the 15th century onwards. Paul Sillitoe wrote that Europeans not only sought to understand the new regions they intruded into, but also were on the look-out for resources that they might profitably exploit, engaging in practices that today we should consider tantamount to biopiracy. Many new crops entered into Europe during this period, such as potato, tomato, pumpkin, maize, and tobacco. Local biological knowledge, collected and sampled over these early centuries significantly informed the early development of modern biology[3].

During the 17th century, Georg Eberhard Rumphius benefited from local biological knowledge in producing his catalogue, 'Herbarium Amboinense', covering more than 1200 species of plants in Indonesia. During the 18th century, Carl Linnaeus relied upon Rumphius's work, and corresponded with other people all around the world when developing the biological classification scheme that now underlies the arrangement of much of the accumulated knowledge of the biological sciences. During the 19th century, Charles Darwin, the 'Father of Evolutionary Theory', on his Voyage of the HMS Beagle took interest in the local biological knowledge of peoples he encountered[3].

**Phase - I (1900–1940):** Ethnobiology itself, as a distinctive practice, only emerged during the 20th century as a part of the records then being made about other peoples, and other cultures. As a practice, it was nearly always ancillary to other pursuits when documenting other's languages, folklore, and natural resource use. Roy Ellen commented that at its earliest and most rudimentary, this comprised listing the names and uses of plants and animals in native non-Western or 'traditional' populations often in the context of salvage ethnography i.e. Ethnobiology as the descriptive biological knowledge of 'primitive' peoples[4]. This 'first phase' in the development of ethnobiology as a practice has been described as still having an essentially utilitarian purpose, often focusing on identifying those 'native' plants, animals and technologies of some potential use and value within increasingly dominant western economic systems[5].

**Phase - II (1950–1970):** Arising out of practices in Phase I, came a 'second phase' in the development of 'Ethnobiology', with researchers now striving to better document and better understand how other peoples' themselves 'conceptualize and categorize' the natural world around them[4]. In Sillitoe's words 'By the mid-20th century, utilitarian-focused studies started to give way to more cognitively framed ones, notably studies that centered on elucidating classificatory schemes[3]. This 'second' phase is marked as under[4]:

- Northern America (Mid-1950) with Harold Conklin's completing his doctorate entitled 'The relation of Hanunóo culture to the plant world'[1, 6]
- Britain (Mid-1960) with the publication of Claude Lévi-Strauss' book 'The Savage Mind'[7] legitimating 'folk biological classification' as a worthy cross-cultural research endeavor[7]
- France (Mid-1970) with André-Georges Haudricourt's linguistic studies of botanical nomenclature[8] and R. Porters' and others work in economic biology[9].

**Present (1980–2000):** By the turn of the 21st century, ethnobiological practices, research, and findings have had a significant impact and influence across a number of fields of biological inquiry including ecology[10], conservation biology[11.12], development studies[13], and political ecology[14]. Ethnobiology is a rapidly growing field of research, gaining professional, student, and public interest internationally. It has come out from its place as an ancillary practice in the shadows of other core pursuits, to arise as a whole field of inquiry and research in its own right: taught within many tertiary institutions and educational programs around the world[4]; with own methods manuals[15], own readers[16], and own textbooks[17].

Facets of Ethnobiology

**Usage:** All societies make use of the biological world in which they are situated, but there are wide differences in use, informed by perceived need, available technology, and the culture's sense of morality and sustainability. Ethnobiologists investigate what life-forms are used for what purposes, the particular techniques of use, the reasons for these choices, and symbolic and spiritual implications of them.

**Taxonomy:** Different societies divide the living world in different ways. Ethnobiologists attempt to record the words used in particular cultures for living things, from the most specific terms (analogous to species names in Linnean biology) to more general terms (such as 'tree' and even more generally 'plant'). They also try to understand the overall structure or hierarchy of the classification system (if there is one; there is ongoing debate as to whether there must always be an implied hierarchy)[18].

**Cosmological, Moral and Spiritual Significance:** Societies invest themselves and their world with meaning partly through their answers to questions like 'how did the world happen?', 'how and why did people come to be?', 'what are proper practices, and why?', and 'what realities exist beyond or behind our physical experience?' Understanding these elements of a societies' perspective is important to cultural research in general, and ethnobiologists investigate 'how a societies' view of the natural world informs and is informed by them?'

**Traditional Ecological Knowledge:** In order to live effectively in a given place, a people need to understand the particulars of their environment, and many traditional societies have complex and subtle understandings of the places in which they live. Ethnobiologists seek to share in these understandings, subject to ethical concerns regarding intellectual property and cultural appropriation.

**Ethics:** Through much of the history of ethnobiology, its practitioners were primarily from dominant cultures, and the benefit of their work often accrued to the dominant culture, with little control or benefit invested in the indigenous people whose practice and knowledge they recorded. Just as many of those indigenous societies work to assert legitimate control over physical resources such as traditional lands or artistic and ritual objects, many

work to assert legitimate control over their intellectual property. In an age when the potential exists for large profits from the discovery of, for example, new food crops or medicinal plants, modern ethnobiologists must consider intellectual property rights, the need for informed consent, the potential for harm to informants, and their 'debt to the societies in which they work'[20].

**Cross-Cultural Ethnobiology:** In cross cultural ethnobiology research, two or more communities participate simultaneously. This enables the researcher to compare 'how a bio-resource is used by different communities?[19].

## Major Disciplines of Ethnobiology

**Ethnoecology:** It refers to an increasingly dominant 'ethnobiological' research paradigm, focused primarily on documenting, describing, and understanding how other peoples perceive, manage, and use whole ecosystems.

**Ethnobotany:** It investigates the relationship between human societies and plants; how humans use plants- as food, technology, medicine, and in ritual contexts; how they view and understand them; and their symbolic and spiritual role in a culture.

**Ethnozoology:** It focuses on the relationship between animals and humans throughout human history. It studies human practices such as hunting, fishing, and animal husbandry in space and time, and human perspectives about animals such as their place in the moral and spiritual realms.

## Sub-disciplines of Ethnobiology

**Ethnoagriculture**: It is the study of the relationships between the people of a primitive society and crop plants. It is an interdisciplinary science and has relevance to sociology, anthropology, taxonomy, photochemistry, archaeology, ecology, medicine, linguistics, etc.

**Ethnoastronomy (Archaeoastronomy)**: It is the interdisciplinary or multidisciplinary study of how people in the past have understood the phenomena in the sky, how they used these phenomena, and what role the sky played in their cultures.It is often twinned with the anthropological study of sky-watching in contemporary societies, closely associated with historical astronomy, the use of historical records of heavenly events to answer astronomical problems and the history of astronomy, which uses written records to evaluate past astronomical practices.

**Ethnochemistry:** It is the study of chemical ideas found in any culture, where an appreciation of cultural heritage is preserved. In the West African Country of Ghana, an example of this is the bead makers, who do not explain what they are doing in modern chemical terms, though they do explain the process in their own artistic way. There was a positive impact on the achievement of students and retention of knowledge, when ethnochemistry is applied to a classroom setting. It can also help to make students aware of the role in which chemistry plays in their everyday lives.

**Ethnogynecology:** It is the study of on woman's bodily processes, illustrating the importance of physiology and pathology of female reproductive organs including genital organs. It focuses on the study of effects of medicinal plants on gynecological disorders such as menstruation, fertility, pregnancy, post-partum period, contraception, and their impact on overall reproductive health of a woman.

**Ethnolinguistics:** It is the examination of the perceptions, knowledge, and classifications of the world as reflected in their use of language, which can help anthropologists understand a given culture. By using an ethnographic approach to studying a culture and learning their

lexicon and syntax, they are able to gain more knowledge in understanding how a particular culture classifies its material and social universe. In addition, this approach provides simultaneously a point at which the discipline of linguistics, or at least some of its general attitudes, may sensibly be used in anthropology and as a means of gaining insight not only into the nature of man but also into the nature of culture.

**Ethnomathematics:** It is the study of the relationship between mathematics and culture, often associated with cultures without written expression. It may also be defined as 'the mathematics which is practiced among identifiable cultural groups'. It refers to a broad cluster of ideas ranging from distinct numerical and mathematical systems to multicultural mathematics education. The goal of ethnomathematics is to contribute to the understanding of culture and the understanding of mathematics, mainly to lead to an appreciation of the connections between the two.

**Ethnomedicine:** It is a study or comparison of the traditional medicine based on bioactive compounds in plants and animals practiced by various ethnic groups, especially those with little access to western medicines, e.g. indigenous peoples. Often these traditions constitute significant interactions with insects as well in Africa or around the globe. Ethnomedical research is an interdisciplinary study of traditional medicines, applies the methods of ethnobotany and medical anthropology. Scientific ethnomedical studies constitute either anthropological research or drug discovery research. The purpose of drug discovery research is to identify and develop a marketable pharmaceutical product.

**Ethnomusicology:** It is the study of music from the cultural and social point of view of the people. It encompasses distinct theoretical and methodical approaches that emphasize cultural, social, material, cognitive, biological, and other dimensions or contexts of musical behavior, instead of only its isolated sound component.

**Ethnopharmacology:** It is a related study of ethnic groups and their use of plant compounds. It is linked to medicinal plant use and ethnobotany, as this is a source of lead compounds for drug discovery. Emphasis has long been on traditional medicines, although the approach also has proven useful to the study of modern pharmaceuticals. It involves studies of the (a) identification and ethnotaxonomy (cognitive categorization) of the (eventual) natural material, from which the candidate compound will be produced; (b) traditional preparation of the pharmaceutical forms; (c) bio-evaluation of the possible pharmacological action of such preparations (ethnopharmacology); (d) their potential for clinical effectiveness; and (e) socio-medical aspects implied in the uses of these compounds (medical anthropology).

**Ethnoscience:** It is an attempt to reconstitute what serves as science for others, their practices of looking after themselves and their bodies, their botanical knowledge, but also their forms of classification, of making connections, etc.

**Ethnotaxonomy:** It refers either to that sub-discipline within ethnology, which studies the taxonomic systems defined and used by individual ethnic groups, or to the operative individual taxonomy itself, which is the object of the ethnologist's immediate study.

**Ethnotoxicology:** The traditional definition of toxicology is 'the science of poisons'. As our understanding of how various agents can cause harm to humans and other organisms, a more descriptive definition of toxicology is 'the study of the adverse effects of chemicals or physical agents on living organisms'.

## Challenges in Ethnobiological Research

In the context we are now looking at, the economic and social changes in the rural world and the disappearance of a survival system greatly dependent on available natural resources mean that a great deal of plant knowledge stopped being part of consumption, work and ritual. It is now explained and further crystallized knowledge, and frequently has no connection with any activity, either because it now lies only in past memories or because it is exogenous knowledge, erudite and found in books, learnt not through a 'know how to do' but a 'know how to say' process. Changes in plant uses and knowledge are linked to the change of the practical involvement with the environment. We could equally analyze these changes as the heightening of a patrimonial view of ethnobotanical knowledge, whose richness people want to increase, and as associated to an idea of nature as a value to defend and protect. This is a vision of nature shared by people that feel the world, but, in a certain way, no longer feel part of the world. This is then the great challenge that has been put to carrying out ethnobiology with an ethnographic gaze: to understand, without any kind of nostalgia filter, that the way different peoples of the world make places are uniform in its outlines, following environmentalist viewpoints that in the end separate them from ontology that are truly ecological; to understand, without the filter of dogmatism, that this doesn't imply the inexistence of creative adaptations that allow for the continuation of different forms of feeling the world[22].

## A Final Thought

Furthermore, the above-mentioned challenges must be considered not only in light of western industrialized nations' common understanding of ethics and law, but also in light of the ethical and legal standards of the societies from which the ethnobiologist draws information[21].

### References


1. Society of Ethnobiology's Webpage: 'What is Ethnobiology?' Archived on 16.04.2008 at Wayback Machine. Accessed on April 12, 2008.
2. Hirschfeld, Lawrence. (1994) Ethnobiological Classification: Principles of Categorization of Plants and Animals in Traditional Societies. Brent Berlin. American Ethnologist. 21. 10.1525/ae.1994.21.2.02a00220.
3. Sillitoe, Paul (2006) The Search for Relevance: A Brief History of Applied Anthropology. https://doi.org/10.1080/02757200500501066. 1-19 pp.
4. Ellen, Roy (2006) Ethnobiology and the science of humankind. Journal of The Royal Anthropological Institute (Special Issue). Oxford: Blackwell.
5. Examples of Studies from this 'First' Phase in the Development of Ethnobiology include Stevenson (1915), Castetter (1944) and Harrington (1947).
6. Conklin, H.C. (1954) An ethnoecological approach to shifting agriculture. Trans. NY Acad. Sci. 17 (2): 133-142.
7. Lévi-Strauss, Claude (1966) La Pensée sauvage (The Savage Mind).

8. Haudricourt, Andre-Georges (1954) Comment reconstruire le chinois archaïque. Word 10 (2/3): 351–364. English translation by Guillaume Jacques: How to reconstruct Old Chinese.

9. Stern, D. (1990) Ethno-ideological segregation and metropolitan development. Geoforum. 21 (4): 397-409.

10. Ethnobiology's Influence on Ecology. See Balée (1998), Plotkin (1995), Schultes and Von Reis (1995).

11. O'Neill, Alexander; et al. (2017) Integrating Ethnobiological Knowledge into Biodiversity Conservation in the Eastern Himalayas. Journal of Ethnobiology and Ethnomedicine. 13 (21): 1-14.

12. Ethnobiology's Influence on Conservation Biology. See Cunningham (2001), Johannes (1989), Laird (2002), Tuxill and Nabhan (2001).

13. Ethnobiology's Influence on Development Studies. See Warren, Slikkerveer and Brokensha (1995).

14. Ethnobiology's Influence on Political Ecology. See Zerner (2000).

15. Ethnbiology Methods Manuals. See Alexiades (1996), Martin (1995).

16. Minnis, P. (2000) Ethnobotany: A Reader. University of Oklahoma Press, Norman. (ISBN: 0-806-13180-2).

17. Cotton, C.M. (1996) Ethnobotany: Principles and Applications. John Wiley and Sons, England. 424 pp. (ISBN 0-471-95537-X).

18. Ellen, Roy (1993) The Cultural Relations of Classification, an Analysis of Nuaulu Animal Categories from Central Seram. Cambridge University Press, Cambridge. 216 pp.

19. Franco, F.M. and Narasimhan, D. (2012) Ethnobotany of the Kondh, Poraja, Gadaba and Bonda of the Koraput Region of Odisha, India. D.K. Printworld, New Delhi.

20. Code of Ethics of the American Anthropological Association, Section A.

21. Dodson, M.S. (2007) Orientalism, Empire and National Culture. Cambridge University Press, Cambridge.

22. Amélia Frazão-Moreira (2015) Ethnobiological research and ethnographic challenges in the "ecological era". Etnográfica 19 (3): 605-624.

Department of Environmental Science & Technology (EST), Institute of Science & Technology for Advanced Studies & Research (ISTAR), Vallabh Vidyanagar - 388120, Dist. Anand, Gujarat, India Corresponding Author: drhirenbsoni@gmail.com


॥ વિદ્યાવૃત્ત ॥

## Career Guidance seminar arranged by ISTAR

Counseling Cell of ISTAR organized seminar on "Preparation for competitive exams and Career Guidance". Dr. H.N. Kapse, Counseling Coordinator of ISTAR welcomed and introduced Mr. Chirag Patel from Dhyey Academy, Vallabh Vidyanagar. He enlighten students by deliberating on preparative aspects of competitive exams and focusing on to the goal. He also explained status of govt. jobs in various fields and sections of ministry. About 100 students from different departments of ISTAR benefited from this seminar. Counseling cell member thanked Principal, ISTAR and Charutar Vidyamandal for their kind support and encouragement.

## સરદાર પટેલઃ ધ બોસ

દિવ્યાંશુ કે. વોરા




'સરદાર વિષે જો કાગળ લખું, સ્પષ્ટતા, દ્રઢતા ને હિંમત લખું, બીજું તો શું આગળ લખું?!!

કરમસદના સપૂત વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલને સરદાર જ કહીએ, કારણકે તેઓ દરેક રીતે સાચા અર્થમાં સરદાર હતા. તેમના સમગ્ર જીવન અને કવન ઉપર દ્રષ્ટિપાત કરતાં આપણને એવું શીખવા મળે કે આપણે કરવાના કોઈ પણ કાર્ય માટે "3 C" (ત્રણ સી) મહત્વના છેઃ Clarity (સ્પષ્ટતા), Commitment (દ્રઢતા) અને Courage (હિંમત).

અમેરિકાના વિખ્યાત સામયિક "ટાઈમ"ના ધ્યાનમાં સરદારના આ ગુણો આવ્યા અને એટલે જ ૨૭મી જાન્યુઆરી, ૧૯૪૭ના અંકની કવર સ્ટોરી, સરદાર ઉપર છાપી અને આમ, સરદાર "ટાઈમ" મેગેઝીનના કવર પેજ ઉપર ચમકનાર પ્રથમ ભારતીય બન્યા. શું છે આ ચાર પાનાંની કવર સ્ટોરીમાં? આવો, જાણીએઃ

"ટાઈમ"ના 'ફોરેન ન્યુઝ' સેક્શનમાં ખાસ કરીને સરદારની વ્યવહારુ વહીવટી ક્ષમતાની વાત "The Boss" ટાઈટલ નીચે કરવામાં આવી છે. "ટાઈમ" લખે છે કે ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦ના કોંગ્રેસના પૂર્ણ સ્વરાજના ઠરાવ પસાર કર્યાના ૧૭ વર્ષ પછી પણ, એટલે કે ૧૯૪૭ના જાન્યુઆરીમાં હિન્દુસ્તાનની પરિસ્થિતિ કેવી હતી અને તેમાં સરદારની ભૂમિકા શું હતી?

» હિન્દુ-મુસ્લિમ તીવ્ર તિરસ્કારઃ "ટાઈમ" નોંધે છે કે ઓગષ્ટ ૧૯૪૬માં કલકત્તામાં થયેલ હુલ્લડોમાં ૬૦૦૦ કરતાં વધારે લોકોનાં મોત થયા પછી હિન્દુસ્તાન-પાકિસ્તાનના ભાગલાવાદી માહોલમાં હિન્દુ અને મુસ્લિમ કોમ વચ્ચેનો તિરસ્કાર તેની ચરમસીમાએ હતો અને તે અટકવાના કોઈ સંજોગો દેખાતા ન હતા.

» આર્થિક અસમાનતાઃ વધતી કિંમતો અને ઘટતા જતા ઉત્પાદનને કારણે આર્થિક અસમાનતામાં વધારો. એક બાજુ દારુણ ગરીબી અને બીજી બાજુ અત્યંત વૈભવશાળી જીવન જીવતા વિશ્વ કક્ષાના માલેતુજાર ગણાય એવા રાજાઓનાં રજવાડાં. આવી ભયાનક આર્થિક અસમાનતાને કારણે સ્ફોટક સામાજિક પરિસ્થિતિ.

» કોંગ્રેસ અને મુસ્લિમ લીગમાં ભાગલાની ભીતિઃ કોંગ્રેસ અને મુસ્લિમ લીગમાં પણ જમણેરી અને ડાબેરી પરિબળોને કારણે એકવાક્યતાનો અભાવ અને ભાગલાની ભીતિ.

» ઔદ્યોગીકરણ બાબતે અલગ વિચારસરણીઃ ઠેર ઠેર હડતાળો અને અસહિષ્ણુતાનો માહોલ. જ્યાં ગાંધીજી ઔદ્યોગીકરણના વિરોધનો અને ગ્રામોદ્યોગની તરફેણનો આગ્રહ રાખતા હતા, ત્યાં કેટલાક ઉદ્યોગપતિઓ હિન્દુસ્તાનને સમગ્ર એશિયાનું ઔદ્યોગીકરણનું મુખ્ય કેન્દ્ર બનાવવાનો મત ધરાવતા હતા.

"ટાઈમ" આગળ જણાવે છે કે આવા અત્યંત કપરા સમયમાં ન તો મોહમ્મદઅલી જિન્નાહનો દુરાગ્રહ ચાલે એમ હતો, ન તો જવાહરલાલ નહેરુનો ભાષા-સમૃદ્ધ આદર્શવાદ કે ન તો ગાંધીજીનો સૈદ્ધાંતિક આધ્યાત્મવાદ. આવા સંજોગોમાં હિન્દુસ્તાનને એક કુશળ વહીવટકર્તાની

તાતી જરૂરિયાત હતી. ગાંધીજી પોતાના રાજકીય વિચારો સરદારને કહેતા અને સરદાર આ વિચારોનો અત્યંત વ્યવહારુ રાજકીય અમલ કરતા.

ચાર પાનાંની કવર સ્ટોરીમાં સરદારની કાર્યપદ્ધતિ વિશે જણાવાયું છે કે સરદાર પાસે અધ્યાત્મવાદનો દંભ ન હતો. ભાષા-સમૃદ્ધ વાક્છટા ન હતી. અમેરિકન વિચારધારા અનુસાર સરદાર તો બસ હતા, ''ધ પોલિટિકલ બોસ'', જેઓ ફક્ત તેમના કાર્ય પ્રત્યે કોઈ પણ દેખાડા વગર સંપૂર્ણપણે ધ્યેય-સમર્પિત રહેતા. અને એટલે જ અતિ સમૃદ્ધ હિન્દુ અને પારસી ઉદ્યોગપતિઓ સરદારના હાથમાં કશાય હિચકિચાટ વગર વિશ્વાસપૂર્વક રાષ્ટ્રને માટે ખૂબ મોટું દાન આપતા.

''ટાઈમ'' નોંધે છે કે એવું નથી કે સરદાર સર્વશ્રેષ્ઠ છે કે અતિ શિસ્ત-પ્રિય છે કે અતિ હોશિયાર કે ડહાપણવાળા છે, પણ એટલું ચોક્કસ છે કે હિન્દુસ્તાનને આ દારુણ પરિસ્થિતિમાંથી વ્યવહારિક રીતે જો કોઈ ઉગારી શકે તેમ હોય તો એ ફક્ત સરદાર જ છે. સરદારની આવી સાદગીભરી વ્યવહારકુશળતા અને પ્રશ્નોને હલ કરવાની ક્ષમતાને પિછાણીને જ કદાચ ''ટાઈમ'' મેગેઝીનના કવર પેજ ઉપર તે સમયના અન્ય મહાનુભાવો નહીં પણ પ્રથમ ભારતીય તરીકે સરદાર ચમક્યા અને તે પણ આઝાદી મળ્યાના સાત મહિના પહેલાં..!! ઉપરના ચિત્રમાં જોઈ શકાય છે કે સરદારની સાથે 'બૂલ'નું ચિત્ર મૂક્યું છે, જે તેમની ધ્યેય-દ્રઢતાનું પ્રતીક છે.

કવર સ્ટોરીમાં સરદારના વ્યક્તિત્વને ઉજાગર કરતા કેટલાક પ્રસંગો પણ ધ્યાનમાં લેવાયા છે.

શાળાના શિક્ષકની કમાવાની વૃત્તિને કારણે તેમની પાસેથી જ પુસ્તકો અને સ્ટેશનરી લેવાના આગ્રહ સામે વિદ્યાર્થી વલ્લભે અન્ય વિદ્યાર્થીઓને સાથે રાખીને સફળ ચળવળ કરેલી તે ''પુત્રનાં લક્ષણ પારણાંમાંથી'' કહેવતને સાર્થક કરે છે. અન્યાય સામે બધાને સાથે રાખીને, સંગઠિત થઈને લડવાનો અનન્ય ગુણ સરદારમાં બાળપણથી જ જોવા મળે છે.

લંડનમાં વકીલાતના અભ્યાસ માટે રોજ ૧૬ કલાક મહેનત કરતા અને વકીલાતની પરીક્ષામાં સર્વોચ્ચ સ્થાન હાંસલ કરીને એક દિવસ પણ હરવા-ફરવામાં બગાડ્યા સિવાય સીધાજ દેશમાં પરત ફર્યા અને પછી ક્યારેય દેશની બહાર ગયા નહીં, જે તેમની ધ્યેય-નિષ્ઠા સૂચવે છે.

બેરિસ્ટર બનીને સરદારે મુખ્યત્વે ક્રિમીનલ પ્રેક્ટિસ શરૂ કરી, જેમાં ખૂનીઓ અને ડાકુઓ તરફથી તેઓ લડતા જેમાં કાયદાના ઝીણવટભર્યા જ્ઞાન અને તેજાબી દલીલોથી ન્યાયાધીશો પણ ગભરાતા. ''ટાઈમ'' મેગેઝીનમાં એવી નોંધ છે કે સરદારની વકીલાતની પ્રેક્ટિસ વધતાં એક ન્યાયાધીશે તેમના કાર્યક્ષેત્રની બહાર બદલી કરાવી લીધી...!! હાથ ઉપરના વિષયનું તલસ્પર્શી જ્ઞાન, હિંમત અને સ્પષ્ટવક્તા જેવા ગુણોને લીધે જ ગૃહ પ્રધાન તરીકે ની અસરકારક અને પ્રભાવશાળી કામગીરી સરદાર સુપેરે નિભાવી શક્યા.

વકીલ તરીકેની સફળ કારકિર્દી દરમ્યાન તેઓ ખૂબ કમાણી કરી શક્યા. તેઓ તે સમયગાળા દરમ્યાન ખૂબ જ વૈભવી જીવન જીવતા, પરંતુ ગાંધીજીના સંપર્ક અને સંસર્ગમાં આવ્યા પછી સરદારને ગાંધીજીની સાદાઈ, સન્નીષ્ઠા અને સત્યપ્રિયતા સ્પર્શી ગઈ. પત્નીના અવસાનના સમાચાર જાણ્યા છતાં વિચલિત થયા સિવાય એક ખૂનીનો કેઈસ લડવો એ કામ પ્રત્યેની નિષ્ઠા અને નિઃસ્પૃહિતા જેવા તેમના ગુણોને ઉજાગર કરે છે.

૧૯૨૭માં ગુજરાતમાં આવેલાં ભયંકર પૂર દરમ્યાન, સરકાર તરફથી કશીય મદદ લીધા સિવાય સંસાધનોનો મહત્તમ ઉપયોગ કર્યો અને જન જીવન સામાન્ય કર્યું. એ જ રીતે ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ દરમ્યાન સમગ્ર તાલુકાના ખેડૂતોને લાંબા સમય સુધી એકજૂટ રાખીને અંગ્રેજ સરકારને કરવેરા ઘટાડવા મજબૂર કરી. તેમની વ્યવસ્થાપક તરીકેની અનન્ય અને અજોડ શક્તિને કારણે જ વલ્લભભાઈ ''સરદાર'' તરીકે ઓળખવા લાગ્યા. મેગેઝીનની નોંધ પ્રમાણે વકીલશ્રી કે. એફ. નરીમાને સહુથી પહેલાં વલ્લભભાઈને ''સરદાર'' તરીકે સંબોધ્યા હતા.

સરદારે તેમનાં જીવનપર્યંત કોંગ્રેસ પાર્ટી માટે, લોકસેવા કે રાષ્ટ્રસેવા માટે અનેકવાર અગણિત ભંડોળ એકત્ર કર્યું હતું, પરંતુ અંગત જીવનમાં તેમને પૈસા પ્રત્યે પ્રેમ ન હતો. દીકરી મણીબેન સાથે સાદાઇપૂર્વકનું જીવન જીવતા. સવારે ૪.૩૦ વાગ્યે ઉઠી જઈ થોડું ચાલવું, પૌત્રો સાથે દડાથી એક રૂમમાં રમવું અને ક્યારેક ગંજીપત્તાથી રમવું. બસ,

અંગત જીવનની આટલી જ પ્રવૃત્તિઓમાંથી યતકિંચીત નિર્દોષ આનંદ મેળવવાનો તેમનો ક્રમ હતો.

સરદારના અંગત મિત્રોમાં શણ અને સુતરાઉ કાપડના માંધાતા ઉદ્યોગપતિ ઘનશ્યામદાસ બિરલા હતા. સરદારે તેમના થકી અનેક વિકાસ કાર્યો અને લોકસેવાનાં કાર્યો કરાવ્યાં. (વલ્લભ વિદ્યાનગરની બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય તેમાંની એક છે). સરદારના વાંકદેખા વિરોધીઓ તેમની આવી મૈત્રીને શંકાની નજરે જોતા. પણ સરદાર એટલે સરદાર..! ચિત્રમાં દેખાતા પ્રતીકાત્મક ''બૂલ''ની જેમ પોતે કરવા ધારેલાં કાર્યોને નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી વળગી રહી પાર પાડતા. બિરલા પણ કહેતા કે મારી પાસે એટલું ધન છે કે મારે ધન કમાવા કોઈની મદદની જરૂર જ નથી.

સરદારની સિદ્ધિઓમાં શિરમોર સમાન ૫૬૦ ઉપરાંતનાં રજવાડાંઓનું એકત્રીકરણ, જાન્યુઆરી ૧૯૪૭ના આ અંકની પ્રસિદ્ધિ સુધી હજી પરિણમ્યું ન હતું, તેથી તેનો ઉલ્લેખ અંકમાં જોવા મળતો નથી. હા, અંકમાં વર્ણવેલી અપ્રતિમ વહીવટી ક્ષમતા, નિશ્ચય-દ્રઢતા અને હિંમત જેવાં ગુણો સરદારના આ અજોડ કાર્યના પાયામાં હતા.

સરદાર વિષે ચાર પાનાંની કવર સ્ટોરીમાં ખાસ કરીને તેમની નિર્દંભ અને સાદગીપૂર્ણ છતાં વ્યવહારિક અને અસરકારક વહીવટી ક્ષમતાને અંજલી અપાઈ છે. સરદારની જો શ્રેષ્ઠ વાત કહેવાઈ હોય તો તે આ વાક્ય છેઃ ''In every fight, his objective was the same - Power for India.'' સરદાર જીવનપર્યંત તેમના આ ઉદ્દેશ્યને જાણ્યે અજાણ્યે વળગી રહ્યા અને પોતાનાથી શક્ય તમામ પ્રયાસો કરીને હિન્દુસ્તાનને એક શક્તિશાળી રાષ્ટ્ર બનાવવાનો મજબૂત પાયો નાંખ્યો.

જય સરદાર... જય વિઠ્ઠલ...

નોંધઃ ઉપરોક્ત વાત જે ''ટાઈમ'' મેગેઝીનના અંકમાંથી લેવાઈ છે, તે મૂળ પ્રત (જે હવે અપ્રાપ્ય છે) કરમસદ ખાતે આવેલા સરદાર પટેલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સ્મારક ભવનમાં જાળવવામાં આવી છે. વધારે જાણકારી માટે સરદારપ્રેમી જીજ્ઞાસુઓને સ્મારક ભવનમાં પધારવા હાર્દિક આમંત્રણ છે.

સરદાર પટેલ, સ્મારક ભવન, કરમસદ
મો. ૭૮૭૪૪૬૫૬૯૬

**।। વિદ્યાવૃત્ત ।।**

## નલિની આર્ટસ કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી

નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટસ કોલેજ, વલ્લભ વિદ્યાનગરમાં હિન્દી વિભાગના આશ્રયે હિન્દી દિવસની ઉજવણી કોલેજના આચાર્યશ્રી એમ.જી.મન્સુરીની અધ્યક્ષતામાં હિન્દીના વિદ્યાર્થીઓની હાજરીમાં ઉમંગભેર કરવામાં આવી, હિન્દી વિભાગના કુલ-૨૧ વિદ્યાર્થીઓએ હિન્દી દિવસ વિષય સંબંધી સંશોધન પત્રો તૈયાર કરી વાંચન કર્યું હતું. પીએચ.ડી. વિદ્યાર્થી શ્રી મનીષ પ્રજાપતિએ હિન્દીનો વ્યાપ આંતરરાષ્ટ્રિય સ્તર સુધી વિસ્તર્યો છે ત્યારે આપણા નાગરીક કર્તવ્યની યાદ અપાવી હતી.

હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. ભરતસિંહ ઝાલાએ રાજભાષા, રાજ્યભાષી, સંપકભાષા કામકાજની ભાષા તથા રાષ્ટ્રભાષા તરીકે હિન્દીના મહત્વની ચર્ચા કરી હતી. વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. ધનંજય ચૌહાણે હિન્દીની દશા અને દિશા પર પોતાનો વિચાર રજૂ કરી વૈશ્વિક સ્તરે વિસ્તરતી હિન્દીના ઉજવળ ભવિષ્યની આશા વ્યકત કરી હતી. અધ્યક્ષીય પ્રવચનમાં આચાર્યશ્રી ડૉ. એમ.જી.મન્સુરીએ હિન્દીનો ભવ્ય ઈતિહાસ બતાવી, આવનાર સમય હિન્દી માટે અત્યંત ઉજ્જવળ હોવાનો સંકેત આપ્યો હતો. ડૉ. મન્સુરીએ હિન્દી વિભાગના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

સમારોહનું આયોજન અને સ્વાગત પ્રવચન વિભાગોધ્યક્ષશ્રી ડૉ. ભરતસિંહ ઝાલાએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન બી.એ.ના વિદ્યાર્થી મનોજ ચાવડા અને સરેશ વર્માએ જ્યારે કોલેજના જી.એસ. અને હિન્દી વિભાગના વિદ્યાર્થી નવીન ચાવડાએ આભાર વિધિ કરી હતી.

## અશ્મરી(પથરી)-એક અસહ્ય રોગ

**દક્ષા રાઠોડ**

અશ્મરીને 'પથરી'ના નામથી પણ જાણવામાં આવે છે. શરીરમાં પથરી થવી આજકાલ સામાન્ય બાબત બની ગઈ છે. પથરી વધુ ને વધુ પ્રમાણમાં જોવા મળતો રોગ છે. પથરી રોગમાં શરીરના અમુક અંગોમાં સોલ્ટ અને મિનરલ જામી જઈને પથ્થરનું સ્વરૂપ ધારણ કરી લે છે, જેથી પથ્થર સ્વરૂપને પથરી રોગ તરીકે નામ આપેલ છે. આ રોગમાં અસહ્ય દુઃખાવો રહે છે. દર્દીને ખૂબજ પીડામાંથી પસાર થવું પડે છે. પથરીનું નિર્માણ શરીરમાં અલગ અલગ અંગોમાં ભિન્ન રીતે થાય છે. પથરી ઉત્પન્ન કરવા માટે પણ શરીરમાં અવયવ પ્રમાણે જુદા જુદા તત્ત્વો જવાબદાર હોય છે. પથરી એક એવો રોગ છે, જે એક વાર સંપૂર્ણ રીતે નષ્ટ થાય તો પણ તે રોગ ફરીથી થવાની સંભાવના રાખે છે. તેથી આ રોગમાં તેનો સંપૂર્ણ સારવાર તથા આ રોગ ફરી ના થાય તેના માટે આહાર વિહારની સંભાળ લેવી જરૂરી છે. આયુર્વેદ સ્વાસ્થય માટેનું અતિપ્રાચીન શાસ્ત્ર છે. તેમાં રોગની સારવાર જ નહીં પરંતુ તે રોગ ફરીથી ન થાય તેના પણ વિવિધ ઉપાય દર્શાવેલા છે. આયુર્વેદમાં ઉત્તમ તથા નીરોગી જીવન જીવવા માટેના દૈનિકચર્યા વર્ણવેલ છે. આ આર્ટીકલમાં સ્ટોન એટલે કે પથરીમાં લાભદાયી થાય તેવા આયુર્વેદોક્ત આહાર-વિહારનો તથા પથરી ફરી ન થાય તેની માટેના ઉપાયોનો ઉલ્લેખ કરેલ છે.

**પથરી એટલે શું?**

પથરી એ ઘણા દર્દીઓમાં જોવા મળતો એક મહત્ત્વનો કિડનીનો રોગ છે. પથરી અસહ્ય દુખાવો કરી શકે છે પરંતુ ઘણા દર્દીઓમાં પથરી હોવા છતાં દર્દીને કોઈ જ તકલીફ નથી હોતી. અમુક દર્દીઓમાં પથરીની સમયસર સારવાર ન લેવામાં આવે તો પથરી, પેશાબમાં ચેપ અને કિડનીને નુકસાન પણ કરી શકે છે. એકવાર પથરી થાય તો વારંવાર પથરી થવાનું એ ખૂબ જ સામાન્ય છે. તેથી પથરી વિશે અને તેને અટકાવવાના ઉપાયો વિશે જાણવું જરૂરી છે. પેશાબમાંના કેલ્શિયમ ઓક્ષલેટ કે ક્ષારના કણો (Crystals) એકબીજા સાથે ભેગા થઈને લાંબા ગાળે મૂત્રમાર્ગમાં કઠણ પદાર્થ બનાવે છે, જે પથરી તરીકે ઓળખાય છે.

**પથરી કેવડી હોય છે? તે કેવી દેખાય? તે મૂત્રમાર્ગમાં ક્યાં જોવા મળે છે?**

મૂત્રમાર્ગમાં થતી પથરી જુદા જુદા કદની હોય છે, જે રેતીના કણ જેટલી નાની કે દડા જેવડી મોટી પણ હોઈ શકે છે. અમુક પથરી ગોળ કે લંબગોળ અને બહારથી લીસી હોય છે. આ પ્રકારની પથરી ઓછો દુખાવો કરે છે અને સરળતાથી કુદરતી રીતે પેશાબ વાટે બહાર નીકળી શકે છે. અમુક પથરી ખરબચડી હોય છે, અસહ્ય દુખાવો કરી શકે છે અને સરળતાથી પેશાબમાં નીકળતી નથી.

**કિડનીમાં પથરી કેટલા પ્રકારની હોય છે?**

કિડનીની પથરી ચાર પ્રકારની હોય છે :

**૧. કેલ્શિયમની પથરી (Calcium Stones) :**

આ પ્રકારની પથરી સૌથી વધુ (આશરે ૭૦-૮૦%) પથરીના દર્દીઓમાં જોવા મળે છે. કેલ્શિયમની પથરી બનવાનું કારણ વધુ દર્દીઓમાં કેલ્શિયમ ઓક્ઝલેટ અને ઓછા દર્દીઓમાં કેલ્શિયમ ફોસફેટ છે.

**૨. સ્ટ્રુવાઈટ પથરી (Struvite Stones) :**

સ્ટ્રુવાઈટ (મેગ્નેશિયમ એમોનિયમ ફોસ્ફેટ) પથરી : આશરે ૧૦-૧૫% પથરીના દર્દીઓમાં જોવા મળે છે. આ પ્રકારની પથરી પેશાબ અને કિડનીમાં ચેપનું કારણ બને છે. આ પ્રકારની પથરી સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે.

**૩. યુરિક ઍસિડની પથરી (Uric Acid Stones) :**

યુરિક ઍસિડની પથરી ખૂબ ઓછા (આશરે ૫-૧૦%) પથરીના દર્દીઓમાં જોવા મળે છે. પેશાબમાં યુરિક એસિડનું પ્રમાણ વધુ હોય અને પેશાબ સતત એસિડિક હોય ત્યારે આ પ્રકારની પથરી થવાનું જોખમ રહે છે. ગાઉટ (gout), માંસાહારી ખોરાક, શરીરમાં ઓછી માત્રામાં પ્રવાહી અને કેન્સર માટેની કેટલીક દવાઓ (Chemotherapy) બાદ આ પ્રકારની પથરી થવાનું જોખમ વધારે રહે છે. યુરિક એસિડની પથરી પારદર્શક ન હોવાથી એક્સ-રેની તપાસમાં દેખાતી નથી.

**૪. સિસ્ટીન પથરી (Cystine Stones) :**

આ પ્રકારની પથરી ખૂબ જ ઓછા પ્રમાણમાં અને અમુક વારસાગત સિસ્ટીન્યુરિયાવાળા દર્દીઓમાં જ જોવા મળે છે. પેશાબમાં વધુ પ્રમાણમાં સિસ્ટીન(Cystine)ને સિસ્ટીન્યુરિયા કહેવાય છે.

### સ્ટેગહોર્ન (Stag-horn Stone) એટલે શું?

આ પ્રકારની પથરી ખૂબ જ મોટી સ્ટ્રુવાઈટ પ્રકારની પથરી હોય છે, જે આખી કિડનીમાં પથરાયેલી હોય છે. આ પથરી હરણના શિંગડા જેવી દેખાતી હોવાથી આ પથરીનું નામ સ્ટેગ (Stag=હરણ) હોર્ન(Horn=શિંગડા) સ્ટેગ હોર્ન પડ્યું છે. મોટા ભાગના દર્દીઓમાં આ પ્રકારની પથરીનું નિદાન ઘણું મોડું થાય છે, કારણ કે આ પ્રકારની પથરીમાં દુખાવો ખૂબ જ ઓછો થાય છે અથવા જરા પણ થતો નથી. આ પ્રકારની પથરીનું કદ મોટું પરંતુ દુખાવો નહિવત હોવાથી તે કિડનીને પણ ખૂબ નુકસાન કરી શકે છે.

### મુખ્ય કારણો :

### શા માટે પથરી અમુક વ્યક્તિઓમાં વિશેષ જોવા મળે છે? પથરી થવાનાં મુખ્ય કારણો કયા છે?

મોટા ભાગના લોકોમાં પેશાબમાંનાં ખાસ જાતનાં રસાયણો ક્ષારના કણોને ભેગા થતા અટકાવે છે જેથી પથરી બનતી નથી. અમુક લોકોમાં નીચેનાં કારણોને લીધે પથરી થવાની શક્યતા રહે છે :

» ઓછું પાણી પીવાની ટેવ

» વારસાગત પથરી થવાની તાસીર

» ખોરાક : માંસાહારી (વધુ પ્રોટીન ધરાવતો) ખોરાક, ખોરાકમાં નમક(Salt) અને ઓક્ષલેટનું વધુ પ્રમાણ અને ખોરાકમાં ફળો અને પોટેશિયમનું ઓછું પ્રમાણ

» પથરી થવાનું જોખમ સ્ત્રીઓ કરતાં પુરુષોમાં ઘણું જ વધારે જોવા મળે છે. કિડનીની પથરી હોય તેવાં દર્દી ઓમાંના ૭૫% અને મૂત્રાશયની પથરી હોય તેવા દર્દી ઓમાંના ૯૫% પુરુષો હોય છે

» લાંબો સમય પથારીવશ રહેવું

» જે વ્યક્તિઓ ખૂબ ગરમ કે ભેજવાળા વાતાવરણમાં રહેતા હોય.

» વારંવાર મૂત્રમાર્ગનો ચેપ

» મૂત્રમાર્ગમાં અવરોધ

» ખોરાકમાં વિટામિન-સી કે કેલ્શિયમનું અત્યંત વધારે પ્રમાણ

» હાઈપર પેરાથારોઈડિઝમની તકલીફ

પથરી મુખ્યત્વે કિડની, મૂત્રવાહિની કે મૂત્રાશયમાં અને ક્યારેક મૂત્રનળીમાં પણ જોવા મળે છે

### પથરીનાં લક્ષણો :

પથરીનો દુખાવો પથરી ક્યાં છે, કેવડી છે અને ક્યા પ્રકારની છે તેના પર આધાર રાખે છે.

» સામાન્ય રીતે પથરીની બીમારી ૩૦થી ૪૦ વર્ષની ઉંમર દરમિયાન અને સ્ત્રી કરતાં પુરુષોમાં ત્રણથી ચાર ગણી વધારે જોવા મળે છે.

» ઘણી વખત પથરીનું નિદાન આકસ્મિક રીતે થાય છે. જે પથરીનાં કોઈ ચિહ્નો હોતાં નથી તેને Silent Stone કહે છે.

» પીઠમાં અને પેટમાં સતત દુખાવો થાય.

» ઊલટી-ઊબકા થાય.

» પેશાબમાં લોહી જાય.

» પેશાબ કરતી વખતે દુખાવો અથવા બળતરા થાય.

» જો પથરી મૂત્રનલિકામાં અટકી જાય તો પેશાબ થવાનું એકાએક બંધ થઈ જાય.

» પેશાબમાં પથરી નીકળવી.

» અમુક દર્દીઓમાં પથરીના લીધે વારંવાર મૂત્રમાર્ગમાં ચેપ અને પેશાબમાં અવરોધના કારણે કિડનીને સામાન્યથી લઈને ગંભીર નુકસાન પણ થઈ શકે છે.

» પેશાબમાં બળતરા થાય.

» પેશાબમાં વારંવાર ચેપ થાય.

### પથરીના દુખાવાની લાક્ષણિકતા :

દુખાવાની તીવ્રતા અને દુખાવાનો પ્રકાર જુદી-જુદી વ્યક્તિઓમાં અલગ અલગ હોય છે. મોટી પથરી વધુ દુખાવો કરે એ માન્યતા ખોટી છે.

» પથરીનો દુખાવો પથરી ક્યાં છે, કેવડી છે અને ક્યા પ્રકારની છે તેના પર આધાર રાખે છે.

» પથરીનો દુખાવો એકાએક શરૂ થાય છે. આ દુખાવો ધોળા દિવસે તારા દેખાડી દે તેવો સખત અને અસહ્ય હોય છે.

» મોટી અને લીસી પથરી કરતાં નાની પણ ખરબચડી પથરી વધુ તીવ્ર દુખાવો કરે છે.

» કિડનીની પથરીનો દુખાવો કમરથી શરૂ થઈ આગળ નીચે પેડુ તરફ આવે છે.

» મૂત્રાશયની પથરીનો દુખાવો પેડુમાં અને પેશાબની જગ્યાએ થાય છે.

» આ દુખાવો સામાન્ય રીતે કલાકો સુધી રહે છે અને પછી ધીમેધીમે ઘટી જાય છે.

» મોટા ભાગે આ દુખાવો અત્યંત વધારે હોવાથી દર્દી ડોક્ટર પાસે દોડી જાય છે અને દુખાવો ઘટાડવા દવા કે ઈન્જેકશનની જરૂર પડે છે.

**શું પથરીને લીધે કિડની બગડી શકે છે?**

» હા. કેટલાક દર્દીને મૂત્રમાર્ગમાં (કિડની કે મૂત્રવાહિનીમાં) મોટી પથરીને લીધે અડચણ ઊભી થાય છે, જેને લીધે કિડનીમાં બનતો પેશાબ સરળતાથી મૂત્રાશયમાં જઈ શકતો નથી અને કિડની ફૂલી જાય છે.

» જો આ પથરીની સમયસર યોગ્ય સારવાર કરવામાં ન આવે તો લાંબા ગાળે ફૂલી ગયેલી કિડની ધીમેધીમે નબળી પડે છે અને છેવટે સાવકામ કરતી બંધ થઈ જાય છે. આ રીતે કિડની બગડી ગયા પછી પથરી કાઢવામાં આવે તોપણ કિડની ફરી સંતોષકારક કામ કરે તેવી શક્યતા નહીંવત હોય છે.

**પથરીનું નિદાન :**

પથરીના દર્દીઓમાં વિવિધ તપાસનો હેતુ પથરીનું નિદાન અને તેને કારણે થયેલી તકલીફોના નિદાન કરવાનું તથા પથરી થવા માટે જવાબદાર કારણનું નિદાન કરવાનું પણ છે.

» **રેડિયોલોજિકલ તપાસ :**

» **સોનોગ્રાફી :** આ ખૂબ જ સરળ, ઓછી ખર્ચાળ અને નાના મોટા સ્થળોમાં સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેવી તપાસ છે. સોનોગ્રાફીની મદદથી પથરી તથા તેના કારણે અવરોધનું નિદાન થઈ શકે છે.

» **એક્સ-રે :** પથરીના કદ, આકાર અને સ્થાનની સચોટ માહિતી પેટના એક્સ-રે દ્વારા મળી શકે છે. પેટનો એક્સરે પથરીની સારવાર પહેલાં અને સારવાર બાદના ફેરફારો અંગે જાણકારી માટે સૌથી ઉપયોગી પદ્ધતિ છે.

» **સી.ટી. સ્કેન (CT Scan) :** સીટી સ્કેન પથરીના નિદાન તેનું કદ અને મૂત્રમાર્ગમાં અવરોધની અત્યંત સચોટ માહિતી માટેની સૌથી વધુ ઉપયોગી તપાસ છે.

» **આઈ.વી.પી. (Intravenous Pyelography)ની તપાસઃ** સામાન્ય રીતે આ તપાસ પાકા નિદાન અને ઓપરેશન કે દૂરબીન દ્વારા આપવામાં આવતી સારવાર પહેલાં કરવામાં આવે છે. આ તપાસ દ્વારા પથરીનાં કદ, આકાર અને સ્થાનની સચોટ માહિતી ઉપરાંત કિડની કેવડી છે, તેની કાર્યક્ષમતા કેટલી છે અને કેટલી ફૂલેલી છે તેની માહિતી મળે છે.કિડની ઓછી કામ કરતી હોય (લોહીના ક્રીએટીનીન રીપોર્ટમાં વધારો હોય) ત્યારે આ તપાસ કરવામાં આવતી નથી.

» **લેબોરેટરીની તપાસ :**

» **પેશાબની તપાસ :** પેશાબની સામાન્ય તપાસ દ્વારા પેશાબમાં ચેપનું નિદાન થાય છે. ૨૪ કલાકના એકઠા કરેલા પેશાબમાં ખાસ તપાસ દ્વારા કેલ્શિયમ, ફોસ્ફરસ, યુરિક એસિડ, મેગ્નેશિયમ, ઓક્ઝેલેટ, સાઈટ્રેટ, સોડિયમ અને ક્રીએટીનીન માપવામાં આવે છે.

» **લોહીની તપાસ :** પથરીના દર્દીઓમાં સામાન્ય રીતે કરવામાં આવતી કમ્પ્લિટ બ્લડ કાઉન્ટ(CBC), ક્રીએટીનીન, ઇલેક્ટ્રોલાઇટ્સ અને બ્લડ સુગર છે. આ ઉપરાંત પથરી થવા માટેના કારણોના નિદાન માટે જરૂર મુજબ કરાવાતી લોહીની ખાસ તપાસો- કેલ્શિયમ, ફોસ્ફરસ, યુરિક ઍસિડ અને પેરાથાઈરોઇડ હોર્મોન વગેરે છે.

» **સ્ટોન એનાલિસિસ (Stone Analysis) :** કુદરતી રીતે કે સારવાર દ્વારા નીકળતી મૂત્રમાર્ગની પથરી તપાસ માટે સાચવવામાં આવે છે. આ પથરીના પૃથક્કરણ(Chemical Analysis) દ્વારા પથરી ક્યા પદાર્થની બનેલી છે. તેનું નિદાન કરવામાં આવે છે. આ નિદાનના આધારે પથરી ફરી થતી અટકાવવા અથવા જે પથરી હજી નીકળી ન હોય તેનું કદ ન વધે તે માટેની સારવારનું યોગ્ય આયોજન કરવામાં આવે છે.

**પથરી અટકાવવાના ઉપાયો :**

એકવાર પથરી થાય તેને વારંવાર ફરીથી થવાની શક્યતા રહે છે. આશરે ૫૦-૭૦% દર્દીઓમાં પથરી ફરીથી થાય છે. પરંતુ જરૂરી પરેજી અને યોગ્ય સારવાર દ્વારા પથરી ફરીથી થવાની શક્યતા ઓછી કરી શકાય છે અને ફક્ત ૧૦% જેટલા દર્દીઓમાં જ પથરી ફરીથી થવાનું જોખમ રહે છે. આથી પથરીના દરેક દર્દીએ યોગ્ય કાળજી, પરેજી અને સારવાર લેવી જોઈએ.

ફરી પથરી ન થાય એવું ઇચ્છતા પથરીના દર્દીઓએ હંમેશા માટે નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે :

**૧. પ્રવાહી વધારે પીવું**

» હંમેશા પ્રવાહી વધારે પીવું(૧૨થી ૧૪ ગ્લાસથી વધારે)

» આ ઉપાય પથરી બનતી અટકાવવામાં સૌથી વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

» પેશાબ આખો દિવસ પાણી જેવો ચોખ્ખો ઉતરે તેનો મતલબ એ કે પ્રવાહી પૂરતા પ્રમાણમાં પીવામાં આવેલ છે.

» ઉનાળા દરમિયાન વધુ પ્રવાહી પીવું સલાહભર્યું છે, કારણ કે ગરમી દરમિયાન વધુ પ્રમાણમાં પાણી પરસેવા દ્વારા બહાર નીકળી જાય છે.

**પથરી બનતી અટકાવવા માટે કયા પ્રકારનું પ્રવાહી લેવું જોઈએ?**

પ્રવાહીમાં નારિયેર પાણી, જવનું પાણી, પાતળી છાશ, સાદા ઠંડા પીણાં (જેમ કે મીઠા વગરની સોડા, લેમન), પાઇનેપલ જ્યુસ વગેરે વધારે પ્રમાણમાં લેવાથી પથરી બનવાની શક્યતા ઓછી રહે છે. પરંતુ લેવામાં આવતા કુલ પ્રવાહીમાં ૫૦% જેટલું પ્રવાહી સાદું પાણી લેવું જરૂરી છે.

**પથરીની તકલીફ હોય તેવી વ્યક્તિએ કયા પ્રકારના પ્રવાહી ન લેવા જોઈએ?**

દ્રાક્ષનો રસ, એપલ જ્યુસ, કડક ચા, કૉફી, ચૉકલેટ અથવા વધુ ખાંડવાળા ઠંડાં પીણાં જેમ કે કોકાકોલા, બધા પ્રકારના દારૂ, બીયર વગેરે ન લેવા.

**૨. મીઠું (નમક) ઓછું લેવું (Salt Restriction) :** ખોરાકમાં વધુ પડતું મીઠું (નમક-સોડિયમ) લેવાથી કેલ્શિયમની પથરી થવાનું જોખમ ખૂબ વધી જાય છે. આથી પથરીના દરેક વ્યક્તિએ ખોરાકમાં નમક ઓછા પ્રમાણમાં લેવું અગત્યનું છે.

**૩. માંસાહારી ખોરાક ન લેવો :** માંસાહારી ખોરાક જેમ કે મટન, ચિકન, માછલી, ઈંડા વગેરે ન લેવા. આ માંસાહારી ખોરાકમાં વધુ પ્રમાણમાં યુરિક ઍસિડ અને પ્યુરીન્સ ધરાવતા હોવાને કારણે યુરિક ઍસિડ સ્ટોન અને કેલ્શિયમ સ્ટોન થવાની શક્યતા વધારે રહે છે.

**૪. સમતુલિત ખોરાક :** લીલા શાકભાજી અને તાજા ફળોનું વધારે પ્રમાણ ધરાવતા સમતુલિત ખોરાક લેવો. ફળોમાં કેળા, મોસંબી, ચેરી, પાઇનેપલ અને શાકભાજીમાં ગાજર, કારેલા, સિમલા મિર્ચ વગેરે વધુ લેવા. વ્હાઈટ બ્રેડ, પાસ્તા અને વધુ ખાંડયુક્ત ખોરાક ન લેવો, કારણકે વધુ ગળપણવાળો ખોરાક કિડનીમાં પથરી થવા માટે મદદ કરે છે.

**૫. અન્ય સૂચનાઓ :** વિટામિન-સી વધુ માત્રામાં ન લેવું. રાત્રે વધુ ભારે ખોરાક ન લેવો. મેદસ્વી વ્યક્તિઓમાં પથરીનું જોખમ વધારે હોવાને કારણે સમતોલ ખોરાક લઈ વજન કાબૂમાં રાખવું.

**પૂરતું પ્રવાહી લેવામાં આવે એની ખાતરી એટલે કે આખો દિવસ પાણી જેવો ચોખ્ખો પેશાબ.**

**પથરીના પ્રકાર મુજબ જરૂરી કાળજી :**

**કેલ્શિયમની પથરી માટે કાળજી :**

» ખોરાક : પથરીના દર્દીઓએ કેલ્શિયમ ધરાવતો ખોરાક ઓછો લેવો જોઈએ તે માન્યતા ખોટી છે. રોજના ખોરાકમાં કેલ્શિયમ ધરાવતા દૂધ, દૂધની વાનગીઓ વગેરેનો સમાવેશ કરવાથી પથરી બનતી અટકાવી શકાય છે. કેલ્શિયમ ખોરાકમાંના ઓક્ષલેટ સાથે ભળી તેનું પેટમાંથી શોષણ ઘટાડે છે અને આ પ્રકારે પથરી બનતી અટકાવે છે. ખોરાકમાં ઓછું કેલ્શિયમ હોય ત્યારે પેટમાંથી ઓક્ષલેટનું વધુ પ્રમાણમાં શોષણ પથરી બનવામાં મદદ કરે છે.

» વધારે કે ઓછું કેલ્શિયમ ધરાવતો ખોરાક ન લેવો, કારણ કે બન્ને પથરી થવાનું જોખમ વધારે છે.

» દવાઓ : કેલ્શિયમની પથરી થતી અટકાવવા માટે થાયેઝાઈડ નામની દવાઓ મદદરૂપ થાય છે.

» અન્યસૂચનો : વજન ઘટાડવું.

**ઓક્ષલેટ ધરાવતી પથરી માટે પરેજી :**

નીચે મુજબનો વધુ ઓક્ષલેટ ધરાવતો ખોરાક ઓછો લેવો.

» શાકભાજી-ટામેટાં, ભીંડા, રીંગણા, પાલકની ભાજી, સરગવો, કાકડી વગેરે

» ફળો-રાસબેરી, ચીકુ, આમળા, સીતાફળ, કાજુ વિગેરે ..

» પીણાં-દ્રાક્ષનો જ્યુસ, કેડબરી, કૉકો, ચૉકલેટ, કોલડ્રિંક, પેપ્સી, કોકાકોલા.

**યૂરિક ઍસિડ સ્ટોન ધરાવતા દર્દીઓ માટે સૂચનાઓ :**

» પુષ્કળ પાણી પીઓ.

» દરરોજ કસરત કરો અને વજન ઘટાડો.

» કઠોળ તથા નોન-વેજ ખોરાક ન લેવો.

» શાકભાજી જેમ કે કારેલા, લીંબુ અને ગાજર વધુ લેવા.

» શાકભાજી જેમ કે ફ્લાવર, પાલક, ટામેટા, સોયાબીન, શતવારી ન લેવા.

» આલ્કોહૉલયુક્ત પીણાંનું સેવન ન કરો.

» ચરબીયુક્ત ખોરાક જેમ કે સલાડ ડ્રેસિંગ, આઇસક્રીમ, તળેલા પદાર્થ ન લેવા.

» ઠંડાં પીણાં તથા ખાંડયુક્ત ઠંડાં પીણાં ન લેવા.

» દિવસમાં ચા/કોફી બે વખતથી વધુ વાર ન લેવા.

**પથરીની બીમારીવાળા દર્દીઓ એ ડૉક્ટરનો સંપર્ક તાત્કાલિક ક્યારે કરવો?**

નીચે મુજબની તકલીફ પથરીની બીમારીવાળા દર્દી ઓમાં જોવા મળે ત્યારે ડૉક્ટરનો સંપર્ક તાત્કાલિક કરવો :

» અસહ્ય પેટનો દુખાવો થાય અને દવાથી ન મટે.

» ઊલટી ઊબકા વધારે થાય અને દવા કે પ્રવાહી ન લઈ શકાય.

» ઠંડી સાથે તાવ અને પેશાબમાં બળતરા સાથે પેટમાં દુખાવો.

» પેશાબમાં લોહી આવે.

» પેશાબ સાવ બંધ થઈ જાય.

**સારવારઃ**

પથરીની સારવાર દરેક ચિકિત્સા પ્રણાલીમાં અલગ અલગ આપેલ છે. દરેકમાં પથરી માટે કઈ સારવાર જરૂરી છે તે પથરીના કદ, પથરીનું સ્થાન, તેને કારણે થતી તકલીફ અને જોખમોને ધ્યાનમાં લઈ નક્કી કરવામાં આવે છે.

એલોપેથી ચિકિત્સામાં સારવારના બે મુખ્ય પ્રકાર છે તે કરવામાં આવે છે. પ્રથમ દવા દ્વારા સારવાર (Conservative Medical Treatment) અને સર્જિકલ સારવાર. ૫૦% કરતાં વધુ દર્દીઓમાં પથરી નાની હોય છે અને કુદરતી રીતે જ ત્રણથી છ અઠવાડિયામાં પેશાબમાં નીકળી જાય છે. આ દરમિયાન દર્દીને પીડામાં રાહત આપવા અને પથરી ઝડપથી નીકળે તે માટે મદદ કરવા આ સારવાર આપવામાં આવે છે. પથરીના અસહ્ય દુખાવાને ઘટાડવા કે મટાડવા માટે સમયસર, આખો દિવસ પૂરતી અસર કરે તેવી દર્દશામક (Analgesic) ગોળી કે ઈન્જેક્શનનો ઉપયોગ કરવામાં આવે છે. દુખાવો મટી જાય ત્યારબાદ પથરીના દર્દીઓને વધારે પ્રવાહી-પાણી પીવાની સૂચના આપવામાં આવે છે. વધારે પ્રવાહી લેવાથી પેશાબનું પ્રમાણ વધે છે અને તેથી પેશાબમાં પથરી નીકળી જવામાં મદદ મળે છે. જ્યારે ઊલટીને કારણે પ્રવાહી પીવું શક્ય ન હોય તેવા દર્દીઓને બાટલા દ્વારા પ્રવાહી આપવામાં આવે છે. બીયર પીવો તે પથરી કાઢવા માટેની અકસીર સારવાર છે તે ખોટી માન્યતા છે. પેશાબમાં ક્યારે પથરી નીકળે તે નક્કી નથી હોતું આથી પેશાબ ગરણી કરવો તે પથરી મેળવવાની સરળ અને શ્રેષ્ઠ પદ્ધતિ છે. પથરીના ઘણા દર્દીઓમાં પેશાબના ચેપનો પ્રશ્ન જોવા મળે છે, જેની એન્ટિબાયોટિક્સ દ્વારા યોગ્ય સારવાર કરવામાં આવે છે. વધારે પ્રવાહી, ખોરાકમાં પરેજી અને યોગ્ય દવા દ્વારા પૂરતા સમય માટે સારવાર છતાં ઘણા દર્દીઓની પથરી કુદરતી રીતે નીકળતી નથી. આવી પથરીઓની સારવાર માટે જુદા-જુદા ઘણા સર્જિકલ વિકલ્પો છે. સૌથી વધુ ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ લિથોટ્રીપ્સી(ESWL), પરક્યુટેન્યસ નેફ્રોલિથોટ્રીપ્સી (PCNL) અને યુરેટરો સ્કોપી છે. જ્યારે ઓપરેશન કરી (Open Surgery) પથરી કાઢવાની જરૂરિયાત ખૂબ જ ઓછા દર્દીઓમાં પડે છે. પથરીના કદ, સ્થાન અને પ્રકારને ધ્યાનમાં લઈ કઈ પદ્ધતિ દર્દી માટે ઉત્તમ છે તે યુરોલોજિસ્ટ અથવા સર્જન નક્કી કરે છે.

**પથરીમાં આયુર્વેદઃ**

આયુર્વેદ ચિકિત્સા પ્રણાલીમાં કોઈ પણ રોગ માટે માત્ર સારવાર જ નહીં, પરંતુ તે રોગ શરીરમાં ફરી ન થાય તેની પણ ખાસ માહિતી આપેલ છે.આયુર્વેદનો વિશેષ સિદ્ધાંત છે, જેમાં સ્વસ્થ વ્યક્તિની સ્વાસ્થ્યની દેખરેખ તથા રોગીના રોગ દૂર કરવા માટે વર્ણવેલ છે.પથરીમાં આ સિદ્ધાંત પ્રમાણે તે રોગના ઉપાય અને રોગી સંપૂર્ણ સ્વસ્થ થયા પછી આ રોગ ફરી ના થાય તેના ઉપાય બતાવેલા છે.

આયુર્વેદમાં મુખ્ય ચિકિત્સા ૩ પ્રકારે વર્ણવેલ છે.

૧. નિદાન પરિવર્જન-Avoidance of causative factor

૨. અપકર્ષણ (શસ્ત્ર કર્મ)-Surgical intervention

૩. પ્રકૃતિ વિઘટન

(૧)શોધન ચિકિત્સા- Purgative treatment

(૨)શમન ચિકિત્સા- Palliative treatment

પ્રથમ સારવાર તરીકે નિદાન પરિવર્જન આપેલ છે, જેનો અર્થ અશ્મરીરોગ જેનાથી થાય તેવા તમામ આહાર વિહારનો પરિત્યાગ કરવો. જેનાથી અશ્મરી રોગ મુખ્ય થાય છે તે બધા આહારનું વર્ણન ઉપર વર્ણવેલ છે, તેનો ત્યાગ કરવો એ પ્રથમ ચિકિત્સા છે. અશ્મરી રોગ પ્રારંભના તબક્કામાં હોય ત્યારે તેના માટે શોધન તથા શમન ચિકિત્સાનો ઉપયોગ કરવા માટે વર્ણવેલ છે. શોધન ચિકિત્સામાં સ્નેહનકર્મ તથા સ્વેદનકર્મનો અશ્મરીના સારવાર માટે ઉપયોગ કરવામાં આવે છે. સ્નેહન કર્મ એટલે તૈલ દ્વારા કરવામાં આવતી માલિસ, જેનો અશ્મરી ના ચિકિત્સા તરીકે પ્રયોગ કરવામાં આવે છે. સ્વેદન કર્મમાં વિવિધ પદ્ધતિથી ગરમ શેક આપવામાં આવે છે. આયુર્વેદમાં અશ્મરી માટે અનેક શેક કર્મ જેવા કે અવગાહ સ્વેદ, નાડી સ્વેદ, બાષ્પ સ્વેદ.. વિગેરેનો સમાવેશ કરેલ છે. આ તમામ સારવારનો આયુર્વેદના નિષ્ણાતની સલાહથી પ્રયોગ કરવો જોઈએ આ ચિકિત્સાથી અશ્મરીમાં અત્યંત ફાયદાકારક પરિણામ પ્રાપ્ત થાય છે.

શમન ચિકિત્સામાં ઔષધ(દવા) ની મદદથી સારવાર કરવામાં આવે છે. આયુર્વેદમાં આ માટે વિવિધ યોગ આપેલ છે. હવેના સમયમાં અનેક ફાર્મસીની દવા ઉપલબ્ધ હોય છે. મુખ્ય આયુર્વેદમાં પથરી માટે જે મૂળ ઔષધનો પ્રયોગ થાય છે તેમાં પાષાણભેદ, કુલત્થ, વરુણ, ગોક્ષુર.. વિગેરે નો સમાવેશ થાય છે. આ તમામ ઔષધ સ્વરસ(જ્યુસ), વટી(ગોળી), ક્વાથ(કાઢો) વિગેરે અલગ અલગ માધ્યમમાં બનાવવામાં આવે છે. દર્દીની સાનુકૂળતા પ્રમાણે તે તેનો ઉપયોગ કરી શકે છે. અશ્મરીમાં ઉપયોગમાં આવતી મુખ્ય ઔષધિના ગુણ નીચે વર્ણવેલા છે.

- વરુણ

» રસ : કષાય, તિક્ત

» ગુણ : લઘુ, રુક્ષ

» વીર્ય : ઉષ્ણ

» વિપાક : કટુ

» પ્રભાવ : અશ્મરી ભેદક, કફવાતશામક

- પાષાણભેદ

» રસ : કષાય, તિક્ત

» ગુણ : લઘુ, સ્નિગ્ધ

» વીર્ય : શીત

» વિપાક : કટુ

» પ્રભાવ : મૂત્રલ, પિત્તહર, અશ્મરીહર

- ગોક્ષુર

» રસ : મધુર, સ્નિગ્ધ

» ગુણ : લઘુ, સ્નિગ્ધ

» વીર્ય : શીત

» વિપાક : મધુર

» પ્રભાવ : મૂત્રલ,ત્રિદોષ શામક

- કુલત્થ

» રસ : કષાય

» ગુણ : લઘુ, રુક્ષ

» વીર્ય : ઉષ્ણ

» વિપાક : અમ્લ

» પ્રભાવ : મૂત્રલ, અશ્મરીહર

ઉપરોક્ત વર્ણવેલ તમામ ઔષધિ અશ્મરી માટે અત્યંત લાભદાયી છે. આ ઔષધમાંથી બનાવેલ વરુણમૂળ ક્વાથ, ત્રિકંટક ચૂર્ણ, પાષાણભેદનિયઘૃત, કુલત્થાદીઘૃત વિગેરે યોગ અશ્મરીને નષ્ટ કરવામાં અત્યંત લાભદાયી છે. અહીં આપેલ માહિતી આપની જાણ માટે છે, આ શાસ્ત્રોક્ત ઔષધિનો પ્રયોગ વૈદ્યપરામર્શથી જ કરવો જોઈએ.

**શું દરેક પથરી તાત્કાલિક કાઢવી જરૂરી છે?**

ના, જો પથરીને કારણે મૂત્રમાર્ગમાં અવરોધ ન હોય, કિડની બગડતી ન હોય, દુખાવો થતો ન હોય, પેશાબમાં ચેપ કે લોહી આવતા ન હોય તો આવી પથરીને તાત્કાલિક કાઢવાની જરૂર રહેતી નથી. ડોક્ટર આ પથરી પરની કાળજીપૂર્વકની દેખરેખ દ્વારા ક્યારે કઈ પદ્ધતિથી તેને દૂર કરવી હિતાવહ છે તેની સલાહ આપે છે.

---

લેક્ચરર,પંચકર્મ વિભાગ,
જી જે પટેલ આયુર્વેદ ઇન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર,
વી વી નગર

## યુ એસ ઓપન ચેમ્પિયન શીપ-૨૦૧૯

**પી.ડી. શર્મા**

દર વર્ષની જેમ આ વર્ષે પણ ટેનિસની આખરી ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપન ચેમ્પિયનશીપનું આયોજન ૨૬ ઓગસ્ટ થી ૮ સપ્ટેમ્બર દરમિયાન ખૂબજ સફળ રીતે અમેરિકામાં ન્યુયોર્ક મુકામે કરવામાં આવ્યું હતું. ગ્રાન્ડસ્લેમની આ આખરી ટુર્નામેન્ટ હોવાને કારણે વિશ્વના બધા જ ટેનિસ ખેલાડીઓને ઉત્સુકતા હોય છે. આ વર્ષે યુએસ ઓપનમાં પુરુષ વિભાગમાં સર્બિયાના ડિફેન્ડિંગ ચેમ્પિયન નોવાક યોકોવિચને ટોપસીડનું સ્થાન આપવામાં આવ્યું હતું. આ રીતે જ મહિલા વિભાગમાં જાપાનની ડિફેન્ડિંગ ચેમ્પિયન નાઓમી ઓસાકાને ટોપસીડનું સ્થાન આપવામાં આવ્યું હતું.

**જીતવા માટે ફેવરિટ**

આ વર્ષે યુએસ વિભાગમાં વિજેતા બનવા માટે સર્બિયાના ડિફેન્ડિંગ ચેમ્પિયન નોવાક યોકોવિચ હોટ ફેવરિટ હતા. આ ઉપરાંત સ્પેનના રેફલ નડાલ, સ્વિટ્ઝર લેન્ડના રોજર ફેડરર અને વાવરિન્કા, રશિયાના મેડ્વેડવ, ઓસ્ટ્રિયાના ડોનિમિક થિયમ, જર્મનીના એલકઝાન્ડર ઝવેરવ, જાપાનના કેઈ નિશિકોરી, ફ્રાન્સના જોયલ મોન્ફિલ્સ તથા ગ્રીસના સિત્સિપાસ વગેરે પણ ફેવરિટ હતા. જ્યારે મહિલા વિભાગમાં વિજેતા બનવા માટે જાપાનની ડિફેન્ડિંગ ચેમ્પિયન નાઓમી ઓસાકા હોટ ફેવરિટ હતી. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની એશ્લી બાર્ટો, રોમાનિયાની સિમોના હાલેપ, ચેક રિપબ્લિકની કારોલીના પ્લીસકોવા તેમજ પેટ્રા કિવટોવા, અમેરિકાની સેરેના વિલિયમ્સ તેમજ મેડીસન કિઝ વગેરે પણ ફેવરિટ હતી.

**મેજર અપસેટો**

આ વર્ષે યુએસ ઓપનમાં 'મેન્સ સિંગલ્સ'માં અપસેટોની હારમાળા જોવા મળી હતી. જેમ કે આ વર્ષે ટોપ ૧૧ ખેલાડીઓમાંથી પ્રિકવાર્ટર પહેલા જ છ ખેલાડીઓ ટુર્નામેન્ટની બહાર ફેંકાવાની ઘટના બની હતી. આ છ ખેલાડીઓમાંથી પાંચ ખેલાડીઓ-ઓસ્ટ્રિયાના ગ્રીસના સિત્સિપાસ, રશિયાના ખાચાનોવ, સ્પેનના આગટ તથા ઈટાલીના ફોગ્નીની પ્રથમ રાઉન્ડમાં જ હારી ગયા હતા તથા જાપાનના કેઈ નિશિકોરી ત્રીજા રાઉન્ડમાં હારી ગયા હતા. આ રીતે પ્રિકર્વાટર ફાઈનલ પછી બાકી રહેલ પાંચ ખેલાડીઓ સર્બિયાના નોવાક યોકોવિચ, સ્પેનના રફેડનડાલ, સ્વિટ્ઝરલેન્ડના રોજર ફેડરર, રશિયાના મેડવેડેવ તથા જર્મનીના ઝવરેવ જ મુખ્ય રીતે બાકી રહ્યા હતા. આ વાત સાબિત કરી આપે છે કે આ વર્ષે યુએસ ઓપનમાં શરૂઆતથી જ 'મેન્સ સિંગલ્સ'ની હરીફાઈ ખૂબ જ સ્પર્ધાત્મક તથા રોમાંચક રહી હતી. આ રીતે જ આ વર્ષે યુએસ ઓપનમાં 'વિમેન્સ સિંગલ્સ' માં પણ શરૂઆતથી જ જર્મનીની એંજેલિક કેર્બેર, ચેક રિપબ્લિકની પેટ્રા કિવટોવા, રશિયાની મારિયા શારાપોવા તથા રોમા નિયાની આ વર્ષની વિમ્બલ્ડન ચેમ્પિયન સિમોના હાલેપ પણ બીજા રાઉન્ડ સુધી હારી ગઈ હતી. આ રીતે આ વર્ષે યુએસ ઓપનમાં બીજા રાઉન્ડ પછીની પુરુષોની તેમજ મહિલાઓની દરેક મેચ ખૂબજ રોમાંચક રહી હતી. આ વર્ષે પ્રિકવાર્ટર ફાઈનલ મેચ દરમ્યાન નોવાક યોકોવિચ ખભાની ઈજાને કારણે યુએસ ઓપનમાંથી બહાર નીકળી ગયા હતા. આ વર્ષે પ્રિક્વાર્ટર ફાઈનલમાં જ જાપાનની ડિફેન્ડિંગ ચેમ્પિયન નાઓમી ઓસાકા પણ સ્વિટ્ઝરલેન્ડની બેલિન્ડા બેન્સિચ સામે હારીને ટુર્નામેન્ટની બહાર થઈ ગઈ હતી. એટલું જ નહિ પણ આ વર્ષે ક્વાર્ટર ફાઈનલમાં અકલ્પનીય રીતે સ્વિટ્ઝરલેન્ડના લેજન્ડરી ખેલાડી રોજર ફેડરર બલ્ગેરિયાના ખેલાડી ડિમિટ્રોવ સામે હારી જવાથી ટુર્નામેન્ટની બહાર થઈ ગયા હતા. અંતે આ વર્ષે પુરુષોની ફાઈનલ મેચ સ્પેનના રફેલન્ડાલ તથા રશિયાના મેડવેડેવ તથા મહિલાઓની ફાઈનલમેચ અમેરિકાની સેરેના વિલિયમ્સ તથા કેનેડાની બેએન્કા એન્ડ્રેસ્કયુ વચ્ચે રમાઈ હતી.

**ભારતનો દેખાવ**

આ વર્ષે યુએસ ઓપનમાં ૨૧ વર્ષ બાદ ભારતના બે ખેલાડીઓ ગ્રાન્ડસ્લેમ 'મેન્સ સિંગલ્સ' ના મેઈન ડ્રોમાં પ્રવેશ મેળવ્યો હતો-આ ખેલાડીઓ હતા સુમિત નાગલ તથા એસ. ગુન્નાસ્વરન. છેલ્લે ૧૯૯૮માં વિમ્બલ્ડનમાં 'મેન્સ સિંગલ્સ'ના મેઈન ડ્રોમાં લિએન્ડર પેસ અને મહેશ ભુપતિની પસંદગી થઈ હતી. આ વર્ષે સુમિત નાગલની પ્રથમ મેચ સ્વિટ્ઝરલેન્ડના લેજન્ડરી ખેલાડી રોજર ફેડરર સામે હતી અને તેમાં સુમિત નાગલે પ્રથમ સેટ જીતીને ઇતિહાસ સર્જ્યો હતો, કારણ કે રોજર ફેડરર સામે સેટ

જીતનાર તેઓ પ્રથમ ભારતીય ખેલાડી હતા. સુમિત નાગલની રમતથી ફેડરર ખૂબજ પ્રભાવિત થયા હતા અને નાગલની કારકિર્દી ઘણી ઉજ્જવળ રહેશે એવી આશા વ્યક્ત કરી હતી. બાકીની ત્રણ સેટ હારી જવાથી સુમિત નાગલ ટુર્નામેન્ટની બહાર થઈ ગયા હતા. આ વર્ષે એસ. ગુન્નાસ્વરનની પ્રથમ મેચ રશિયાના મેડવેડેવ સામે હતી અને તેમાં ગુન્નાસ્વરન સીધા ત્રણ સેટોમાં હારી ગયા હતા. આ રીતે 'મેન્સ સિંગલ્સ'માં ભારતના બન્ને ખેલાડીઓ પહેલા જ રાઉન્ડમાં હારી ગયા હતા. આ વર્ષે 'મેન્સ ડબલ્સ'માં ભારતના લિએન્ડર પેસે આર્જેન્ટીનાના ડુરાન સાથે જોડી બનાવી હતી. પેસ અને ડુરાનની જોડી પ્રથમ રાઉન્ડમાં જ સર્બિયાના કેમાનોવિચ અને નોર્વેના કાસ્પર રૂડની જોડી સામે હારીને ટુર્નામેન્ટની બહાર થઈ ગઈ હતી. આ વર્ષે 'મેન્સ ડબલ્સ'માં ભારતના રોહન બોપન્નાએ કેનેડાના ડેનિસ શાપેવાલોવ સાથે જોડી બનાવી હતી. આ જોડીએ સરસ રમત બતાવીને પ્રથમ રાઉન્ડમાં ફ્રાન્સના નિકોલસ માહુત અને હેબેર્ટની જોડીને હરાવીને આગેકૂચ કરી હતી. પરંતુ ત્રીજા રાઉન્ડમાં બોપન્નાની જોડી નીલ સ્કપરની તથા જેમી મરેની જોડી સામે હારી ગઈ હતી. આ રીતે જ 'મિક્સડબલ્સ'માં રોહન બોપન્ના અને સ્પિયર્સની જોડી ફેબ્રિસ માર્ટિન અને રેકવલ ઓટાવોની જોડી સામે હારી ગઈ હતી. આ રીતે આ વર્ષે યુએસ ઓપનમાં ભારતનો દેખાવ સામાન્ય કક્ષાનો રહ્યો હતો.

**વિમેન્સ સિંગલ્સ ફાઈનલ**

આ વર્ષે યુએસ ઓપનમાં 'વિમેન્સ સિંગલ્સ'ની ફાઈનલ સ્પર્ધા અમેરિકાની લેજન્ડરી ખેલાડી સેરેના વિલિયમ્સ તથા કેનેડાની બિએન્કા એન્ડ્રેસ્કયુ વચ્ચે રમાઈ હતી. ફાઈનલમાં કેનેડાની ૧૯ વર્ષીય ટેનિસ સ્ટાર બિએન્કા એન્ડ્રેસ્કયુએ અમેરિકાની ૩૭ વર્ષીય દિગ્ગજ સુપરસ્ટાર સેરેના વિલિયમ્સને સીધા સેટોમાં ૬-૩, ૭-૫થી હરાવીને યુએસ ઓપન વિમેન્સ સિંગલ્સ ટાઈટલ જીતી લીધું હતું. આ સાથે એન્ડ્રેસ્કયુ કેનેડાની એવી સૌપ્રથમ ટેનિસ ખેલાડી બની ગઈ હતી કે, જે ટેનિસમાં મેજર સિંગલ્સ ટાઈટલ જીતી હોય. જ્યારે સેરેના વિલિયમ્સને સતત ચોથી ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશીપની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો. એટલું જ નહિ પણ આ હારની સાથે ૨૪મું ગ્રાન્ડ સ્લેમ અને સાતમું યુએસ ઓપન ટાઈટલ પણ ચૂકી ગઈ હતી યુએસ ઓપનના મેઈન ડ્રોમાં કારકિર્દીમાં પહેલી વખત રમતા જ ચેમ્પિયન બની હોય તેવી ઓપન એરાની સૌપ્રથમ ખેલાડી તરીકેનો અનોખો રેકોર્ડ કેનેડાની એન્ડ્રેસ્કયુએ નોંધાવ્યો હતો. ઓપન એરા ૧૯૬૮માં શરૂ થયો હતો, ત્યારે પ્રોફેશનલ ખેલાડીઓને ગ્રાન્ડસ્લેમ ટુર્નામેન્ટસમાં ભાગ લેવાની પરવાનગી આપવામાં હતી. એન્ડ્રેસ્કયુ છેલ્લા ૧૩ વર્ષમાં મેજર સિંગલ્સ ટાઈટલ જીતનારી સૌપ્રથમ ટીનએજર છે. છેલ્લે ૨૦૦૬માં શારાપોવાએ આવી સફળતા હાંસલ કરી હતી.

**મેન્સ સિંગલ્સ ફાઈનલ**

આ વર્ષે યુએસ ઓપનમાં 'મેન્સ સિંગલ્સ'ની ફાઈનલ મેચ ખૂબ જ અનુભવી ખેલાડી સ્પેનના રફેલ નડાલ તથા કોઈપણ ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં સૌપ્રથમ રમનાર રશિયાના ડેનિયલ મેડ્વેડેવ વચ્ચે રમાઈ હતી. ફાઈનલમાં ભારે ચઢાવ-ઉતાર તેમજ ટેનિસપ્રેમીઓના શ્વાસ થંભાવી દે તેવા રોમાંચક મુકાબલા બાદ રશિયાના ડેનિયલ મેડ્વેડેવને હરાવી સ્પેનના સુપરસ્ટાર રફેલ નડાલ વર્ષની ગ્રાન્ડસ્લેમ ટુર્નામેન્ટ યુએસ ઓપનમાં ચેમ્પિયન બન્યો હતો. ૪ કલાક ૫૦ મિનિટના મુકાબલા બાદ નડાલે મેડ્વેડેવને ૭-૫, ૬-૩, ૫-૭, ૪-૬, ૬-૪થી પરાજ્ય આપ્યો હતો.

રફેલ નડાલની કારકિર્દીનું આ ૧૯મું સિંગલ્સ ટાઈટલ હતું. આમ, મેન્સ સિંગલ્સમાં સૌથી વધુ ૨૦ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતનાર રોજર ફેડરરના રેકોર્ડની બરાબરી કરવાથી નડાલ હવે એક ટાઈટલ દૂર છે. અત્યાર સુધીમાં રફેલ નડાલ ફ્રેન્ચ ઓપનમાં ૧૨, યુએસ ઓપનમાં ૪, વિમ્બલ્ડનમાં બે જ્યારે ઓસ્ટ્રોલિયન ઓપનમાં એકવાર ચેમ્પિયન બન્યો છે. બીજી તરફ ૨૩ વર્ષીય રશિયાના ડેનિયલ મેડ્વેડેવને લડાયક દેખાવ છતાં કારકિર્દીના પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ માટે રાહ જોવી પડશે. વિજય બાદ રફેલ નડાલે જણાવ્યું હતું કે, ''સૌથી વધુ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતવાના રેકોર્ડ સાથે ટેનિસમાંથી વિદાય લેવાનું મારું લક્ષ્ય છે.''

દર વર્ષની જેમ આ વર્ષે પણ યુએસ ઓપનનું ખૂબ જ સારી રીતે આયોજન કરવામાં આવ્યું હતું અને એ બદલ બધા જ આયોજકોને અભિનંદન અને આ રીતે કહી શકાય કે યુએસ ઓપન એટલે યુએસ ઓપન!

**છેલ્લા દસકાના યુએસ ઓપન વિજેતાઓ**

નીચે યુએસ ઓપનના છેલ્લા દસકાના વિજેતાઓની

વિગત આપવામાં આવી છે. આશા છે કે આ વિગત દરેક વાચકને ખૂબ જ રસપ્રદ લાગશે.

| વર્ષ | પુરુષો | દેશ |
|---|---|---|
| ૨૦૧૦ | રફેલ નડાલ | સ્પેન |
| ૨૦૧૧ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૨ | એન્ડી મરે | બ્રિટન |
| ૨૦૧૩ | રફેલ નડાલ | સ્પેન |
| ૨૦૧૪ | મરિન સિલિક | ક્રોએશિયા |
| ૨૦૧૫ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૬ | એસ. વીવરિન્કા | સ્વિટ્ઝરલેન્ડ |
| ૨૦૧૭ | રફેલ નડાલ | સ્પેન |
| ૨૦૧૮ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૯ | રફેલ નડાલ | સ્પેન |

| વર્ષ | મહિલાઓ | દેશ |
|---|---|---|
| ૨૦૧૦ | કિમ કલાઈસ્ટર્સ | બેલ્જીયમ |
| ૨૦૧૧ | સામન્થા સ્ટોસુર | ઓસ્ટ્રેલિયા |
| ૨૦૧૨ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૩ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૪ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૫ | ફલાવિયા પેનેટા | ઈટાલી |
| ૨૦૧૬ | એંજલિક કેબેર | જર્મની |
| ૨૦૧૭ | સ્લોએન સ્ટેફન્સ | અમેરિકા |
| ૨૦૧૮ | નાઓમી ઓસાકા | જાપાન |
| ૨૦૧૯ | બિએન્કા એન્ડ્રેસ્કયુ | કેનેડા |

B-1 Swiss Avenue, Patel Colony, Opp
Manekbaug Hall, Ambawadi,
Ahmedabad-380 015. (R) 079-26564650
(M) 9898870840

।। વિદ્યાવૃત્ત ।।

## વિ. પી. સાયન્સ કોલેજમાં જિલ્લા પોલીસ વડા દ્વારા કાનૂની માર્ગદર્શન યોજાયું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત વિ.પી. સાયન્સ કોલેજના વુમન ડેવલોપમેન્ટ સેલ, એન્ટી રેગીંગ સેલ, તેમજ ઈકવલ ઓપરચ્યુનીટી સેલના સંયુકત ઉપક્રમે કોલેજના સેન્ટર હોલમાં જિલ્લા પોલીસ વિભાગનું કાનૂની માર્ગદર્શન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વુમન ડેવલોપમેન્ટ સેલના કો. ઓડીનેટર શ્રીમતી શ્રીરંજની મેનોને મહેમાનોનો સ્વાગત પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ સાઈબર સીકયુરીટી એકસપર્ટ મનીષભાઈ જૈન દ્વારા વિદ્યાર્થીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી સાયબર ક્રાઈમ વિષે વિસ્તૃત રીતે સમજણ આપતાં જણાવેલ કે આજના યુવાનો ખાસ કરીને મોબાઈલ તેમજ ઈન્ટરનેટનો વધુમાં વધુ ઉપયોગ કરે છે. ત્યારે કઈ બાબતો પરત્વે ધ્યાન રાખવું જોઈએ. ખાસ કરીને ફેસબુક, વૉટસઅપ, ટવીટર વિગેરે. સોસીયલ મીડીયાનો ઉપયોગ કરતી વખતે કઈ બાબતોની સાવચેતી રાખવી તેમજ ફેક યુઝર આઈ-ડી કયારે પણ ન બનાવવાની કાયદાકીય સમજણ આપી હતી. તેમજ હાલના તબક્કે ઈન્ટરનેટ બેન્કીંગથી અજાણી વ્યકિત કઈ રીતે તમારા એકાઉન્ટમાંથી ફ્રૉડ કરી નાણા ટ્રાન્સફર કરી લે છે. તેના માટે તમારે કઈ કઈ તકેદારી રાખવી તેની વિગતવાર માહિતી આપી હતી.

જિલ્લા પોલીસવડા શ્રી મકરંદ ચૌહાણે જણાવ્યું હતું કે આજના યુવાનો અને યુવતીઓ શિક્ષણ મેળવવાની સાચી દિશામાં જવાને બદલે સોસીયલ મીડીયાનો વધુ પડતો ઉપયોગ કરવાથી દિશાહિન માર્ગે દોડી જઈ ગૂનાહિત કૃત્ય કરીને કારકીર્દીને બરબાદ કરતાં હોય છે. તે માટે સાચી કાનૂની સલાહ આપી વ્યસન મુકત બની ભવિષ્યના ભારતના સારા નાગરિક બની પોલીસ સર્વીસીસ જેવી કોમ્પીટેટીવ પરીક્ષાઓ પાસ કરી દેશની સેવાઓમાં જોડાવવા માટે નું માર્ગદર્શન આપ્યું હતું.

ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી ડૉ. એસ. જી. પટેલે આ કાર્યક્રમ કરવા બદલ કોલેજ તેમજ પોલીસ વિભાગને અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ હાજર રહી માહિતી મેળવી હતી. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. ભાવેશ પટેલના માર્ગદર્શન હેઠળ વુમન ડેવલપમેન્ટ સેલના કૉ. ઓડીનેટર શ્રીમતી શ્રીરંજની મેનોન, એન્ટી રેગીંગ સેલના કૉ. ઓડીનેટર ડૉ. પરેશ વ્યાસ, ઈકવલ ઓપરચ્યુનીટી સેલના કૉ. ઓડીનેટર ડૉ. પી. એમ. પટેલના સંયુક્ત ઉપક્રમે યોજાવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. રીની રીઝી, તસ્કીમ પઠાણ તેમજ સૃષ્ટિ પટેલે કર્યું હતું.







ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની આર્ટ્સ કોલેજમાં ચારુતર વિદ્યામંડળના ચેરમેન ઇજનેર ભીખુભાઈ પટેલની અધ્યક્ષતામાં, માનાર્હ સહમંત્રી પ્રિ. આર.સી.તલાટી સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં તથા ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના જોઇન્ટ કમિશ્નર શ્રી નારાયણ માધોની ઉપસ્થિતિમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ૧૮ માં કુલપતિ તરીકે પુનઃનિયુક્તિ પામનાર ડૉ. શિરીષ કુલકર્ણીના સન્માન સમારોહ પ્રસંગે લેવાયેલ વિવિધ તસવીરો. તસવીરમાં કુલપતિશ્રીનું સન્માન કરતા તથા પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા અધ્યક્ષશ્રી દૃષ્યમાન થાય છે.






ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી, વલ્લભવિદ્યાનગરમાં શાળાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના કન્વીનરશ્રી જીતેન્દ્ર મહેતા, શ્રી કિંજલકુમાર જોષી અને શ્રી અનિલભાઈ પટેલ દ્વારા ''આગ અંગેની મોકડ્રીલ''નું આયોજન આણંદ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન વિભાગના મામલતદાર શ્રીમતી મહેશ્વરીબેન રાઠોડ, જિલ્લા ડીઝાસ્ટર પ્રોજેક્ટ ઓફિસર શ્રી વિમલભાઈ તિવારી, આણંદ નગરપાલિકા ફાયર સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી ધર્મેશભાઈ ગોર સાહેબ તથા તેમની ટીમ અને વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા ફાયર ટીમ અને  ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ જિલ્લા કન્વીનરશ્રી અમાનતઅલી અને ટીમના સભ્યો, બાકરોલ પી.એચ.સી.ના ડો.રાજેશભાઈ પટેલ, ૧૩-ગુજરાત એન.સી.સી.બટાલિયન વલ્લભવિદ્યાનગર તથા વલ્લભવિદ્યાનગર પોલીસ સ્ટાફનાં સહયોગથી કરવામાં આવ્યું. આ નિમિત્તે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ.એસ.જી.પટેલ તથા શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર તસવીરમાં દૃષ્યમાન થાય છે

October 2019

V-Vidyanagar 21 (10)
Published on 05.10.2019
No. of Pages 44 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**

Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)